
આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક
સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી : બચુભાઈ રાવત
કુમાર
અંક ૨૦૯



ચિત્રો

પંચવર્ષી યોજનાના મેરાયામાં પ્રજાના પુરુષાર્થનું તેલ	પૂઠું 'ચન્દ્ર'
પરદેશી એલચીઓને મુલાકાત આપતો બાબર (ત્રિરંગી)	મુઘલકલમ
એ સનાતન કથા — કલાકાર: પ્રદ્યુમ્ન તન્ના	ત્રિરંગી મુખચિત્ર
તારા : બૌદ્ધકાલીન શિલ્પ અને ધાતુમૂર્તિઓ	પાછલી આર્ટપ્લેટ
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ	"

કાવ્યો

તું	રાજેન્દ્ર શાહ	૪૭૧
પ્રાર્થના	હેમન્ત દેસાઈ	૪૭૧
પ્રીત	મહેન્દ્ર વ્યાસ 'અચલ'	૪૭૧
એક તું	જશવંત લ. દેસાઈ	૪૭૧
શા ઓરતા?	જસુભાઈ શાહ	૪૭૧

ચરિત્ર

ગગા ઓઝા		૪૭૨
હેલનકેલર (જીવનચિત્ર)		૪૭૮-૪૭૯

વાર્તા-નાટિકા

શ્યામરંગ સમીપે (નાટિકા)	રમણલાલ ચી. શાહ	૪૭૭
દેવો ધાધલ (ચાલુ વાર્તા)	'સુકાની'	૫૦૧

લેખો

કૉલેરા (માંદગીનાં મૂળ-૩૨)	ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી	૪૮૧
દેવાંગણ	ડૉ. પ્રિયબાળા શાહ	૪૮૩
અગસ્ત્યને પગલે	નવનીત પારેખ	૪૮૫
આલ્પના : બંગાળી રંગોળી		૪૮૯
આંદામાન		૪૯૫

વિભાગો


પચ્ચીસ વર્ષ પહેલાં		૪૯૭
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ	બલવન્ત ભટ્ટ	૫૦૦
ટિકિટસંગ્રહ		૫૧૦
માધુકરી (રાજેન્દ્ર શાહ, સાબુચોખા, આણુગૃહ, ભાલની જમીન)		૫૧૧
ગોકળગાય (આપણાં જંતુઓ : ૧૩)		૫૧૧
આ માસ ઇતિહાસમાં (વ્યક્તિવિશેષ : કવિ કીટ્સ)		૫૧૫
પત્રમિત્રવિભાગ		૫૧૬
છેલ્લું પાનું		૫૧૮

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત

મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો



બગીચામાં પરદેશના એલચીઓને મુલાકાત આપતો બાબર
[બ્રિટિશ મ્યૂઝિયમમાં સંગ્રહાએલી ‘બાબરનામા’ની પ્રતમાંનું એક ચિત્ર]

બાબર અને તેની પછીના બાદશાહોના વખતમાં હિંદમાં વિકસેલી કલાની જે શૈલી મુઘલ કલાને નામે ઓળખાય છે, તેનાં મૂળ તો તૈમુરના સમયથી હિંદમાં આવવા માંડેલા મુઘલોના ઈરાની કલાસંસ્કારમાં રહેલાં છે. બાબરના મૃત્યુ પછી દેશવટે ગએલો હુમાયૂં જ્યારે હિંદ પાછો આવ્યો ત્યારે પોતાની સાથે ચુનંદા ઈરાની કલાકારોને લેતો આવેલો. તેમની સાથે મળીને તથા તેમની પરંપરામાં સંલગ્ન થઇને ભારતના હિંદુ ચિત્રકારોએ કલારસિક મુઘલ બાદશાહોના આશ્રયે લગભગ બેએક સદી સુધી આ સમૃદ્ધ કલાપ્રવાહ વહેવડાવ્યો. એની ખાસ વિશિષ્ટતા તેની ઝીણવટ, સફાઈ અને ચોક્કસાઈ, તથા વિસ્તૃત કથનશૈલીમાં રહેલી છે. માનવ-તસ્વીરોની આબેહૂબતા, પક્ષી-પ્રાણીની તાદૃશતા અને એકે-એક વિગતની બારીક નોંધણીમાં મુઘલ કલા બીનહરીફ રહી છે. આ ચિત્રની પ્રકાશમાન, ભભકરંગી સૃષ્ટિ તથા વિગતો-ની ભરચક્ક નકસીમાં ઈરાની કલાનો સ્પષ્ટ પાશ છે. જોકે ઈરાની કલાનું અમુક ખુલ્લાપણું અહીં કમી થઇને મુઘલ ચિત્રો એક પ્રકારનો નકશો કે ગીચ ભરેલી આકૃતિઓની ચાદર બની જાય છે. કોઈ પણ વિષયનું ચિત્ર ઉપાડતાં આ ચિતારા અચકાતા નથી. પર્સ્પેક્ટિવ(દૃષ્ટિનિયમો) કે છાયા-પ્રકાશનાં ધોરણ તેમને નડતાં નથી. આજકાલના પર્સ્પેક્-ટિવ શોધનારા તેનો ખરો રસ નહિ પામે; પણ એમનામા સાચું બયાન આપવાની અજબ શક્તિ હતી, તથા દૃશ્યની વિશાળતા અને અંતરનું ભાન બતાવવાની સચોટ રીત હતી. ત્રણ તબક્કામાં વહેંચેલા આ ચિત્રમાં વઝીર બાદશાહને એલચીઓનો પરિચય કરાવે છે, બાદશાહ તેમને આવકારે છે, આગળ ભેટસોગાદો પડેલી છે, નીચે કોઈ વૃદ્ધ અમીર મોડોમોડો દરબારમાં ધસમસ્યો આવે છે; નીચેના ભાગ-માં બગીચાની દીવાલની બહાર અનુચરો બાદશાહના શોખનાં પશુપ્રાણી લઈ ઊભા છે; ઉપર બગીચાનો પાછળ-નો ભાગ ડોલતાં ઝાડ અને ઊડતાં પંખીથી ચેતનવંત છે. આવી વિસ્તૃત વર્ણનશક્તિ સાથે એમણે કેટલી પ્રામાણિ-કતા અને ઝીણવટથી માણસોના ચહેરા, પોશાક અને હથિયારની વિગતો, પ્રાણીઓ અને તેના સાજ વગેરેની નોંધો ઊતારીને આપણે માટે સંઘરી છે!



એ સનાતન કથા : ચિત્રકાર પ્રદ્યુમ્ન તન્ના (કલાકાર તથા શ્રી ચિનુભાઈ શીલચંદના સૌજન્યથી)

છેલ્લા થોડા સમય થયાં ભાઈ પ્રદ્યુમ્ન તન્નાનાં ચિત્રોથી વાચકો પરિચિત થતા આવ્યા છે. એતદ્દેશીય કલાપરંપરાનાં વિવિધ ઝરણાંઓમાંથી પ્રેરણા લઈને નિજી વ્યક્તિત્વવાળી આગવી શૈલી સર્જનારા આપણા કલાકારોમાં આ તરુણ કલાકારે માગ મુકાવવા માંડ્યો છે. ભારતના રંગદર્શી સાહિત્યમાં રાધાકૃષ્ણની કથા (બલ્કે જગતભરના સાહિત્યમાં પ્રિયતમ પ્રેયસીની પ્રણયકથા) એ સંસારની એક એવી સનાતન કથા છે, જેણે સહસ્રસહસ્ર કવિઓ—કલાકારોની ઊર્મિઓને આંદોલિત કરી છે. અહીં, ચિત્રના સાદા પટવિસ્તાર પર વૃંદાવનની વાટના સૂચક થોડાં અલ્પપર્ણ વૃક્ષો શોભનશૈલીએ મૂકીને, કૃષ્ણ રાધા અને સાહેલીઓની માત્ર આંખો દ્વારા કલાકારે ચિત્રનો આખો ભાવ વ્યક્ત કરી દીધો છે; પોતાને જે કહેવું છે તે બધું એ આંખોમાં જ મૂકી દીધું છે. પછી આલેખનની બીજી આળપંપાળમાં એ પડતો નથી. વેશભૂષા અને અંગવિન્યાસોમાં પણ નરી સાદી શોભનશૈલી જ છે. અને શૈલીના એ સાદગીને લીધે ચિત્રના કીલકરૂપ નેત્રસ્પંદવાડાર વધુ વેધક બને છે.

પ્રાર્થના

· મિશ્રોપજાતિ ·

તારા જ તે અંગુલિના ઈશારે
હ્યાં કાષ્ઠની પૂતળી શા અમારે
જો હોય નાચ્યે જ જવું, વિધાતા,
તો શેં તને નિત્ય જ પ્રાર્થીપ્રાર્થી
હીણા થઇને કરીને ખુશામત
વધારવું ઠાલું મહત્ત્વ તારું?

જો તું વળી હોય ખરે દયાળુ ને
સમાન પલ્લે યદિ ન્યાય તોળતો,
તો તો મને પ્રાપ્ત યથાધિકાર
થશે (અને એથી ન વાંછું ઝાઝું).

આત્મા છું હું યે, પરમાત્મ તું છો,
સહસ્રરશ્મિ! હું ય રશ્મિ તારું.
તારો જ છું અંશ—હું શક્તિમાન છું.
એનું કશું ગૌરવ દેહીને—મને.

આલંબને કોઇ જ જોઈતું ના
પ્રતીકનું વા રૂપનું ય બાહ્ય,
પર્યાપ્ત છું કેવળ હું—સ્વયં હું:
તો શેં કરું વ્યર્થ જ તારી પ્રાર્થના?!

હેમન્ત દેસાઇ

પ્રીત!

કોઈ પ્રીત કરી તો જાણે!
અંતરમાં આ શીતળ અગનને
કોઈ ભરી તો જાણે!–કોઈ૦


દિવસ ઊગ્યે બેચેન રહેવું,
રાત પડે મટકું ના લેવું,
ખોવાયા ખોવાયા જેવી,
પળપળને વિતાવી દેવી;
જીવતે જીવત આમ જીવનમાં
કોઈ મરી તો જાણે!–કોઈ૦

દુનિયાની તીરછી દૃષ્ટિમાં,
વેધક વાણીની વૃષ્ટિમાં,
મસ્ત બનીને ફરતા રે'વું,
મનનું કૈં મન પર ના લેવું,
ખુલ્લે પગ કંટકભર પથ પર
કોઈ ફરી તો જાણે!–કોઈ૦

મોજાંઓના પછડાટોથી,
ઝંઝાનિલના આઘાતોથી,
નૌકા જ્યાં તૂટી પણ જાયે,
સાગર જ્યાં રૂઠી પણ જાયે,
એવા ભર સાગરમાં ડૂબી
કોઈ તરી તો જાણે!...
કોઈ પ્રીત કરી તો જાણે!

મહેન્દ્ર વ્યાસ 'અચલ'

તું



· વૈતાલીય ·

બળતા દવ કેરી મૂર્છના
પછી તારો હિમસ્પર્શ કોમલ;
ડમરી-ધૂળ શ્વાસ ને દગ
ભરતી, ત્યાં તું હિ વર્ષતો જલ.

પ્રલયે અવની ડૂબે પણ
પ્રગટે આવધિનાં પછી ફલ,
નહિ સૂર્ય, ન ચંદ્રરશ્મિ ત્યાં
તિમિરે તું ધ્રુવ-તેજ નિર્મલ.

અવકાશ—બહારનું અને
ઉરનું—તે પણ તું અનર્ગલ,
સ્ફુરતું ઈહ ગાન તું મહીં
લય પામે વળી ત્યાં જ કેવલ.

રાજેન્દ્ર શાહ

એક તું

· ખંડ હરિગીત ·

નાક ચીબું કોકનું,
ને કોઇનું તો ભાલ સાવ જ કોડિયું:
કો નિહાળે માલકું,
ને કોઇ કાળી મેશથી તો સ્હેજ ગોરું.

એ સહુને હોય એવું કોઈ જો કહેતું,
ને તો ય સહુની પ્રીતનું ભાજન થતું.
—એવું કહી પૃથ્વીપટે જો ઢૂંઢતાં કોઈ મળે,
તો એક તું દર્પણ! ખરે!

જસવંત લ. દેસાઇ

શા ઓરતા?

· પરંપરિત હરિગીત ·

જ્યારે હતી સંગાથની
ઝાઝી જરૂર,
ત્યારે જ બસ
મારી જ છાયા
એકલો અંધારમાં
છોડી મને ચાલી ગઈ;
તો કોઇએ દીધો ન દીધો સાથ
તેના શા નકામા ઓરતા?

જસુભાઈ શાહ

માથાભારે વિરોધીઓ અને કાબેલ બ્રિટિશોના સકંજામાંથી પણ પોતીકા હક્કોને છોડાવી લાવીને

ઈ. ૧૮૦૫ની ૨૧મી ઑગસ્ટ (સં.૧૮૬૧ ને શ્રાવણ વદિ૧)ના રોજ ઘોઘા પાટણના અભિજાત વડનગરા નાગર કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. તેમનાં માતુશ્રીનું નામ અજયબા હતું. ભાંડુમાં તેમને મોટા ભાઈ વેણીલાલ અને બહેનો અચીબા તથા રાજુબા હતાં. માત્ર દોઢ વર્ષની કાચી વયે તેમનાં માતુશ્રીનું અને તેર વર્ષની વયે પિતાશ્રીનું અવસાન થતાં, તેમના મામા ભવાનીદાસ અને મામી આદિત્યબાની છાયામાં તેઓ ઊછર્યા. ગરીબાઈ ને નિરાધારતા જેવી આપત્તિઓએ તેમના શૈશવમાં જ તેમને પરચો બતાવ્યો, પરંતુ ગૌરીશંકરે તો એમને ગુરુપદે સ્થાપીને તેમની પાસેથી પગભર થવાનું શિક્ષણ મેળવ્યું.સ્થાનિક ગામઠી શાળામાં થોડું શિક્ષણ લીધું, પરંતુ વધુ અભ્યાસ કરી શકવાની સ્થિતિ ન હતી. એ સમયના કોઇ ઉપાધ્યાય પાસેથી તેમણે સંસ્કૃતનું, અને અગ્નિહોત્રી મોટા ભાઈ પાસેથી બ્રાહ્મણોચિત કર્મકાંડનું શિક્ષણ મેળવ્યું હતું. તરવાનો શૉખ પ્રથમથી જ હતો અને અગાધ જળમાં કુશળતાપૂર્વક તરી શકતા. તેમના સહાધ્યાયી ને મિત્ર મનોહરદાસ વસાવડા વેદાંતના અભ્યાસી અને કવિ હતા, અને તેમના સંપર્કથી જ એમની વેદાંત તરફની રુચિ વધેલી. શ્રી મનોહરદાસે ઉત્તરાવસ્થામાં સંન્યાસ લીધેલો અને 'સચ્ચિદાનંદ બ્રહ્મતીર્થ' નામ ધારણ કરેલું. શ્રી મનોહરદાસની કવિતાનું 'મનોહરમાળા' નામે સંકલન' પણ એમણે પ્રકટ કરાવ્યું હતું.

શ્રી ગૌરીશંકર ઘણા નાના હતા ત્યારે તેમના કવિતારસિક મામા શ્રી માધવજીભાઈએ તેમને વિષે એક કવિતા લખી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી:

'ગુણનિધિ ગૌરીશંકર બુદ્ધિએ થાશે બંકો;
હાંકી કાઢશે હેડ દેશમાં દેશે ડંકો.'

અને શ્રી ગૌરીશંકરે મોટપણે એ ભવિષ્યવાણીને અક્ષરશઃ સાચી પાડી.

પિતા ઉદયશંકરના સ્વર્ગવાસ પછી ૧૪ વર્ષની વયે (ઈ. ૧૮૧૯માં) તેમણે કાપડના વેપારી તરીકે ગામમાં ધંધો શરૂ કર્યો. પરંતુ નાણાંની તંગીને કારણે તે છોડીને ૧૭મે વર્ષે (ઈ. ૧૮૨૨માં) માસિક રૂા. ૬ના દરમાયાની ભાવનગર રાજ્યની નોકરી સ્વીકારી. તે વખતના કારભારી શ્રી સેવકરામે વડોદરા પોલિટિકલ રેસિડેન્ટ પાસે જતાં કિશોર ગૌરીશંકરને સાથે લીધેલા. આ યોગાનુયોગે શ્રી સેવકરામ ઉપર તેમની બુદ્ધિમત્તાની સુદૃઢ છાપ પાડી, અને તેમને કુંડલાના વહીવટદાર નીમ્યા.

તેમનાં લગ્ન ઘોઘાના ધનપતિ શ્રી વ્રજલાલ રતનજીનાં પુત્રી કસળીબેન સાથે થયાં હતાં, જેમની કૂખે સં. ૧૮૯૪ અને ૧૯૦૦માં અનુક્રમે વિજયશંકર તથા પ્રભાશંકર નામે બે પુત્રોનો જન્મ થયો. શ્રી વિજયશંકર તો એમના અનુગામી રાજ્ય-પ્રધાનોમાંના એક હતા.

એક બાજુ બ્રિટિશ સરકારની કદમબોશી, ને બીજી બાજુ માથાભારે કાઠી ખુમાણોની નિરંકુશતા, એ બે વચ્ચે મૂંઝવણ અનુભવતા સેવકરામ કારભારીને ગૌરીશંકરની નિમણૂકથી ઠીક રાહત મળી. પોતાનું કૌશલ દર્શાવવા જાણે તે લાગ જ ન શોધતા હોય તેમ ત્યારના નિરંકુશ ગણાતા હાડા અને જોગીદાસ ખુમાણના જાતિનાલોકોને તેમણે કળબળથી અંકુશમાં આણ્યા, અને પોતાની દેખરેખના વિસ્તારને પૂરો સલામત બનાવ્યો. શ્રી સેવકરામભાઇ જ્યારે રાજકાજમાંથી નિવૃત્ત થયા ત્યારે ખુદ ભાવનગરના રાજાએ જ શ્રી ગૌરીશંકરની કાર્યકુશળતાની કદર કરીને તેમને રાજ્યના કારભારી નીમ્યા. પોતાની કામગીરી બતાવવાને વધુ વિશાળ ક્ષેત્ર મળ્યું હોઇ હવે તેમની શક્તિ પૂર્ણપણે ખીલી ઊઠી, અને પહેલું કામ તેમણે રાજ્યમાં પ્રવર્તતાં અંધેર અને દુરવસ્થાને નામશેષ કરવાનું આરંભ્યું.

ઠાકોર વખતસિંહજી સામેના ભાવનગરના એક વેપારીના રૂા. ૧૧,૭૭,૫૦૦ના અદાલતે ચડેલા દાવાનો ચુકાદો સજાગ અને સચોટ રજૂઆત દ્વારા તેમણે બબ્બે વાર રાજ્યની તરફેણમાં મેળવ્યો હતો.

મહુવા પરગણામાં ખાસિયા કોળીઓએ નિપજાવેલી તારાજીને પરિણામે ઊભી થએલી કટોકટીના નિવારણ અર્થે, આ ટોળીના તોફાનીઓને ભાવનગર રાજ્યની હકૂમતના વિસ્તારમાંથી કાઢવા માટે બ્રિટિશ સરકારનો સાથ મેળવવા ઠાકોર સાહેબે શ્રી ગૌરીશંકરને મુંબાઈ મોકલ્યા, જ્યાં છ માસ રહી તેમણે એવી સફળ રીતે એ કામ પાર પાડ્યું કે ભાવનગર પાછા ફરતાં જ તેઓ રાજ્યના નાયબ કારભારી (નાયબ દીવાન) નિમાયા, ૧૮૩૯. અને ઈ. ૧૮૩૯ થી ૧૮૪૬ સુધી આ હોદ્દા પર રહી તેમણે રાજ્યના 'રેગ્યુલેશન' વિભાગો અને 'રાજકીય' વિભાગો વચ્ચેના ટંટાનો નિકાલ આણ્યો.

તેમનાં ચાતુર્ય, બુદ્ધિ-તેજસ્વિતા, પ્રામાણિકતા, કાર્યદક્ષતા, નીડરતા અને રાજ્યભક્તિની અસાધારણતા જોઇને ઠાકોર સાહેબે તેમને ઈ. ૧૮૫૦માં ભાવનગર રાજ્યના દીવાન નીમ્યા. તેમના પૂર્વાધિકારી અમાત્ય શ્રી પરમાનંદદાસ તેમનાં બહેન રાજુબાના પતિ હતા.

ભાવનગર રાજ્યને પગભર કરવાનો સર્વ યશ શ્રી ગૌરીશંકરને ફાળે જાય છે. આરબ સીબંદીઓની ફોજનાં રાજ્ય પર ચડેલાં પગારનાં લેણાં નાણાં ન મળતાં સીબંદી જમાદાર નાસિરે ભાવનગરની સત્તા તળેના મહુવા મહાલનો બળજબરીથી કબજો મેળવેલો. બીજા વેપારીઓનાં લેણાંનો સરવાળો થતો હતો લગભગ સોળ લાખ રૂપિયા! રાજ્ય સામેના ખટલાઓના સતત આવતા રહેતા સમન્સનો જ માસિક દોઢ હજાર રૂપિયાનો ખર્ચ રાજ્યને ભોગવવો પડતો! બ્રિટિશ મૉસલ (સશસ્ત્ર ઉઘરાવનાર)ની ગંજાવર ફી પણ રાજ્યને ભરવી પડતી. પરંતુ સહુ લેણદારો સાથે સમાધાન કરીને કે રૂપિયા આના પાઈમાં હિસાબ ચૂકવી આપીને, સમયસૂચકતા વાપરીને તેમણે દેવાના અજગરની મોંફાડમાંથી રાજ્યને ઉગારી લીધું. સીબંદીઓને હફતેહફતે દેવાં ચૂકવી દઈ ૧૮૫૧ સુધીમાં ફળદ્રુપ મહુવા મહાલ ઠાકોરસાહેબના શાસન તળે સલામત બનાવ્યો. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ લૅંગને શ્રી ગૌરીશંકરે કરેલી અરજીની એવી તો સબળ છાપ પડી કે પરિણામે તેમણે બધી જ મૉસલો પાછી ખેંચી લીધી.

જૂનાગઢના નવાબે ભાવનગર રાજ્યની હકૂમતનાં ૭૬ જેટલાં ગામ પર પોતાનો દાવો ઠોકી બેસાડયો હતો. તેનો ચુકાદો જ્યારે અદાલતમાં પણ જૂનાગઢની તરફેણમાં ગયો ત્યારે શ્રી ગૌરીશંકરે અથાગ જહેમત ઉઠાવીને કર્નલ લૅંગની દરમિયાનગીરીથી પંચ નિમાવ્યું અને એવો ન્યાયી ચુકાદો મેળવ્યો કે જૂનાગઢ ફક્ત નવ હજાર રૂપિયાની પેશકશીનું જ (અને વાર્ષિક ૩ લાખ રૂપયાની આવક આપતાં આ ગામોનું નહિ) હકદાર છે.ઈ.૧૮૧૫થી ભાવનગર સંસ્થાનનાં ઘોઘા-ધંધુકા પરગણાંનાં બ્રિટિશ હકૂમત તળે ગએલાં ૧૧૬ ગામોને પણ સખત અને સતત જહેમત આદરીને ૧૮૬૬ સુધીમાં ફરી ભાવનગર રાજ્યનાં જ અંગો બનાવીને તેઓ જંપ્યા. રાજ્યના ખટલા દરમ્યાન ખુદ ઠાકોર સાહેબને અદાલતમાં હાજર રહેવું પડતું, એ રાજવી મોભાનું ઓશિયાળાપણું તેમણે અમદાવાદ, મુંબાઈ ને સુરત જઇને બ્રિટિશ અમલદારોને સમજાવીને નિવાર્યું હતું.

સૌરાષ્ટ્રનાં અનેક ઇતર રાજ્યોને મુકાબલે તો કેટલાક ક્રાન્તિકારી, સુધારાઓ દાખલ કરીને તેમણે ભાવનગરને આદર્શ રાજ્ય બનાવ્યું. જેને 'શાળા' નામ આપી શકાય એવી એક પણ નિશાળ ત્યારે આખા સૌરાષ્ટ્રમાં ન હતી તેની જગ્યાએ શ્રી ગૌરીશંકરની કારકિર્દી દરમ્યાન

૮૦૦ પાદરની ઠકરાતમાંથી ભર્ગવંતું ભાવનગર રાજ્ય સર્જનાર અને સૌરાષ્ટ્રની રાજવટને પલટો આપનાર મંત્રિરત્ન

ગગા ઓઝા

'ગગા ઓઝા'—ગઇ સદીના ઉત્તરાર્ધમાં સૌની જીભે રમતા. આ નામનો ચમત્કાર જાદુઈ હતો. માત્ર ભાવનગરનો નહિ, પણ કાઠિયાવાડ-ગુજરાતનો અદનામાં અદનો ખેડુ એ નામથી જાણીતો, હિંદનું સમસ્ત રાજકારણ એ નામથી પરિચિત, અને બ્રિટિશ શાહાનશાહત સુધી એ નામ ધરગથ્થુ. સહુ ગગા ઓઝાને સંમાને, એમની પાસે નિજનિજનું દિલ ખોલે: નાના દરજ્જાના લોકોને માટે સાચી સલાહ મેળવવાનું એ જ એક આશ્રયસ્થાન, તો મોટા દરજ્જાના લોકો પણ એમનો પરામર્શ મેળવતાં અહોભાવ અનુભવે.


ગૌરીશંકર ઉદયશંકર ઓઝા

આવું લોકોત્તર વ્યક્તિત્વ ધરાવનાર શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝા ભાવનગર રાજ્યને ૮૦૦ પાદરના 'ઠાકરડા' સમામાંથી ૧,૮૦૦ પાદરનું નમૂનેદાર રાજ્ય બનાવનાર, તેના વિચક્ષણ બુદ્ધિપ્રતિભાસંપન્ન પ્રધાન તરીકે દેશખ્યાત છે. ને સાચે જ તેમની એ શક્તિ રાજકારણના ક્ષેત્રમાં માત્ર નોંધપાત્ર નહિ પણ સીમાસ્તંભરૂપ છે. હૈદરાબાદ રાજ્યના ભૂતપૂર્વ દીવાન સર સાલાર જંગ જેવા રાજ્યના સુવર્ણના સંરક્ષકો ઇતિહાસને પૃષ્ઠે પોતાની કામગીરી દ્વારા રાજ્યની સંપત્તિ ને સમુન્નત્તિને એકમાંથી એકવીસગણી કરી બતાવી ગયા છે. પણ શ્રી ગગા ઓઝાની પ્રતિભાની વિશિષ્ટતા તો એ કે તેમણે ગણ્યાંગાંઠ્યાં પાદરમાંથી નમૂનેદાર સમૃદ્ધ રાજ્ય ઊભું કર્યું, તૂટુંતૂટું થતા ઝૂંપડામાંથી ચમકારામાત્રમાં નમૂનેદાર અજબ ઇમારત ઊભી કરી દીધી, કહો કે શૂન્યમાંથી સર્જન કર્યું.

જ્યારે ખાલસાપદ્ધતિ, દત્તક ન લેવા દેવાનો કાનૂન વગેરેનો દબાણપૂર્વક અમલ કરાવીને હિંદી રાજ્યોને નિષ્કિંચન અને નિઃસત્ત્વ કરવાની પોતાની યોજના અંગ્રેજોએ વર્ષો અગાઉથી પૂર જોશમાં અમલમાં મૂકી દીધી હતી, જ્યારે ૧૮૫૭ના બળવાની હિંદી રાજ્યો માટે જીવલેણ નીવડેલી ભૂમિકાઓ સર્જાઇ રહી હતી, અંગ્રેજો અને દેશી રજવાડાં વચ્ચે અન્યમનસ્કતા અને અંટસનું ઝેરી વાતાવરણ પૂરું પ્રચારમાં હતું, ત્યારે અંગ્રેજો સાથે મીઠા સંબંધો બાંધીને સહાનુભૂતિ મેળવનાર જ માત્ર નહિ, પરંતુ તેમનો યે પોતા હસ્તકના રાજ્ય પર સ્નેહ-રાજ્ય જેવો ઉદાત્ત અનુગ્રહ મેળવનાર, અને વધુ તો તેમના તરફથી યે પરમ આદર પ્રાપ્ત કરનાર એ વિરલ વિભૂતિની કાર્યપ્રતિભા ઇતિહાસક્ષેત્રે સદાસર્વદા સ્મરણીય અને આદરણીય રહેશે.

પોતાના સંસર્ગમાં આવનાર ગમે તેવા લોહને પણ કાંચન બનાવી મૂકનાર પારસ રૂપ હતું તેમનું સમર્થ શક્તિસંપન્ન લોકોત્તર વ્યક્તિત્વ:–સર્વથા નિઃસ્પૃહ પરંતુ સર્વદા કાર્યાભિમુખ, સર્વથા આદર્શબદ્ધ પરંતુ સર્વદા વ્યવહારરૂઢ. ભારતીય તત્ત્વજ્ઞાનની તેમની વિદ્વત્તા અગાધ હતી. અને એ તત્ત્વદૃષ્ટિને જીવનના ઘટકે ઘટકમાં ચરિતાર્થ કરીને તેમણે પોતાનું લોકોતર વ્યક્તિત્વ ઘડયું હતું. એ વ્યક્તિત્વના સ્પર્શે ભાવનગર રાજ્ય ને રાજકારણ, જેનોજેનો સંસર્ગ થયો તે સર્વ ક્ષેત્રો રસાયાં. રાજાઓને પણ બ્રાહ્મણ ધર્મના સંસ્કાર રેડી તેઓ વિશુદ્ધ રાજવી બનાવી શકયા અને એ રીતે ભાવનગરની જ નહિ પણ ગોહિલવાડની અને સૌરાષ્ટ્રની રાજવટને પલટો આપ્યો. પરિણામે ગુજરાતભરમાં એક નિરાળી ઉદાત્ત સંસ્કારિતાની હવા જન્મી ને ફોરી. 'ગુજરાતની અસ્મિતા'નાં અનેકાંગોમાંના એકનું આ છે એક પ્રભવક મૂળ.

'સ્વરાજ્ય' મેળવ્યા પછી અત્યારે આપણને નિવારી ન શકાય એવી આવશ્યકતા 'સુરાજ્ય'ની છે. અને એ માટે શ્રી ગગા ઓઝા જેવા આપણા વૃદ્ધ સુરાજ્યજ્ઞો અને સુરાજ્યકારો પાસેથી આપણે ઘણુંઘણું શીખવાનું છે.

તળ ભાવનગરમાં બારેક ને સમગ્ર સંસ્થાનમાં સરવાળે સો નિશાળો ઉઘાડવામાં આવી. મહેસૂલની પદ્ધતિમાં તો તેમણે અગત્યના સુધારા દાખલ કર્યા. જમીનની તેમણે નવેસરથી ઝીણવટપૂર્વકની માપણી કરી અને મહેસૂલ ઉઘરાવવાની પદ્ધતિ એકહથ્થુ કરી, જેથી ખેડૂતનો હક છીનવાય નહિ અને શોષણ ફેલાતું અટકે. તેઓ કહેતા 'ભાવનગર રાજ્યનો ખેડૂત કરજથી મુક્ત હોય, તેનાં ખળાં દાણાથી ઊભરાઇ જાય, ખેતીના બળદો તે ઉત્તમ જાતના વસાવે, ગાડાં હળ વગેરે સાધનો સારી સ્થિતિમાં રાખે અને દરેક ખેડૂતની સ્ત્રી પગમાં રૂપાનાં કલ્લાં તથા સારાં લૂગડાં પહેરીને ત્રાંબા-પિત્તળનાં બેડાંથી જળાશયમાંથી પાણી ભરી લાવે, એવું જોવા હું આતુર છું.'

ન્યાયપદ્ધતિની પુનઃરચના કરવામાં આવી. બ્રિટિશ પીનલ કોડનો આધાર લઈને, એમાં સ્થાનિક સંગોગો મુજબ ફેરફારો કરીને રાજ્યને માટે એક 'કોડ' ઘડવામાં આવ્યો. રીતસરની અદાલતો સ્થપાઈ. પોલીસ-દળ પણ શિસ્તબદ્ધ તાલીમ સાથે તૈયાર કરવામાં આવ્યું. લૂંટારુ વર્ગનું રાજ્યમાં અસ્તિત્વ જ ન રહ્યું. ભાવનગરમાં એક સુવ્યવસ્થિત જેલ ચાલુ કરવાનું માન પણ શ્રી ગૌરીશંકરને ફાળે જાય છે.

એક જાહેર બાંધકામ ખાતું સ્થાપવામાં આવ્યું તથા એક નિષ્ણાત યુરોપિયન એન્જિનીઅરને તેનું સુકાન સોંપાયું. પ્રથમ કાર્ય શહેરને પૂરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવાનું હતું. આ પહેલાં પાણી માટે લોકોને પડતો ત્રાસ અસહ્ય હતો. દરિયાકિનારાના એ ગામ ભાવનગરમાં મીઠા પાણીના કૂવા બહુ ઓછા હતા. પાણી ઘીની માફક સંકોચ રાખીને લોકોને વાપરવું પડતું. આ તંગી સંપૂર્ણપણે ને સદાને માટે નિવારવા આશરે પાંચ માઈલનો ઘેરાવો ધરાવતું 'બોર તળાવ' બંધાવવાની વિરાટ યોજના તેમણે હાથ ધરી, જે પાછળ એકંદરે છ લાખ રૂપિયા ખરચાયા હતા. આ તળાવના નિર્માણ પાછળ શ્રી ગૌરીશંકરનો જ પ્રમુખ હિસ્સો હતો, તેથી વિધિપૂર્વક તેનું નામ 'ગૌરીશંકર તળાવ' રખાયું.



ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, સી. એસ. આઈ., ભાવનગર સંસ્થાનના મુખ્ય દીવાન

મહારાણી વિક્ટોરિયાની સુવર્ણ જયંતી પ્રસંગે સી. એસ. આઈ.ના ઇલકાબની (સૌરાષ્ટ્રના દીવાનોમાં સૌપહેલી) નવાજેશ થઈ. આ ઇલકાબ શ્રી ગૌરીશંકરને અર્પણ કરતાં મિ. પીલે પોતાને હાથે એ ક્રિયા થાય છે તેનું આત્મગૌરવ અનુભવતાં ઉચ્ચાર્યું: 'આ ચાંદ હું એવા દીવાનને અર્પણ કરું છું, જેમની શક્તિ અને સ્વતંત્ર વિચારસરણી માટે હું ગૌરવ અનુભવું છું. તેમનું ચારિત્ર્ય, નૈતિક બળ ને કુનેહ તેમના દરજ્જાના અન્ય લોકો માટે અનુકરણપાત્ર છે.' દિલ્હીમાં શાહી સંમેલન મળ્યું એ પ્રસંગે પણ તેમને એક રૌપ્ય ચન્દ્રક એનાયત થયો હતો.

તેમની કામગીરીની મહત્તાના કેટલાક ક્ષેપક આંકડા આ રહ્યા: ૮૦૦ પાદરનું ઠકરાત સમું રાજ્ય હતું તેને ૧૮૦૦ પાદરનું રાજ્ય બનાવીને સૌરાષ્ટ્રનું પ્રથમ વર્ગનું પ્રતિષ્ઠિત કર્યું. ભાવનગરની આવક આઠ લાખ રૂપિયાની હતી તે વધારીને ૩૨ લાખ સુધી પહોંચાડી. દીવાન બન્યા ત્યારે ભાવનગરનું ક્ષેત્રફળ હતું તેમાં તેઓ નિવૃત્ત થયા ત્યારે એક લાખ એકરનો વધારો થયો. વસતિ ત્રણ લાખની હતી તે તેમના કારભાર દરમ્યાન વધીને સવા ચાર લાખની થઈ.

અરધી સદીથી યે વિશેષ સમય-ફલક પર વિસ્તરેલા તેમના સમુજ્જ્વલ કર્મયોગનો કીર્તિકળશ તો હતો ઈ. ૧૮૭૯ની ૧૩મી જાન્યુઆરીએ (સં. ૧૯૩૫ની મકરસંક્રાન્તિને દિને) રાજકારભારની ધુરા પોતાના પૂર્વાધિકારી અમાત્ય પરમાનંદદાસના પુત્ર સામળદાસને સોંપી જાતે પ્રાચીન આર્યપરંપરા અનુસાર જ્ઞાનયોગ (સંન્યસ્ત) સ્વીકાર્યો તે.

શ્રી ગૌરીશંકરના રાજકારભાર અને પ્રધાનપદ દરમ્યાન ભાવનગરની ગાદીએ ચાર મહારાજાઓ આવી ગયા. મહારાજા વિજયસિંહજી ઈ. ૧૮૫૨માં સદ્‌ગત થયા. તેમના પછી મહારાજા અખેરાજજી બે વરસ રાજ્યપદ ભોગવી ઈ. ૧૮૫૪માં દેવલોક પામ્યા. બાદ મહારાજા યશવંતસિંહજીએ ૧૬ વર્ષ રાજ્ય ચલાવ્યું, અને ઈ. ૧૮૭૦માં તેમનો સ્વર્ગવાસ થયો. તેઓ નામદારે વસીહતનામામાં શ્રી ગૌરીશંકરને બાલકુમાર શ્રી તખ્તસિંહજીની સગીર અવસ્થામાં રાજકારભાર ચલાવવાની ભલામણ કરી હતી, જે બ્રિટિશ સરકારે માન્ય રાખી હતી, અને શ્રી ગૌરીશંકરની સાથે એક સલાહકાર તરીકે મિ. ઈ. એચ. પર્સિવલ નામના અંગ્રેજ અમલદારની યોજના કરી હતી. મિ. પર્સિવલ લખી ગયા છે: 'મારી અને શ્રી ગૌરીશંકર વચ્ચે કદી મતભેદ ઉપસ્થિત થયો નથી. તેમણે ભાવનગર રાજ્યનું જે કલ્યાણ કર્યું છે તેનું માપ આંકવું કઠિન છે.'

તેમની દીવાનગીરીની કામગીરીની પ્રોજ્જ્વલ ને પ્રગલ્ભ સફળતાના પાયામાં રહી છે નિઃસ્પૃહ સેવાવૃત્તિ, સ્વાર્થને અવગણીને પરાર્થમાં જ પ્રવૃત્ત રહેવાની લોકસંગ્રહવૃત્તિ. પ્રાપ્ત કર્તવ્યને એકનિષ્ઠાથી નિષ્કામભાવે બજાવ્યે જતી લોકોત્તર કાર્યકુશળતા તેમને વરી હતી.

રાજ્યે પણ પોતાના આ મહામૂલા મંત્રિરત્નની કદર કરવામાં પાછી પાની ન કરી. રાજકારણમાંથી છૂટા થતાં રાજ્યે તેમને ૨૦ હજાર રૂપિયાની આવકવાળું 'તુરખા' ગામ તથા ૨૦ હજાર રૂપિયાનું વર્ષાસન બાંધી આપ્યું. એ રકમના તેમણે અનેક સત્કાર્યોમાં વિનિયોગ કર્યો.

ઉપરાંત દરબારી કચેરીઓ માટે વિશાળ ને સુંદર મકાનો બાંધવાનું, પાણીના નિકાલ માટેના માર્ગો, રાહદારીના પાકા રસ્તાઓ, પુલો, તળાવો, કૂવાઓ, બજારો, ધર્મશાળાઓ વગેરે બાંધવાનું કામ શરૂ થયું. રાજધાનીમાં અને મહાલોનાં મુખ્ય શહેરોમાં દવાખાનાં ઉઘાડવામાં આવ્યાં. ભાવનગરથી વઢવાણ અને ગોંડલ જવાની રેલવે લાઈન પહેલી તેમણે નંખાવી: ભાવનગર, મહુવા વગેરે બંદરોની સુધારણા કરી તથા બંદરી માલ પર જકાતનું ધોરણ બાંધી ધંધારોજગારને ઉત્તેજન આપ્યું. સમુદ્ર દ્વારા માલની અવરજવર માટે ડક્કો બંધાવ્યો. સમુદ્રની ભરતીનું પાણી જમીન પર ફરી વળતું અટકાવવા તથા શહેરનું એકઠું થતું પાણી સમુદ્રમાં વાળવા પાળો નંખાવી તેમાં નાળાં બંધાવ્યાં.

તેમની શક્તિ-રીતિ તથા નિષ્ઠાપ્રામાણિકતાની સુયોગ્ય કદર રૂપે બ્રિટિશ સરકારે તેમને મહારાજા જસવંતસિંહના અવસાન (૧૮૭૦) બાદ રાજ્યના વહીવટની વ્યવસ્થા માટે એક અંગ્રેજ અમલદારની સાથે સહકર્મચારી નીમ્યા. તેમણે પોતાને સોંપાએલું કાર્ય જે નિષ્ઠા ને કૌશલથી બજાવ્યું તેના પડઘા ઇંગ્લંડના રાજકુટુંબ સુધી પડ્યા.

શ્રી ગૌરીશંકરની મહાન સેવાઓના સ્મરણમાં તેમને ઈ. ૧૮૭૭માં

દાનધર્મના કાર્યમાં તેમણે ન્યૂનાધિકતા રાખી ન હતી. સં. ૧૯૧૧માં તેમણે કાશીમાં હાટકેશ્વ. મહાદેવનું સ્થાપન કરીને એક ધર્મશાળા બંધાવી હતી. કાશીમાં સંન્યાસીઓ માટે અન્નસત્રો બંધાવ્યાં હતાં. ભાવનગરમાં તેમણે વેધશાળા બંધાવી. તેમણે સ્વહસ્તે રૂા. ૭૧;૦૦૦ શિવાલયો, ધર્મશાળાઓ તથા જલાશયો બંધાવવા પાછળ ખર્ચ્યા હતા. રૂા. ૨૮,૦૦૦ વિદ્યાવૃદ્ધિ અને દુઃખરાહત પાછળ, રૂા. ૧૬,૦૦૦ પ્રાકૃત ગ્રંથોની પ્રસિદ્ધિ માટે તથા યોગ્ય ગ્રંથકારોને તેમણે સમર્પ્યા હતા. આમ તેમનું ધર્મદાન કુલ સવા લાખનું થવા જાય છે.

૭૪ વર્ષની વયે તેમણે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. એ કંઈ લૂખો સંસારદ્વેષી જ્ઞાનયોગ ન હતો. જ્ઞાનયોગ પણ વ્યક્તિ ને વિશ્વનું જીવનશ્રેય સાધવાનો એક માર્ગ જ છે, એમ સમજીને તેઓ વારંવાર રાજ્યસેવા કરવાની તાકીદ ઊભી થતાં તત્કાલ સજ્જ થઈ રહેતા. તેઓ કહેતા 'આ ભગવાં કાઢીને પાઘડી પહેરું એટલી જ વાર છે, જોજો! સંન્યસ્ત મેં લીધું છે, કંઈ કલમ-ખડિયાએ લીધું નથી!'

અને એ વાનપ્રસ્થાશ્રમ પણ શાસ્ત્રાજ્ઞાનુસાર ૭ વર્ષ ભોગવી ઈ. ૧૮૮૯ની ૧૧મી ઑગસ્ટે (સં. ૧૯૪૨ના આષાઢ સુદિ ૮ના રોજ) સંસારવહેવારથી નિઃશેષ નિવૃત્તિ મેળવી સંન્યાસાશ્રમમાં તેમણે પ્રવેશ કર્યો. સંન્યાસી તરીકે તેમણે નામ 'સચ્ચિદાનંદ સરસ્વતી' રાખ્યું હતું. દરમ્યાન અનેક લોકો તેમની વિભૂતિનો સત્સંગ કરતા અને કૃતકૃત્ય થતા, જેમાં સામાન્ય ગ્રામવાસીઓથી માંડીને દેશવિદેશના પ્રતિનિધિ રાજદ્વારી પુરુષો, સાહિત્યકારો ને મહાત્માઓનો સમાવેશ થાય છે. આ સમય દરમ્યાન ભારતની મુલાકાતે આવેલા ઇંગ્લંડના પાટવી કુંવર સાતમા એડ્વર્ડને ઇંગ્લંડથી ભારપૂર્વકનું સૂચન હતું કે શ્રી ગગા ઓઝાને મળવું. જે મંદિરમાં રહીને શ્રી ગગા ઓઝા સંન્યાસી જીવન ગાળતા હતા ત્યાં એમને મળવા પાટવી કુંવર ખાસ સામેથી ગયા હતા.



સંન્યાસ લીધા પછી ૧૮૮૯માં સ્વામી શ્રી સચ્ચિદાનંદ સરસ્વતી તરીકે

આમ ૮૭-૮૮ વર્ષનું દીર્ઘાયુષ્ય લોકસંગ્રહનાં તેમજ આત્મયજ્ઞનાં કાર્યોમાં નિરત ગાળીને, પ્રવૃત્તિ ને નિવૃત્તિનો પરમ ચરમ સિદ્ધાંત ચરિતાર્થ કરીને, ઈ. ૧૮૯૧ની ૧લી ડિસેમ્બરે (સં. ૧૯૪૮ના માગશર સુદિ ૧ ને મંગળવારના રોજ) તેમણે પરબ્રહ્મમાં સ્વરૂપાનુસંધાન સાધ્યું.

વેદાંતાદિ શાસ્ત્રોનું પરિશીલન અને શ્રવણમનન તેમણે કદી વિસાર્યું નહિ, બલકે તેના તલસ્પર્શી અધ્યયનને જીવનની ક્ષણેક્ષણે આત્મસાત કરી દીપાવ્યું. સત્સમાગમ તેમણે સતત સેવ્યો હતો. તેમાં ઈ. ૧૮૬૨થી '૬૭ સુધીનો સમય અગત્યનો છે. પ્રસિદ્ધ સ્વામી ટોકરાનંદના શિષ્ય બ્રહ્મચારી નિત્યાનંદના મુખેથી પંચદશી, પ્રસ્થાનત્રયી ઉપરનાં શાંકરભાષ્યો અને ટીકાઓ વગેરે વેદાંતશાસ્ત્રના આકર સમા ૧૮ ગ્રંથોનું તેમણે શ્રવણ કર્યું હતું. ઉપરાંત સ્વામી રામકૃષ્ણ ભારતી, સચ્ચિદાનંદ, ચિદ્ઘનાનંદ, સદાનંદગિરિ, રાજરાજેશ્વર, બ્રહ્માનંદ, ગંભીરાનંદ આદિ અનેક સંત-મહાત્માઓનો સમાગમ સાધી તેમણે આત્મ-ઐશ્વર્યનાં સઘન દર્શન કર્યાં હતાં. સ્વામી ચિદ્ઘનાનંદગિરિ પાસે ભગવાન શંકરાચાર્યના ગીતાભાષ્ય તથા શ્રી મધુસૂદન સરસ્વતી પાસે ગીતા ઉપરની ગૂઢાર્થ દીપિકા-ટીકાનો સાર કાઢી હિંદીમાં સુંદર સર્વમતગ્રાહી ટીકા કરાવી હતી, ને આત્મપુરાણનો હિંદી અનુવાદ કરાવ્યો હતો. ઈ. ૧૮૮૬(સં. ૧૯૪૨)માં સંન્યાસ લીધા પછી તેમણે વેદાંતના રહસ્યભાષ્ય સમો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ 'સ્વરૂપાનુસંધાન' રચ્યો હતો, જેની પ્રશંસા વેદાંતશાસ્ત્રના જર્મન મહાપંડિત ખુદ પ્રો. મૅક્સમૂલરે પણ કરેલી છે. પ. મૅક્સમૂલરના તો તેઓ ઘનિષ્ઠ મિત્ર હતા. તેઓ બંને વચ્ચેના પત્રવ્યવહારમાંથી એ પાંડિત્ય સૌહાર્દ તેમજ શ્રી ગૌરીશંકરની સમુજ્જ્વલ વિભૂતિની ઝાંખી થઇ રહે છે.

ઈ. ૧૮૬૧ના ઑગસ્ટ માસથી ઠાકોર સાહેબના આશ્રયે તેમણે 'મનોરંજક રત્ન' નામે એક માસિક પત્ર પ્રકટ કરાવ્યું હતું. તેમાં રાજકીય વિષયના લેખો, કવિતા, વાર્તા, ચર્ચા, સમાજના પ્રશ્નોની છણાવટ વગેરે ગુજરાતી, હિંદી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં પ્રકટ થતાં. આ માસિક એ જમાનામાં ઘણું લોકપ્રિય નીવડ્યુ હતું એવી વર્તમાનપત્રોએ નોંધ લીધેલી છે. એક પંડિતને શોભાવે એવો શ્રી ગૌરીશંકરનો પુસ્તકસંગ્રહનો શૉખ હતો. પ્રજાજનોમાં જ્ઞાનવૃદ્ધિ થાય તેવી તીવ્ર અપેક્ષાથી પ્રેરાઇને તેમણે બાર્ટન લાયબ્રેરી સ્થાપી હતી. એ જ

પ્રમાણે તેમણે પોતે પણ ઘણો અમૂલ્ય ગણી શકાય એવો વિદ્યાગ્રંથોનો સંચય કર્યો હતો, જેમાં ઘણાં હસ્તલિખિત સંસ્કૃત-પ્રાકૃત પુસ્તકોનો પણ સમાવેશ થાય છે. સુપ્રસિદ્ધ અંગ્રેજી મહાકાવ્ય 'લાઇટ ઑવ એશિયા'ના કર્તા મૅથ્યુ આર્નોલ્ડે તેમનો આ પુસ્તકસંગ્રહ જોયો હતો, અને દેશવિદેશના અનેક પ્રતિષ્ઠિત લોકોનાં પ્રશંસાપુષ્પો છાએલી મુલાકાતવહીમાં લખેલું કે, 'દીવાનશ્રીની સાથે હાથ મેળવીને અને આ વહીમાં મારું નામ ટપકાવીને હું મારી જાતને ધન્ય થએલી માનું છું.' એવો જ એક સંગ્રહ તેમના પૌત્ર શ્રી વિજયશંકરે પણ કર્યો હતો, અને આ સર્વ તેમના પ્રપૌત્ર શ્રી હરિભાઇએ ઈ. ૧૯૩૮ના ડિસેમ્બરમાં મુંબાઈની ફાર્બસ ગુજરાતી સભાને અર્પણ કર્યો હતો.

અમદાવાદ ને ગુજરાતની પ્રજા પર પણ તેમનું મોટું ઋણ છે. અમદાવાદના મિલ ઉદ્યોગના પિતા સમા આદ્ય સ્થાપક સ્વ. રણછોડલાલ છોટાલાલની એ યોજનાને સૌ પ્રથમ સક્રિય ઉત્તેજન આપનાર તેઓ જ હતા, અને શાહપુર મિલ કંપનીના પ્રથમ ૭ શેર હોલ્ડરોમાં રૂા. ૫,૦૦૦ આપીને તેમણે એક શેર ખરીદ્યો હતો.

રાજકારણ અને લોકજીવનના પટ પર આજ દોઢ સૈકા સુધી યે અવિચ્છિન્ન ભાવે પ્રસરેલી તેમની જીવનસુવાસ અવિસ્મરણીય છે. પરંતુ તેમનું સાચું વ્યક્તિત્વ તો આ બધી દુન્યવી કારકિર્દીઓથી નિરાળું આત્મવિભવસમૃદ્ધ હતું. પં. મૅક્સમૂલર કહે છે: "વિચારના એ મહાન યોદ્ધા છે. વાસનાથી તેઓ મુક્ત છે. તેમની આંખ જગત પર ફરી ફરીને અંતે ઠરે છે તો 'એકમેવાદ્વિતીય' સત્ય 'પરમાત્મા' ઉત્કૃષ્ટ 'આત્મા' પર. તેમના તત્ત્વજ્ઞાન સાથે કદાચ સહમત ન થઈએ, પરંતુ એટલું તો નિર્વિવાદ છે કે તેમનું સમસ્ત જીવન સુસંવાદી ને સુસંગત હતું."

તેમની સ્મરણશક્તિ આખર સુધી સતેજ ને કુશાગ્ર રહેલી. તેઓ બાહ્યાંતર દંભરહિત હતા, અને તેમનો વર્તાવ હમેશાં અકૃત્રિમ સરલ તથા વિનીત રહેતો. સમયપાલનમાં તેઓ નિયમિત અને ચુસ્ત હતા. ખાનપાનમાં તેઓ અત્યંત મિતાહારી હતા. સ્વભાવની તેમની સરળતા, નમ્રતા ને નિરભિમાનતા એટલી કે સહી પણ માત્ર 'ગગા ઓઝા' એવી કરતા. મહત્કાર્ય આગળ જાતને તેમણે હમેશાં ગૌણ ગણેલી.

પં. મૅક્સમૂલરે લખેલા એક મહાનિબંધમાં શ્રી ગૌરીશંકરના સંબંધમાં પોતાના એક ગાઢ ને સુપરિચિત મિત્રની કવિતા ટાંકેલી જેનો ભાવાર્થ છે: તેમનાં વેણ દસ્તાવેજ સમાન, પ્રતિજ્ઞા દેવાજ્ઞા તુલ્ય, પ્રેમ અત્યંત પ્રામાણિક અને વિચારો નિષ્કલંક હતા.

વડોદરા રાજ્યના ખ્યાતનામ દીવાન સર ટી. માધવરાવે ઈ. ૧૮૭૮માં ભાવનગર રાજ્યની મુલાકાત લીધી ત્યારે તેમણે ઉદ્ગારો કાઢ્યા હતા: 'ભાવનગર રાજ્ય કેટલાક સુધારામાં એટલું પ્રગતિશીલ ને અગ્રણી છે કે મોટાં રાજ્યોને પણ તેને પહોંચી વળવા લાંબો વખત જોઈશે.' ભાવનગર રાજ્યને દીવાનપદે શ્રી ગૌરીશંકરના અનુગામીઓમાંના એક ચાણક્યનીતિ શ્રી પ્રભાશંકર પટ્ટણી કહે છે: 'શું ડોસાએ કામ કર્યું છે! ગગાભાઇનું કર્યું કોઈથી થાય તેમ નથી. પરંતુ તેમનાં કરેલાં કાર્યોમાં સુધારોવધારો ન થઇ શકે તો પણ એમનું મેળવેલું મારે હાથે સચવાઈ રહે તો યે પ્રભુની કૃપા સમજું.' શ્રી ગગા ઓઝાના જીવનમાં ઊંડે સુધી ઊતરનારને પં. મૅક્સમૂલરના આ વાક્ય વિષે અતિશયોક્તિ નહિ લાગે, બલકે તેની પ્રતીતિ થતા જશે: 'જેવી બિસ્માર્કે જર્મનીની પ્રાણપ્રતિષ્ઠા કરી, એવી જ ભાવનગર રાજ્યની શ્રી ગૌરીશંકરે કરી.' અને એ પ્રાણપ્રતિષ્ઠા માત્ર ભાવનગરની ન હતી. સૌરાષ્ટ્રનાં તેમજ દેશ સમસ્તનાં રાજ્યોમાં તેમણે અંતર્ગતપણે નવોત્થાન પ્રેર્યું હતું. અને એ પ્રાણપ્રતિષ્ઠા એ તો તેના પ્રાણપ્રતિષ્ઠાપકની જ્વલંત ને ભવ્ય આંતર્વિભૂતિનું નાનું શું સ્થૂળ કિરણ માત્ર હતી.



રંગ અને હૃદયની નાટિકા

લેખક · પ્રો. રમણલાલ ચી. મહેતા · એમ. એ.

★

શ્યામ રંગ સમીપે

પ્રવેશ પહેલો

[સ્થળ : લાલચંદ શેઠના ઘરનું દીવાનખાનું. સમય : સાંજના સાતનો. નલિનકાન્ત અને પ્રભુતા છાપું વાંચે છે અને પાનાંની અદલાબદલી કરે છે, ત્યાં લાલચંદ અને મોહનલાલ પ્રવેશ કરે છે. નલિનકાન્ત ને પ્રભુતા ઊભાં થાય છે. મોહનલાલ તેમને બંનેને જોઈ મોં મલકાવે છે.]

લાલચંદ : (પ્રવેશીને, કોટ ઉતારતાં) બિપિનચન્દ્ર હજુ નથી આવ્યા?

નલિનકાન્ત : ના બાપુજી, (કાંડા-ઘડિયાળ સામે જોઇ) પણ સાત થવા આવ્યા છે, એટલે હવે આવવા જોઇએ.

લાલચંદ : પરીક્ષા કેટલા વાગ્યે પૂરી થાય છે?

નલિનકાન્ત : છ વાગ્યે.

લાલ૦ : બપોરે તું ગયો'તો નાસ્તો લઇને?

નલિનકાન્ત : હા, અમે બંને ગયાં હતાં.

લાલચંદ : સીધા અહીં જ આવવાના ને?

નલિનકાન્ત : હા.

લાલચંદ : જવાનું ક્યારે રાખ્યું છે?

નલિનકાન્ત : કાલ સાંજની ગાડીમાં.

લાલચંદ : ઠીક, હું જરા મોહનલાલ શેઠ સાથે બાજુના રૂમમાં બેઠો છું. બિપિનચન્દ્ર આવે એટલે મને બોલાવજે; (જતાં જતાં) મારે વાત કરવી છે.

નલિનકાન્ત : સારું (લાલચંદ અને મોહનલાલ જાય છે.)

પ્રભુતા : બાપુજીને એમની સાથે શી વાત કરવાની હશે, ભાઇ?

નલિનકાન્ત : તારા લગ્નની સ્તો.

પ્રભુતા : પણ એ તો કહે છે કે હજુ બે ત્રણ વર્ષ સુધી લગ્ન નથી કરવાં.

નલિનકાન્ત : ભલેને કહે. બાપુજી પૂછશે એટલે ના થોડી પડાવાની છે?

પ્રભુતા : જલદી માની જાય તો સારું... (ઘંટડી વાગે છે) એ જ આવ્યા લાગે છે. (ઉત્સાહમાં આવી બારણું ખોલવા જાય છે ત્યાં કંચનને જોઇ) આ તો કંચનભાભી—કંચન બહેન આવ્યાં છે! (કંચન પ્રવેશ કરે છે.)

કંચન : 'ભાભી'માંથી 'બહેન' ક્યારથી?

નલિનકાન્ત : તને કહ્યું હતું ને, કંચન, કે હમણાં અહીં ન આવતી? અત્યારે બાપુજી તને જોશે તો અમને કેટલું લડશે!

કંચન : શું કામ લડે? હું કંઇ થોડી પારકે ઘેર આવી છું?

નલિનકાન્ત : પણ તને મેં કહ્યું હતું ને કે થોડા દિવસમાં તને 'હા-ના'નો જવાબ મળી જશે?

કંચન : હા; ને ત્યારનો મારો જીવ કેટલો ઊડી ગયો છે! તમને ખબર છે, મારી બાએ આજ ત્રણ દિવસથી ખાધું પણ નથી!

પ્રભુતા : તેમાં અમે શું કરીએ? બાપુજી આગળ અમારાથી કંઈ ઓછું જ બોલાય છે?

કંચન : (સરોષ) ના કેમ બોલાય? આટલાં વરસ સગાઇ રાખી અને હવે લગનનું પુછાવ્યું ત્યારે વિચાર કરવા બેઠા? મારા બાપુજી જીવતા બેઠા હતા ત્યારે કરવો'તો ને વિચાર.

પ્રભુતા : એમાં અમે શું જાણીએ? તમને એમ લાગતું હોય તો જાવ પૂછો જઇને બાપુજીને.

નલિનકાન્ત : પ્રભુતા, તું વચ્ચે ન બોલ. કંચન, તું અત્યારે જતી રહે,—સમજીને જતી રહે. નકામું તારું અપમાન થશે.

કંચન : જે થાય તે; હું જવાબ લીધા વગર જવાની નથી. બાપુજી ગમે તે કહે. તમે પોતે શું કહો છો? તમે ના કહેતા હો તો મારે કંઇ બળજબરીથી પરણવું નથી. હું મારી મેળે મારું ફોડી લઈશ; ને નહિ ફાવે તો ઝેર ખાઇશ!

પ્રભુતા : જુઓ, એવી ધમકીથી અમે બી જવાનાં નથી, સમજ્યાં? લ્યો, હું જ તમને કહી દઉં કે મારા ભાઇ તમારી સાથે લગ્ન....

નલિનકાન્ત : (વચ્ચે) પ્રભુતા! તને કોણ આ બધું ડહાપણ કરવાનું કહે છે? (કંચનને) જો કંચન, હું તને હા કે ના કહું એ કશું ચાલવાનું નથી. બાપુજી થોડા વખતમાં તારે ઘેર કહેવડાવી દેશે, બસ? પછી...

કંચન : એમ જ કહોને કે તમારે જ નથી પરણવું, પણ પોતાના મોઢે મગનું નામ મરી નથી પાડવું, ને 'બાપુજી' 'બાપુજી' કર્યા કરવું છે!

પ્રભુતા : જે સમજો તે...

નલિનકાન્ત : પ્રભુતા! તને કહ્યું ને, કે તું વચ્ચે ન બોલ! કંચન, તને પણ કેટલી વાર કહ્યું કે અત્યારે અહીંથી જતી...

કંચન : (ઉગ્ર થઇ જતાંજતાં) આ બધું પૈસાનું જ અભિમાન!

પ્રભુતા : (સરોષ) હા, હા, જા—

નલિનકાન્ત : (ઘાંટો પાડી) પ્રભુતા!!

કંચન : (જતાંજતાં આંખમાં આંસુ સાથે) હવે આ કંચનને જીવતી નહિ જુઓ. (જાય છે)

નલિન૦ : તું નાહક વચ્ચે ડબડબ કરતી'તી.

પ્રભુતા : પણ ભાઇ, મને તમારી રીત જ પસંદ નથી. એક વખત ચોખ્ખી ના કહી દીધી હોત તો પછી થોડી ઊભી રહેવાની હતી?

નલિન૦ : એમ એકદમ ના કહી દેવાની શી જરૂર? સામાં માણસનો પણ વિચાર કરવો જોઇએ ને? પંદર-સોળ વરસ સગાઈ રાખી, ને હવે જ્યારે એ નિરાધાર થઈ છે ત્યારે ના કહીએ તો સામાં માણસનું તો કાળજું જ બેસી જાય ને? તને જ, દાખલા તરીકે, અત્યારે બિપિનચન્દ્ર ના પાડી દે તો કેવું થાય?

પ્રભુતા : બિપિનચન્દ્ર મને શું કામ ના પાડે? મારામાં એવી શી ખોડખાંપણ કે અવગુણ છે?

નલિન૦ : ત્યારે કંચન કાળી છે, એ સિવાય બીજો શો અવગુણ છે એનામાં? ઊલટાનું તું બિપિનચન્દ્રને શ્યામ હોવા માટે જેવી રીતે...

પ્રભુતા : (ઉગ્ર થઇ) જાવ, જાવ. એવી ખોટી વાત કરો નહિ. પૂછજો બિપિનચન્દ્રને...

(ઘંટડી વાગે છે. પ્રભુતા ઊભી થઈ બારણું ઉઘાડે છે. બિપિનચન્દ્ર પ્રવેશે છે).



જગતની આ અત્યંત નોંધપાત્ર સ્ત્રી હેલન કેલર શારીરિક વિઘ્ન પર વિજય મેળવનાર વ્યક્તિનું ઉત્તમ દૃષ્ટાંત ગણાય છે. જન્મ પછી બે જ વર્ષે બીમારીએ તેની જોવા ને સાંભળવાની શક્તિ હરી-લીધી; ને પછી તરત તેની વાચા યે ગઇ.




અંધકાર ને મૌનની તેની આ દુનિયામાં એક સન્નારીએ આવીને તેની જિન્દગી પલટાવી નાખી. બૉસ્ટનની અંધશાળામાંથી આવેલાં ઍન સલિવાને તેને સ્પર્શથી બહેરાંમૂંગાંની ભાષા અને બ્રેઇલ પદ્ધતિથી વાંચતાં શીખવ્યું.



હેલને પોતે જ કહ્યું છે કે 'ઍનની સામે કોઇ માનવબાળ નહિ પણ જાણે એક પશુ જ હતું.' પણ ઍન સલિવાને નિષ્ઠાથી પોતાનું જીવન હેલન પાછળ જ રોકી દીધું ને ધીરજથી તેનામાં સંવેદનશીલ અને જ્વલંત વ્યક્તિત્વ પ્રગટાવ્યું.



બહેરા, મૂંગા ને અંધ, એવા ત્રિવિધ રીતે અપંગ આ મુશ્કેલ કોયડા માટે, પહેલાં તો ઍને એક કક્કો ઉપજાવી કાઢ્યો અને હેલનના હાથમાં શબ્દો લખવા માંડ્યા. આથી તેને શબ્દો ને વસ્તુઓનો સંબંધ સમજાવા લાગ્યો.



પછી તો હેલન કેટલી યે ભાષા શીખ્યાં; અને પોતાની હિંમત તથા સક્રમતાથી બોલતાં પણ શીખ્યાં. ૧૯૦૦માં તો તે બૉસ્ટનની રૅડક્લિફ કૉલેજમાં દાખલ થયાં! તમામ અપંગ માણસો માટે એમનું આ ઉદાહરણ પ્રેરણારૂપ હતું.



કૉલેજમાં હેલનનાં પાઠ્ય પુસ્તકો બ્રેઇલ લિપિમાં છાપેલાં હતાં. અંધજનો માટેની એ ખાસ લિપિમાં અક્ષરો ઉપસાવેલાં ટપકાંથી બને છે. જન્મ પછી તરત અંધ બનેલા લૂઈ બ્રેઇલ નામે ફ્રાન્સવાસીએ એ ઈ. ૧૮૨૯માં શોધેલી.

પ્રભુતા : આવો.

નલિનકાન્ત : આવો બિપિનચન્દ્ર. કેમ, કેવો ગયો અત્યારનો પેપર?

બિપિનચન્દ્ર : સારો ગયો.

નલિનકાન્ત : આજે છૂટ્યા ત્યારે...

બિપિનચન્દ્ર : હા, આજથી ઉજાગરા બંધ.

પ્રભુતા : (પાણી લાવીને આપતાં) ખૂબ થાકી ગયા લાગો છો?

બિપિનચન્દ્ર : ના, જરા વિચારમાં હતો. નલિનકાન્ત, શું શેઠસાહેબ આવી ગયા છે?

નલિનકાન્ત : હા, તમારી જ રાહ જુએ છે. બાજુના રૂમમાં બેઠા છે, મોહનલાલ શેઠ સાથે.

બિપિન૦ : મોહનલાલ? યશવંતના બાપા?

નલિન૦ : હા. જા ને પ્રભુતા, બાપુજીને કહે...

બિપિનચન્દ્ર : કામમાં હોય તો હમણાં ભલે ત્યાં બેઠા. ત્યાં સુધી આપણે વાતો કરીએ.

પ્રભુતા : હા, પછી આપણી વાત નહિ થાય.

નલિનકાન્ત : કેમ, આગળ પછી શું નક્કી કર્યું?

બિપિનચન્દ્ર : એલએલ.એમ.નો તો પાકો વિચાર હજુ કર્યો નથી, પણ સૉલિસિટરનું કરવા તો આવવાનો જ છું.

નલિનકાન્ત : તો તો બેત્રણ વર્ષ અમને તમારી કંપની મળવાની.

પ્રભુતા : ભાઇ, મુખ્ય વાત કરી દો ને. પછી બાપુજી આવશે એટલે...

બિપિનચન્દ્ર : શું?

નલિનકાન્ત : (પ્રભુતાને) તું જ કહે ને.

પ્રભુતા : એક ખુશખબર છે. બોલો, શું હશે?

બિપિનચન્દ્ર : (ગંભીરતાથી) નલિનકાન્તની ફરી સગાઇ થવાની છે?

પ્રભુતા : હા, તમને ક્યાંથી ખબર?

નલિન૦ : પણ તમે કેમ આમ ગંભીર છો?

બિપિનચન્દ્ર : જુઓ નલિનકાન્ત, તમારી અંગત બાબતમાં માથું મારું તો માફ કરજો; પણ તમે કંચન સાથેની સગાઈ તોડી...

નલિનકાન્ત : (સાશ્ચર્ય) તમે ક્યાંથી જાણ્યું?



કૉલેજમાં પરીક્ષાના જવાબ પણ એક ખાસ ટાઈપરાઇટર ઉપર તે લખતાં. મુખપાઠને બદલે તે શિક્ષકો સાથે મંત્રણા કરતાં. આસપાસના લોકોને તેમની આ અદ્‌ભુત પ્રગતિથી અચરજ થતું. ઈ.૧૯૦૪માં તો તે સ્નાતક પણ થયાં.



પછી તો તેમણે આશ્ચર્યજનક વિકાસ કર્યો. આંદોલનોથી એ જ્ઞાન મેળવે છે. જુદાંજુદાં વૃક્ષોનાં પાંદડાંમાંથી પસાર થતાં પવનનાં આંદોલનથી તે વૃક્ષોને ઓળખી શકે છે! લોકોનાં પગલાં પરથી તેમની જાતિ ને વય નક્કી કરી શકે છે!



વાસમાત્રથી તે જુદાંજુદાં ફળફૂલને તો પારખી લે છે, પણ વાસથી એને અંતરનો પણ ખયાલ આવે છે એટલી તીવ્રરીતે તેની ઘ્રાણેન્દ્રિય વિકસેલી છે. હેલન કહે છે કે આપણા આત્મામાં જ આંખકાન હોય છે. અંધારું રહેતું જ નથી.



પોતાનાં વિઘ્નો પર વિજય મેળવીને બેસી ન રહેતાં હેલને બીજાઓને પણ એવો વિજય મેળવવામાં સહાયભૂત થવા નિધિ એકઠો કરવા માટે લખવામાં, વ્યાખ્યાનો આપવામાં અને પ્રવાસ કરવામાં પોતાનું જીવન અર્પણ કર્યું છે.



આખું જગત તેમનું કાર્યક્ષેત્ર બન્યું છે. અનેક સરકારોની વિનતિથી તેમણે બંને ગોળાર્ધનો પ્રવાસ કર્યો છે; એ દરેક સ્થળે અપંગો માટે કાર્યક્રમો યોજી અંધ માણસો માટે શાળાઓ, છાપખાનાં ને કાર્યાલયો ખોલ્યાં છે.



આજે ૭૭ વર્ષે પણ તે અચરજ થાય એટલાં સક્રિય છે. અંધકારમાં જીવવા માટે જન્મેલા હજારો લોકો માટે તેમણે સુખ ને પ્રકાશની દુનિયાનાં દ્વાર ખોલ્યાં છે. માનવકલ્યાણ માટે બીજી કોઇ પણ સ્ત્રીએ એમના જેટલું કર્યું નથી.

બિપિનચન્દ્ર : ગમે ત્યાંથી;—માની લો, કંચન પાસેથી.

નલિનકાન્ત : અત્યારે નીચે મળી હશે!

પ્રભુતા : હા, એમ જ લાગે છે.

નલિન૦ : બાપુજી કહે છે કે એ કાળી છે.

બિપિનચન્દ્ર : પણ તમે પોતે શું કહો છો?

નલિન૦ : કાળી છે એમાં તો પ્રશ્ન જ નથી.

બિપિનચન્દ્ર : અત્યાર સુધી કાળી નહોતી? તે હવે લગ્ન કરવાની ઘડીએ લાગી અને સગાઈ તોડી નાખવા સુધીનો વિચાર કરો છો?

પ્રભુતા : એમાં ભાઇનો જરા ય વાંક નથી. ભાઇ બીચારા ઘોડિયામાં હતા ત્યારે બાપુજીએ સગાઇ કરી નાખેલી. અને આજે આપણી ન્યાતમાં એવી સગાઇ ક્યાં નથી તૂટતી?

બિપિનચન્દ્ર : એમાં બાપુજીને વચ્ચે લાવવાની શી જરૂર? જે નક્કી કરવાનું હોય તે તો તમારે જ કરવાનું છે.

નલિનકાન્ત : બાપુજી બેઠા હોય ત્યાં સુધી આપણાથી શું બોલાય?

બિપિનચન્દ્ર : નલિનકાન્ત, તમે જ બહુ ઢીલા છો. સાચું કહું છું, તમે જો મક્કમ રહો તો પછી બાપુજી શું કરવાના હતા?

પ્રભુતા : એમ બાપુજીની સામે થવાતું હશે?

બિપિન૦ : ખોટું થતું હોય તો થવું યે પડે.

પ્રભુતા : બાપુજી જરા ય ખોટું કરતા નથી. ઊલટાનું, ભાઇને સારી કન્યા મળે એટલા માટે મોહનલાલ શેઠ મારફત કેટલી મહેનત...

બિપિનચન્દ્ર : મને લાગે છે કે આ બધી ખટપટ મોહનલાલની જ છે. તમારા બાપુજી આ એક ગંભીર ભૂલ કરી રહ્યા છે.

નલિનકાન્ત : એમાં ભૂલ શાની?

બિપિનચન્દ્ર : ફક્ત ભૂલ નહિ, અન્યાય પણ કરી રહ્યા છે. એક ગરીબ છોકરીની જિંદગી સાથે તમે રમત માંડી છે. સગાઈ તોડવી હતી તો આટલાં વરસ રાખી શું કામ? અને સાચું કહેજો, તમે કંચન સાથે ફરવા નહોતા જતા?

નલિનકાન્ત : તેથી શું?

બિપિનચન્દ્ર : આનો અર્થ તો એ થયો કે તમે પોતે જ કંચન સાથે પરણવા તૈયાર નથી. તમે આવી રીતે કંચનને તરછોડી દેશો તો એ ગરીબ, નિરધાર છોકરીનો હાથ હવે કોણ ઝાલશે? નલિનકાન્ત, તમે એનો ભવ બગાડી રહ્યા છો એનો કંઈ વિચાર આવે છે?

નલિન૦ : તેથી મારે મારો ભવ બગાડવો?

પ્રભુતા : પોતાનો ભવ બગાડી પારકાનો ભવ સુધારવા કોઈ જતું હશે ખરું?

બિપિનચન્દ્ર : હા; પણ આમાં તો ભવ બગાડવાની યે ક્યાં વાત છે? તમે આટલાં વરસ એનો જે હાથ પકડી રાખ્યો એ પ્રેમને એક રૂપાળી છોકરીની નવી લાલચમાં લપસીને નહિ અભડાવવાની તમારી અસલિયત આમાં તો સાચવવાની છે. તેને બદલે આજે એની નિરાધારીમાં એ માત્ર કાળી હોવાના બહાને એને તરછોડી નાખવા તૈયાર થાઓ એ નરી નિર્દયતા છે. અને કંચન એટલી કાળી યે નથી. પણ એક વખત એ રીતે જુઓ, એટલે એ હોય તે કરતાં ય વધારે કાળી લાગવાની. માટે જ સૌન્દર્યમીમાંસકો કહે છે ને, કે સૌંદર્ય વસ્તુગત કરતાં ભાવગત વધારે છે.

પ્રભુતા : શું ભૈસાબ, તમે પણ મોટી મોટી વાતો કરો છો!

બિપિનચન્દ્ર : ફક્ત હું નહિ, નલિનકાન્ત પણ એ જ કહેતા હતા. બોલો નલિનકાન્ત, હૃદયપૂર્વક કહેજો : પહેલાં કંચન તમને નહોતી ગમતી? અને કંચન કાળી છે એના બચાવમાં તમે ટાગોરનું પેલું ગીત નહોતા ગાતા? (પ્રભુતાને) અને તું પણ મને પેલું ગીત ગાઈને...

પ્રભુતા : (હસીને) એ તો મારા કૃષ્ણને ચીડવવાની જ. (હસતાં ગાતી) 'શ્યામરંગ સમીપે...

બિપિનચન્દ્ર : (હસતાં) અને એમ કરતાં એક દિવસ નલિનકાન્તની પેઠે તું પણ મને...

પ્રભુતા : જાઓ જાઓ; એવું બોલશો નહિ. હું તે તમને છોડું કોઈ દિવસ?

બિપિન૦ : તો પછી કંચનની બાબતમાં તું કેમ આવું વિરુદ્ધ વલણ રાખતી થઈ ગઈ છે?

પ્રભુતા : મારા ભાઈને માટે સારી કન્યા લાવી આપવાની હોંશ ના થાય?

બિપિનચન્દ્ર : કંચન કરતાં શિક્ષણ અને સંસ્કાર બંનેમાં ચડી જાય એવી કન્યા...

પ્રભુતા : લાવ્યા છીએ. કહું?

નલિન૦ : એમને સ્વપ્નેય ખયાલ નહિ હોય.

પ્રભુતા : કહું? અમિતા!

બિપિનચન્દ્ર : (સાશ્ચર્ય) અમિતા?! માણેકલાલની દીકરી? શી વાત કરો છો!

પ્રભુતા : ત્યારે? અમિતા મળતી હોય તો કંચન સાથે લગ્ન કોણ કરે? તમે જ કહો હવે!

બિપિનચન્દ્ર : પણ અમિતા તો...

નલિનકાન્ત : તમને કેમ આશ્ચર્ય થાય છે?

બિપિનચન્દ્ર : મને એક નહિ બે આશ્ચર્ય થાય છે, નલિનકાન્ત! અમિતાએ તમારે માટે હા પાડી એ એક, અને તમે અમિતા માટે હા પાડો છો એ બીજું. તમે ફક્ત ચામડીનો રંગ જોઈને જ આકર્ષાયા છો; પણ માણસનો રંગ નહિ, હૃદયનો રંગ જોવો જોઇએ. દેહના સૌંદર્ય કરતાં આત્માના સૌંદર્ય સામે જોવું જોઇએ.

નલિન૦ : એ તો ફિલૉસૉફરોની વાત થઇ.

બિપિન૦ : ના, ફિલૉસૉફરોની નહિ, મારા તમારા જેવાએ સમજવા જેવી વાત છે.

નલિન૦ : તો દેહનું સૌંદર્ય સાચું જ નહિ?

બિપિનચન્દ્ર : આત્માના સૌન્દર્ય વડે એ શોભતું હોય તો જ સાચું, નહિ તો નહિ. એકલું દેહસૌન્દર્ય ભ્રામક છે, છેતરામણું છે, ચંચલ છે. યુવાનીના દિવસોમાં થોડો સમય એનું આકર્ષણ રહે છે, જીવનભર નહિ.

નલિનકાન્ત : મને તો એમ નથી લાગતું.

બિપિનચન્દ્ર : માટે જ કો'ક દિ' પસ્તાશો. સુંદર દેખાય છે એટલાં બધાં ફળ કંઈ સ્વાદિષ્ટ નથી હોતાં. બહુ જ સુંદર અને આકર્ષક ફળ હોય, તમે હોંશેહોંશે એ ખાવા જાઓ, અને ખબર પડે કે એ ઝેરી છે, તો? તો તમે એ માત્ર સુંદર હોવાને લીધે ખાશો?

નલિન૦ : આ તો ફક્ત તર્કયુક્ત દલીલ છે.

પ્રભુતા : અને તે પણ સાચી નહિ; કારણ કે બધાં સુંદર ફળ કંઈ ઝેરી નથી હોતાં.

બિપિનચન્દ્ર : અમિતાની બાબતમાં એ દલીલ સાચી છે, નલિનકાન્ત. એનામાં રૂપ સિવાય બીજું કંઈ નથી એની જ્યારે તમને ખબર પડશે ત્યારે તમે જિંદગીભર પસ્તાશો અને મારા શબ્દો યાદ કરશો.

નલિનકાન્ત : મને એવું કંઈ લાગતું નથી.

પ્રભુતા : હશે, હવે. મૂકોને પંચાત. એક તો થાકીને આવ્યા છે, ને તેમાં પાછી આ માથાફૂટ.

નલિનકાન્ત : પ્રભુતા, જા, બાપુજીને કહે.

પ્રભુતા : તમે જ કહોને.

બિપિનચન્દ્ર : મોહનલાલની સાથે શાની મંત્રણા ચાલે છે?

પ્રભુતા : એમની પાસેના પેલા લેણાની.

બિપિનચન્દ્ર : હજી નથી પત્યું?

પ્રભુતા : ક્યાં પતાવે છે? કેટલા મહિના થઇ ગયા! પણ આમ બીજી રીતે એ બહુ કામના માણસ છે, એટલે બાપુજી પૈસા ખાતર સંબંધ બગાડવા નથી માગતા. હવે જુઓ, મુખ્ય વાત પાછી રહી જશે. બાપુજી તમને લગ્નનું પૂછે તો હા પાડી દેજો, બહુ રકઝક કરતા નહિ.

બિપિનચન્દ્ર : કેમ? હજુ તો ત્રણ વર્ષની વાર છે. મેં તને પહેલેથી જ કહ્યું છે ને?

પ્રભુતા : હશે, પણ બાપુજી આગળ હાએહા કરજો ને. નકામા એ બોલશે, ને પાછું એમને બ્લડપ્રેશર છે. (એટલામાં લાલચંદ અને મોહનલાલ વાતો કરતા આવતા હોવાનો અવાજ સંભળાય છે. તેથી રસોડા તરફ જતાં જતાં) અને તમે કાગળ નિયમિત લખજો, હોં! શું કહ્યું? (જાય છે. લાલચંદ પ્રવેશે છે.)

લાલચંદ : કેમ આવી ગયા? કેવા ગયા પેપર?

બિપિનચન્દ્ર : હા જી; સારા ગયા.

લાલચંદ : હવે?

બિપિનચન્દ્ર : સૉલિસિટર થવું છે.

લાલચંદ : એ તો થવાશે; પણ હવે લગ્નનું શું? આ વૈશાખમાં કહો તો વૈશાખમાં, ને નહિ તો પછી આવતા માગશરમાં.

બિપિન૦ : મારા બાપુજીને પૂછવું જોઇએ.

લાલચંદ : એમાં એમને શું પૂછવાનું? તમે જે નક્કી કરો તેમાં એ કંઈ થોડા ના પાડવાના હતા? તમારો પોતાનો શો વિચાર છે?

બિપિનચન્દ્ર : હજુ બેત્રણ વર્ષ સુધી નહિ. હું સૉલિસિટર થઈ જાઉં પછી.

લાલચંદ : એ તો બહુ લાંબી વાત થઈ. અમારે પણ અમારો વિચાર કરવાનો ને? તમે જાણો છો કે હવે મારી તબિયત સારી રહેતી નથી.

બિપિનચન્દ્ર : હં...

લાલચંદ : અને નલિનની બા પણ નથી. એટલે મારો વિચાર તો બંને ટાણાં સાથે જ ઉકેલી નાખવાનો છે. (એવામાં મોહનલાલ એક હાથમાં કાગળ અને બીજા હાથમાં ચશ્માં રાખી કાગળમાં જોતાજોતા પ્રવેશે છે.)

બિપિનચન્દ્ર : પણ આપ તો હજુ નલિનકાન્તની ફરી સગાઈ કરવાનો વિચાર કરો છો!

લાલ૦ : (આનંદમાં આવી) વાત કરી તમને?

બિપિન૦ : હા; પણ એ બહુ ખોટું કરો છો.

લાલચંદ : એમાં ખોટું શું?

બિપિનચન્દ્ર : કંચન સાથે સગાઈ તોડો છો તે. એક બીચારી ગરીબ, નિરાધાર છોકરીની જિંદગી વિનાકારણ ધૂળમાં મળી જશે.

લાલચંદ : એમાં ના સમજો તમે.


બિપિનચન્દ્ર : પણ આટલાં વરસે તમે સગાઈ તોડો... (મોહનલાલ વચ્ચે ટાપશી પૂરી)

મોહનલાલ : બીજા ક્યાં નથી તોડતા?

બિપિનચન્દ્ર : પણ તે આ રીતે? આટલાં વરસ એ અહીં આવતી જતી રહી, નલિનકાન્ત એની સાથે હર્યાફર્યા, અને હવે, અત્યારે એના બાપ જીવતા નથી એ દશામાં...

મોહનલાલ : એક રીતે તમારું પૉઈંટ સાચું છે બિપિનચન્દ્ર, પણ... (અનુ. પૃ. ૫૦૫મે)

અલ્પવિરામ આકારના જેના જીવાણુઓ માનવજીવનમાં અકાળે પૂર્ણવિરામ મૂકે છે એ આ દેશનો મોખરાનો રોગ કૉલેરા



ગંદકીમાંથી જીવાણુઓને વહી લાવી ખોરાક પર બેસતી માખી એ માનવીનો મોટો દુશ્મન છે.

હિંદમાં મૃત્યુ આણનારા દસ સામાન્ય રોગો આ પ્રમાણે છે: મલેરિયા, ક્ષય, કૉલેરા, બળિયા, ટાઇફૉઈડ, ન્યૂમોનિયા, મરડો, ઝાડા, ઈન્ફલુએન્ઝા અને પ્લેગ.

મુંબાઈ રાજ્યમાં સને ૧૯૫૧માં થએલાં ૬,૧૮,૬૮૧ મરણોમાં સૌથી વધારે પ્રમાણ (૪૮,૭૪૯) આંતરડાંના રોગો-કૉલેરા, ટાઇફૉઈડ, મરડો ને ઝાડા-ને લીધે હતું. પછી અનુક્રમે મલેરિયા, ક્ષય અને બીજા રોગો આવે છે. આમ, સમસ્ત દેશમાં અને આપણા પ્રદેશમાં આંતરડાંના રોગોનું સ્થાન આગવું છે. એમાં યે કૉલેરાનું સ્થાન મોખરે છે.

ઓચિંતા અકાળે જીવનદીપને બૂઝવી દેતા આ રોગને લોકસમાજ 'માતાનું કોગળિયું'ના નામે ઓળખે છે. રોગનું આદિકારણ સમજવામાં ના આવ્યું એટલે જનસમાજે એને માતાનો કોપ માની લીધો. ઍન્થની લુમેનહૉકે ઇ. સ. ૧૬૭૪માં માઇક્રોસ્કોપ શોધ્યો. એ વડે માનવ આંખે જોઈ ન શકાય એવા સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવાણુઓનાં દર્શન થયાં અને રોગો થવાના મૂળ કારણરૂપ જીવાણુઓ શોધાયા. માઇક્રોસ્કોપ નીચે સૌ પ્રથમ શોધાએલા જીવાણુઓમાં કૉલેરાના જીવાણુઓનું સ્થાન પહેલું છે. એને શોધનાર જર્મન દાક્તર રૉબર્ટ કૉચ (Robert Koch) હતો. તેણે ઈ.૧૮૮૩માં ઇજિપ્તમાં કૉલેરાના જીવાણુઓ શોધ્યા. વળી ૧૮૮૪માં કલકત્તા આવી કૉલેરાના રોગીઓના દસ્તમાં એવા જ જીવાણુઓ જોઈ શોધને ખાતરીની મહોર મારી. આ રોગના જીવાણુઓનો આકાર અલ્પવિરામ જેવો હોઈ એ કૉમા બૅસિલસ કહેવાય છે, એનું બીજું નામ કૉલેરા વિબ્રાયો (Cholera Vibrio).

સૈકાઓ અગાઉ બ્રિટનમાં કૉલેરાનો કાળો કેર વર્તતો હતો; પણ ઇજિપ્તમાં છેલ્લેલ્લો ૧૯૪૭માં કૉલેરા ફાટી નીકળ્યા સિવાય ૧૯૩૦ પછી એશિયાની સરહદ બહાર કૉલેરાનો રોગચાળો થયો નથી. એશિયામાં જાવા, જાપાન અને ફિલિપાઈન્સ આ રોગથી મુક્ત છે. હિંદનો તો કોઇ પણ ભાગ આ રોગથી મુક્ત નથી, પણ તેમાં યે બંગાળ તો આ રોગનું ધામ છે. વર્ષભરમાં એના છૂટાછવાયા કેસો થયે જ જાય છે. આ ઉપરાંત મદ્રાસ, સંયુક્ત પ્રાંતો, મુંબાઈ અને બર્મામાં એનો રોગચાળો થાય છે. કદીક તે વ્યાપક રૂપ ધારણ કરી આખા દેશમાં ફરી વળે છે.

કૉલેરાના જીવાણુઓને ગરમી અને ભીનાશ અનુકૂળ આવે છે. એનો રોગચાળો ઉનાળા અને શરદઋતુમાં ફાટી નીકળે છે. ચોમાસામાં પુષ્કળ વરસાદ વખતે અને શિયાળાની ઠંડીમાં તે શમી જાય છે. બંગાળામાં એપ્રિલ, મે અને નવેમ્બર માસમાં કૉલેરા ફાટી નીકળે છે, તો પંજાબમાં પુષ્કળ વરસાદના સમયે.

કારણો

એ તો હવે નિર્વિવાદ બીના છે કે કૉલેરા થવાનું કારણ કૉલેરા વિબ્રાયો નામના જીવાણુઓ જ છે. આ જીવાણુઓ રોગીના નાના આંતરડાના ઉપરના ભાગ (ગ્રહણી ને મધ્યાન્ત્ર: Duodenum and Jejunum)માં વસે છે. એટલે સ્પષ્ટ થાય છે કે આ સ્થાને જવા માટે જીવાણુઓ હોજરીમાં થઈને જવા જોઈએ. આમ થવા માટે જીવાણુઓથી દૂષિત થએલાં (contanimated) ખોરાક કે પીણાં પેટમાં જવાં જોઈએ. ચેપ લાગવાનાં ઘણાં કારણોમાંથી મુખ્ય આ પ્રમાણે છે:

(૧) દૂષિત બનેલું પાણી: કૉલેરા એ પાણીથી થતો રોગ છે. કૉલેરાના જીવાણુઓ પાણીમાં લાંબો વખત જીવતા રહે છે. સરોવર, તળાવ, નદી કે ઝરાનાં પાણીમાં મળ અને ઊલટીવાળાં રોગીનાં કપડાં, પથારીની ચાદર ને ઓછાડ ધોવાથી પાણી દૂષિત બને છે. કૉલેરાના રોગીનાં શબ નદીમાં ફેંકવાથી નદીના લાંબા વિસ્તારનું પાણી દૂષિત બને છે. આવું પાણી પીવાથી કે તે વડે નહાવાથી ચેપ લાગુ પડે છે. આવા પાણી વતી માંજેલાં વાસણોમાં ખાવાથી પણ ચેપ લાગુ પડે છે.

(૨) દૂષિત ખોરાક: રાંધેલો ને કાચો ખોરાક ઘણાં કારણોસર દૂષિત બને છે. આને ચેપી બનાવનાર માખી છે. માખી કોઈ પણ પદાર્થ ઉપર જઈ બેસે છે. એમને મળ અને ખોરાક બંને માટે પસંદગી છે. વળી તેમની ભૂખ કદી સંતોષાતી નથી. ખાવાનું દેખે કે એના ઉપર જઈ બેસે છે. ખાતાં અગાઉ ત્યાં આગલા ખોરાકની ઊલટી કરે છે. આથી આગલા ખોરાકનાં ચેપાળ દ્રવ્યો વતી આપણો ખાવાનો ખોરાક દૂષિત બને છે. કૉલેરાના રોગચાળા વખતે, ઉઘાડો પડી રહીને માખીઓ ને ધૂળ વતી દૂષિત બનેલો ખોરાક ખાવો એ રોગને આમંત્રણરૂપ થઈ પડે છે.

દૂધ પણ ચેપનું મુખ્ય કારણ છે. દૂધમાં દૂષિત પાણી ઉમેરવાથી કે ઉઘાડા રહેલા દૂધમાં માખો બેસવાથી દૂધ ચેપાળ બને છે. દૂષિત પાણીથી ધોવાએલાં વાસણોમાં દૂધ ભરવાથી પણ તે દૂષિત બને છે. દૂધમાં કૉલેરાના જીવાણુઓ સારીરીતે સંવર્ધન પામે છે. દૂષિત પાણીથી ધોવાએલાં ફળ અને શાકભાજી કાચાં ખાવાથી ચેપ લાગ્યા વિના રહેતો નથી. રાંધેલો ખોરાક સહીસલામત છે, પણ તે ઉઘાડો રહેવાથી એના ઉપર માખીઓ બેસવાથી તે દૂષિત થયા વિના રહેતો નથી.

(૩) કૉલેરાના વાહકો: રોગની કોઈ પણ નિશાની બતાવ્યા વિના માનવીનાં આંતરડાંમાં વસતા કૉલેરાના જીવાણુઓ મળ વાટે બહાર ફેંકાય ને બીજાને ચેપ લાગુ પાડે તે (માનવી) 'રોગના વાહક' કહેવાય છે. આવો માણસ નોકર કે રસોયા તરીકે રાખ્યો હોય તો તે ઘરના માણસોને ચેપ લગાડ્યા વિના રહેતો નથી. ટૂંકામાં એટલું જાણવા જેવું છે કે રોગીનાં ઝાડા અને ઊલટીમાં કૉલેરાના જીવાણુઓ પુષ્કળ સંખ્યામાં હોય છે. આ જીવાણુઓ ખોરાક કે પાણી વાટે તંદુરસ્ત માનવીના શરીરમાં જતાં તેને ચેપ લાગુ પડે છે.

ચિહ્નો

કૉલેરાનાં ચિહ્નો અને લક્ષણો એવાં તો સ્પષ્ટ છે કે સામાન્ય બુદ્ધિવાળો માનવી પણ એને પારખી શકે છે. ખરા ઉનાળામાં તીર્થક્ષેત્રોમાં

મેળા કે અન્ય સ્થળોએ માણસોની ભીડ જામતાં કૉલેરા ફાટી નીકળવાનો સંભવ રહે છે. એટલે રોગી કોઈ કૉલેરાગ્રસ્ત પ્રદેશ કે તીર્થસ્થાનમાંથી પાછા ફર્યાની હકીકત જાણવા મળે તો તરત રોગની પ્રતીતિ થઈ જાય છે. અગર તો કોઈ કિસ્સામાં કૉલેરાના રોગીની સારવારમાં પડ્યાની માહિતી કે નજદીકમાં કૉલેરાનો રોગચાળો હોવાનો ઇતિહાસ જાણવા મળતાં પણ કારણ પકડાય છે.

રોગીને મોડી રાતના ડૂંટીની આસપાસ બેચેની લાગવા માંડે છે. પછી તેને અનાયાસે સાધારણ દસ્ત થાય છે. એની પછવાડે બીજો થાય છે. પછી ચોખાના પાણી જેવા ધોળા રંગના ને ઉગ્ર વાસવાળા પ્રવાહી ઝાડા ઉપરાઉપરી થાય છે. ઝાડા વિનાપ્રયાસે ને પીડા વિનાના હોય છે. ઝાડાના જેવી જ, ચોખાના પાણી જેવા રંગની ધોળી ઊલટી થાય છે. ઝાડાની સંખ્યાના પ્રમાણમાં રોગી એકદમ અશક્ત બને છે. એકબે ઝાડા પછી તે પથારીવશ બને છે ને પથારીમાં જ મળ થયા કરે છે. પગની ફાટ, પેશાબની બંધી, શરીરે બળતરા, તરશ, અશક્તિ, ઠંડુંગાર શરીર, આવાં અને નિર્બળતાનાં બીજાં ચિહ્નો થઇ આવે છે.

ઝાડા અને ઊલટી વાટે શરીરમાંથી પુષ્કળ પાણી જતું રહેવાથી રોગી સુકાઈ ગએલો, આંખો ઊંડી ઊતરી પડેલો, ગાલમાં ખાડા પડેલો ને નિસ્તેજ નજરે પડે છે. વહી ગએલું પાણી ભરપાઇ કરવા માટે રોગીને પુષ્કળ તરસ લાગે છે; પણ હોજરીમાં બિલકુલે પાણી ટકતું નથી. બલ્કે પાણીથી ઊલટી વધે છે. કૉલેરા વખતે સાધારણ રીતે તાવ હોતો નથી, પણ જો બગલમાં ૧૦૩ અંશ ફૅરનહાઇટ કે વધુ ગરમી થર્મોમીટર બતાવતું હોય તો તે પ્રાણઘાતક નીવડવાની નિશાની છે.

કૉલેરા બે રૂપમાં દેખા દે છે. મંદ હુમલા વખતે ઝાડા અને સુસ્તી હોય છે જ્યારે ઉગ્ર હુમલા વખતે ચોખાના પાણી જેવા પુષ્કળ ઝાડા ને ઊલટી હોય છે. આ વખતે રોગી થોડા કલાકોથી માંડી એક બે દિવસમાં મરણ પામે છે: અલ્પવિરામ આકારના જીવાણુઓ માનવજીવનમાં અકાળે પૂર્ણવિરામ મૂકે છે! ગઇ કાલે સાજાતાજા દેખેલા માણસને એક દિવસના ઝાડાની બીમારીમાં મરી જતો સાંભળીએ તે આ કૉલેરાના બીજા પ્રકારથી. રોગની ભયંકરતાનો આધાર જીવાણુઓની સંખ્યા અને ઉગ્રતા ઉપર અવલંબે છે. આના આધારે રોગ ઉગ્ર કે મંદ હોઈ શકે, પણ રંગ વગરના પ્રવાહી પુષ્કળ ઝાડા, પુષ્કળ ઊલટી, માંસપેશીઓની ફાટ, પેશાબ ના થવો અને અતિશય અશક્તિ એ કૉલેરાનાં પ્રાણઘાતક લક્ષણો છે. ઉગ્ર કૉલેરામાં ઝાડા લોહી જેવા રંગના થાય છે; તો વળી કૉલેરાનો ચોથો પ્રકાર સૂકા કૉલેરા (Cholera Sicea)નો છે. આમાં ઝાડા કે ઊલટી થતાં નથી. આંતરડાંની નબળાઇને લીધે એમાં જ પ્રવાહી મળ ભરાઇ રહે છે ને રોગી થોડા વખતમાં મરણ પામે છે.

રોગના ત્રણ લાક્ષણિક તબક્કાઓ છે: ઝાડા-ઊલટીનો પહેલો તબક્કો (stage of eracuation), જે એકબે કલાક કે વધારે વખત ચાલે છે. આ પછીનો તબક્કો ઠંડીનો (cold stage) છે, જે થોડા કલાકથી માંડી, રોગની ઉગ્રતા મુજબ, દિવસો પર્યંત નભે છે. આમાં શરીરની ગરમી ઘટે છે; રોગી મડદા જેવો લાગે છે; નાડી મંદ પડે છે ને તે કાંડા ઉપર દેખાતી નથી; ઊલટી અને ફાટ ચાલુ રહે છે પણ ઝાડા થતા નથી; પેટમાં ચૂંક તરશ અને થકાવટ દેખાય છે; પેશાબ થતો નથી પણ રોગીનું મન ચોખ્ખું રહે છે. આ સ્થિતિ લાંબો સમય ચાલે તો રોગી મૃત્યુ પામે છે. ત્રીજો તબક્કો પ્રતિક્રિયા(reaction)નો છે. શરીરની ગરમી વધે છે, નાડીના ધબકારા ચાલુ થાય છે, શરીરનું પ્રવાહી વહી જવાથી લોહી ઘટ્ટ બનતાં પેશીઓ સૂકી બને છે, હૃદય થાકવાથી ઘટ્ટ લોહી ગુરદાઓમાંથી પસાર થતાં પેશાબ-બંધી થાય છે, અને આના લીધે મૃત્યુ આવી પડે છે. સારાં ચિહ્નોમાં રોગીને કુદરતી ગાઢ નિદ્રા આવે છે જે પછી તેને જલદી વળતા વાટ થાય છે.

એ તો અનુભવની બીના છે કે જીવાણુઓથી થતા ચેપી રોગો અટકાવી શકાય એવા છે. અટકાવી શકાય એવા રોગોમાં હિંદમાં મલેરિયા પછી બીજું સ્થાન કૉલેરાનું છે. મલેરિયા કરતાં કૉલેરા ભયાનક છે, કારણ કે રોગચાળા વખતે તે ઘણાને લાગુ પડે છે અને મોટા ભાગે પ્રાણઘાતક નીવડે છે. વળી રોગ દરમિયાન રોગી બેશુમાર પીડાય છે. ચોખ્ખાઇના નિયમોના અજ્ઞાનને લીધે રોગચાળો ઝડપથી ફેલાય છે. રોગીનાં ઝાડા ને ઊલટીના બેફામ નિકાલથી અને જનસમુદાયના વપરાશમાં લેવાતાં જળાશયોમાં રોગીનાં કપડાં ધોવાવાથી રોગચાળો વ્યાપક બન્યા વિના રહેતો નથી. વળી રોગચાળા વખતે દેવોની કૃપા પામી રોગની શાંતિ માટે હોમહવન ઇત્યાદિ કરાવવામાં આવે છે. અભણ અને ગામડિયા તો શું, પણ ભણેલાઓ પણ આમાં આસ્થા અને માન્યતા ધરાવતા જોવામાં આવે છે. ખરી રીતે તો આ સમયે ગામસફાઈ અને ચોખ્ખાઈનું કામ ઉપાડવા જેવું છે. દાક્તરો ને સમાજસેવકોએ રોગ થવાનાં સાચાં કારણોનું જ્ઞાન લોકોમાં ફેલાવવાનું છે.

રોગનાં કારણો જાણ્યાં હોઈ તે અટકાવવાનાં પગલાં સ્પષ્ટ થશે:

(૧) શુદ્ધ કરેલું પાણી પીવું. નળનું પાણી શુદ્ધ બનાવેલું હોય છે; પણ નદી કૂવા કે સરોવરનું પાણી ઉકાળીને વિશુદ્ધ બનાવ્યા બાદ પીવામાં લેવું. વાપરવાનું પાણી પણ પોટાશ પરમૅન્ગેનેટ વતી શુદ્ધ બનાવેલું હોવું જોઇએ. ઝાંખો ગુલાબી રંગ બને એટલા પ્રમાણમાં પોટાશ પરમૅન્ગેનેટ નાખી અરધા કલાક સુધી ઠરવા દીધા બાદ તે પાણી વાપરવું.

(૨) માખીથી જાળવવું: માખી આરોગ્યનો મોટો દુશ્મન છે. દૂધ ને ખોરાક ઢાંકેલાં રાખવાં, ઉઘાડાં પડી રહેલાં ખાદ્યોને ઝેર સમજવાં.

(૩) હોજરી ન બગડે તે જાળવવું. હોજરીના પાચકરસમાંનો હાઇડ્રોક્લોરિક ઍસિડ કૉલેરાના જીવાણુઓનો નાશ કરનાર છે પણ જ્યારે હોજરી બગડે ત્યારે આ ઍસિડનો સ્રાવ ઘટે છે. આમ થતાં રોગના જીવાણુઓને પેટમાં ફાલવાનું સુગમ બને છે. કાચાં કે વધુકાં પાકી ગએલાં કે સડેલાં ફળ ને કહોવાએલી મચ્છી વગેરે ખાવાથી યે હોજરી બગડે છે. વળી વધારે પ્રમાણમાં ઠંડાં પીણાં પીવાથી પણ હોજરીનો સ્રાવ ઘટે છે. ઉપરાંત અશુદ્ધ પાણીનો બનેલો બરફ જાતે જ દૂષિત હોવાથી તે ખાવાથી પણ ચેપ લાગ્યા વિના રહેતો નથી.

(૪) શરીરની શક્તિ ન ઘટે તે જાળવવું: જ્યાં સુધી શરીરની પ્રતિકારશક્તિ સાબૂત હોય છે ત્યાં સુધી જીવાણુઓ આંતરડાંમાં ગયા હોવા છતાં ય વ્યક્તિને રોગ થતો નથી, અગર તો જીવાણુઓ સુષુપ્ત પડી રહે છે. શરીરની પ્રતિકારશક્તિનો હ્રાસ આટલાં કારણોસર થાય છે: (ક)ટાઢ કે શરદી લાગવી, (ખ) ઉપવાસ અને (ગ)મીઠાનો જુલાબ લેવો. રોગચાળા દરમિયાન ઉપવાસ ન કરવા કે મીઠાના જુલાબ ન લેવા.

(૫) ઘર અને ફળિયું ખૂબ ખૂબ ચોખ્ખાં રાખવાં. ગંદકીમાં જ માખી ઊછરે છે અને વસે છે. કૉલેરાને ફેલાવનાર માખીઓ છે. ગંદકી દૂર થતાં માખીઓનો ત્રાસ પણ ઓછો થાય છે.

(૬) વાસી ને રાંધ્યા વિનાનો ખોરાક હરગીજ ન ખાવો. દૂધ ગરમ કર્યા બાદ જ પીવું. કાપેલાં ફળ પણ કદી ન ખાવાં, કારણ કે એના ઉપર માખીઓ બેસવાનો સંભવ છે. કાચાં ખાવાનાં ફળ અને શાકભાજી પોટાશ પરમૅન્ગેનેટના પાણીથી બરાબર ધોયા બાદ ખાવાં. રોગચાળા વખતે કાકડી, તડબૂચ, સકરટેટી ને પાનવાળાં શાકભાજી ન ખાવાં.

(૭) કૉલેરાની રસી લેવી. એથી રોગ સામે રક્ષણ મળે છે. રસી લીધા પછી અઠવાડિયે રોગક્ષમતા પ્રાપ્ત થાય છે જે છ માસ પર્યંત ટકે છે.

કૉલેરા અટકાવવાના ત્રણ મુખ્ય મુદ્દાઓ આ રહ્યા: (અનુ. પૃ. ૪૮૮)

આબુની ગોદમાં આવેલું પ્રાચીન કલાવશેષોનું ધામ

દેવાંગણ

લેખક • ડૉ. પ્રિયબાળા શાહ

ફોટો • બાળકૃષ્ણ અમૃતલાલ ત્રિવેદી

આબુ પહાડ પરના અનાદરા પૉઈંટના રસ્તે લગભગ છ માઈલ નીચે ઊતરી અમે તળેટીમાં ગયાં. ઊતરવાનો રસ્તો એકંદરે ઠીક, પણ એટલો કાચો હતો કે વાતમાં ધ્યાન ન રહેતાં એકાદ પથ્થર પર પગ પડે તો સરકી જતાં વાર ન લાગે. તળેટીમાંથી લગભગ પંદરેક મિનિટ ચાલ્યા પછી ડાક બંગલો આવે છે. ત્યાંથી ડાબી બાજુ ફંટાઈ પાંચેક મિનિટના રસ્તા બાદ અમે એવા ગીચ જંગલમાં પ્રવેશ કર્યો કે મનમાં થોડોક ફફડાટ થવા માંડયો કે રખે કોઇ રાની પશુ અણચિંતવ્યું મહેમાનગીરી કરવા આવી ચડે! ત્યાં એકાએક માથે લાકડાનો ભારો લઇને એક બાઈ ગીચ ઝાડીમાંથી બહાર નીકળી, તેથી હિંમત આવી. પછી તો જેમજેમ અંદર પહાડમાં ને ઝાડીમાં પ્રવેશવા લાગ્યાં તેમતેમ બકરાં, ગાયો, ભરવાડો, કઠિયારાઓ વગેરે પણ જોયાં અને આખરે અમે દેવાંગણમાં આવી પહોંચ્યાં.

અમે સાત જણ હતાં; પણ સાતેને સાથે બેસવા જેટલી ખુલ્લી જગ્યા પણ ત્યાં ન હતી, એટલે એક મોટી ખડકશિલા ઉપર અમે બેઠાં. પહાડ ઉપરથી અહીં સુધી આવતાં ત્રણ કલાક થયા હતા તેથી ભૂખ પણ લાગી હતી. એટલે સૌપ્રથમ અમે ભાથું ખોલીને ભૂખને સંતોષી અને પછી આજુબાજુનો પ્રદેશ ખૂંદવા માંડ્યો.

અહીં આવતાં જ મનમાં પ્રશ્ન થયો હતો કે આ સ્થળને 'દેવાંગણ' કેમ કહેતા હશે. પણ ચોમેર અમે અનેક મંદિરોનાં જે ખંડિયેરો જોયાં તે પરથી એ નામ સાર્થ થતું લાગ્યું. ઇષ્ટિકાની ભીંતો, તેની બારીઓ ને ગોખ સાથે જેવી ને તેવી ત્યાં ખડી હતી. કમલાકૃતિ વગેરે અનેક પ્રકારના શિલ્પથી મંડિત આરસનાં પગથિયાં આજુબાજુ પડેલાં હતાં. અને દૂર દૂર નજર કરતાં અફાટ વિસ્તારમાં ઈંટો, મૂર્તિઓ અને પથ્થર તેમજ આરસના સંખ્યાબંધ ખંડિત અવશેષો ભરચક દેખાતાં હતાં. વચ્ચે એક મંદિર જીર્ણાવસ્થામાં ઊભું હતું.

મંદિરની મુખ્ય મૂર્તિ વિષ્ણુની હતી. પાંચેક ફૂટ ઊંચી એ મૂર્તિ કાળા પથ્થરમાંથી ઘડેલી હતી અને તેની ફરતા પરિકરમાં દશાવતારની નાની મૂર્તિઓ હતી. આ મૂર્તિની પૂજા થતી હોય એમ લાગ્યું, કારણકે મંદિરના એક ખૂણામાં દીવા કરેલાં કોડિયાંનો ઢગલો તાજી

ત્રિમૂર્તિ શિવ



માતૃકા





ગુજરાતી તક્ષણકળાના રત્નસમી યોગીશ્વર વિષ્ણુની મૂર્તિ

બળેલી દીવેટો સાથે પડ્યો હતો. મંદિરની એક દીવાલ પર સં. ૧૫૯૨ જેવું કાંઈક અસ્પષ્ટ કોતરેલું નજરે પડતું હતું, પણ મંદિર કોણે બંધાવ્યું હશે તેનો કોઈ પણ જાતનો ઉલ્લેખ જણાતો ન હતો. એના પ્રાકારમાં કેટલીક મૂર્તિઓ પડી હતી, જેમાં મુખ્ય સૂર્ય, નૃસિંહ, ગણેશ, માતૃકા અને એક વિરલ એવી 'યોગીશ્વર વિષ્ણુ'ની મૂર્તિ હતી. આ મૂર્તિઓ આજુબાજુનાં નષ્ટ થઇ ગએલાં મંદિરોમાંથી લાવીને મૂકેલી હોય એમ ભાસતું હતું અને આ સ્થળની કામેલ તક્ષણકળાનો સારો પરિચય આપતી હતી. મૂર્તિશાસ્ત્રના વર્ણન પ્રમાણે ઘડેલી એ સુંદર મૂર્તિઓ આ સાથે આપી છે.

સૂર્યની મૂર્તિના બંને હાથમાં ખીલેલાં કમળ છે. એનાં બખ્તર ને બૂટ ઈરાની પરંપરા સૂચવે છે. તેની બંને બાજુએ 'દંડ' અને 'પિંગળ' નામના બે શાસ્ત્રોક્ત અનુચરો ઊભેલા છે.[1] દંડના હાથમાં નામ પ્રમાણે દંડ છે, જ્યારે પિંગળના હાથમાં કલમ અને શાહીનું પાત્ર છે. સૂર્યના મૂર્તિવિધાનમાં તેની સાથે દંડ-પિંગળ હોય જ છે.

નૃસિંહની બે મૂર્તિઓ છે. તેમાંની એક નાની દોઢેક ફૂટની અને બીજી મોટી બે થી ત્રણ ફૂટની છે. મૂર્તિનો પત્થર લીલાશપડતો છે. નૃસિંહાવતાર એ વિષ્ણુનો જ (ચોથો) અવતાર છે, એમ દર્શાવતી ભગવાનના પગ નીચે માનવાકૃતિ ગરુડની મૂર્તિ છે. મોટી મૂર્તિની ચોમેર જે નાનીનાની આઠ શિલ્પાકૃતિઓ જણાય છે તેમાં બે ભાવ દેખાય છે: કેટલાક બે હાથ જોડીને ભક્તિપૂર્વક ઊભા છે, તો કેટલાક ભયથી વ્યાકુળ જણાય છે. તે પરથી સ્પષ્ટ અનુમાન કરી શકાય કે પ્રથમ

---

૧ उदीच्यवेशः स्वाकारः सर्वाभरणसंयुतः ॥
सुरूपरूपः स्वाकारो दण्डः कार्येऽस्य वामतः ।
दक्षिणे पिङ्गलो भागे कर्तव्यश्चातिपिङ्गलः ॥
(વિષ્ણુધર્મોત્તર પુરાણ ખંડ ૩, અ. ૬૭)



સૂર્ય



નૃસિંહ



વરાહ

પ્રહ્લાદપક્ષીય હશે અને બીજા હિરણ્યકશિપુના અનુચરો હશે. ખોળામાં રાખેલા દૈત્ય હિરણ્યકશિપુનું વક્ષઃસ્થળ ચીરતા નરસિંહ ભગવાનના વિકરાળ સિંહમુખની કેશવાળીના હવામાં ઊડતા બતાવેલા વાળ અહીંની બારીક કારીગરીના નિદર્શક છે. ગણેશની મૂષક સાથેની બહુ જ જાણીતી મૂર્તિ પણ તક્ષણકળાના ઉત્તમ નમૂનારૂપ છે.

એક બેઠેલી માતૃકાની મૂર્તિ પણ ધ્યાન ખેંચે તેવી છે. મૂર્તિ લલિતાસનમાં છે. તેના વાળેલા જમણા પગ નીચે હાથીની આકૃતિ હોવાથી તે ઇન્દ્રાણી લાગે છે. બેઉ બાજુ ગોદમાં બે બાળકો બેઠેલાં છે.

પણ સૌમાં વિરલ અને અગત્યની મૂર્તિ તો યોગીશ્વર વિષ્ણુની ધ્યાનસ્થ મૂર્તિ છે. જોકે મુનિ જયંતવિજયજી એને બુદ્ધાવતારની ગણે છે.[2] મૂર્તિના ચાર હાથ પૈકી બે હાથ યોગમુદ્રામાં છે અને બેમાં અનુક્રમે શંખ અને ચક્ર છે. આયુધોવાળા બે હાથ ખભા સુધી ઊંચા છે. મૂર્તિ પદ્માસનમાં બિરાજેલી છે.

મંદિરની આગળ થઇને ઝરો વહે છે. તેને ઓળંગી સામે પાર એક પ્રાચીન મંદિરના ભગ્નાવશેષમાં અમે ગયાં. ત્યાંના એક ગોખમાં સુંદર ત્રિમુખ મૂર્તિ જોઇ. સામાન્યરીતે ત્રિમુખ મૂર્તિને જોઇને લોકો તેને આપણી પુરાણોક્ત પ્રસિદ્ધ ત્રિમૂર્તિ—બ્રહ્મા વિષ્ણુ ને શિવની સંયુક્ત મૂર્તિ માનવા લાગી જાય છે, અને મુંબાઈ પાસેની એલિફન્ટાની મૂર્તિ બાબતમાં પણ આ જ ભૂલ પ્રવર્તે છે; પણ વસ્તુતઃ તે શિવની મૂર્તિ છે. આ મૂર્તિનાં પણ ત્રણે મુખને ઝીણવટથી જોતાં વચલા મુખને ત્રીજું લોચન છે અને તેના જટામુકુટમાં ચંદ્રકલા છે, બન્ને હાથમાં અક્ષસૂત્ર અને માતુલુંગ છે. રુદ્રના 'તત્પુરુષ સ્વરૂપ'ના[3] હાથમાં આ ચિહ્નો આપવામાં આવે છે. આથી એ વચલું મુખ 'તત્પુરુષનું મુખ' છે. જમણી બાજુના મુખમાં ભૈરવ કે અઘોરના મુખમાં હોય છે તેવા બે દાંત આગળપડતા છે અને માથા પર કરંડમુકુટ છે. એક હાથમાં ખપ્પર છે અને બીજો હાથ ખંડિત છે. સાધારણ રીતે રુદ્રના 'ઈશાન સ્વરૂપ'ના[4] એક હાથમાં ખપ્પર અને બીજા હાથમાં શૂલ હોય છે, એટલે આપણે બીજા હાથમાં શૂલનું અનુમાન કરી શકીએ. ડાબી બાજુની મૂર્તિને જટામુકુટ છે, અને બાકીનાં લક્ષણ વચલા મુખ જેવાં જ છે. માત્ર તેને ચંદ્રકલા નથી. આ મુખ સૌમ્ય છે. તેના ડાબા હાથમાં લગભગ અરધા ઈંચના ઘેરાવાવાળું અને પાંચથી છ ઇંચ લાંબું એવું, એક છેડે અણીવાળું કલમ કે ટાંકણા સરખું કાંઈક છે, જે સૂર્યના અનુચર પિંગળના હાથની કલમને મળતું છે. જમણો હાથ ખંડિત છે. એકાદશ રુદ્રમાંના 'એકપાદ કે એકનેત્ર શિવ'ના હાથમાં ટંક અને મૃગ હોય છે.[5] તેથી બીજા ખંડિત હાથમાં મૃગ હોવાનું આપણે અનુમાન કરવાનું રહે છે.

આમ, મૂર્તિના આયુધો તથા મુખ પરના ભાવોથી મહેશ, ત્ર્યમ્બક કે શિવની જણાતી આ મૂર્તિ મૂળ તો સફેદ પથ્થરની હશે, પણ અત્યારે પાણી અને હવાની અસરને કારણે તેનો રંગ મેલો પડી ગયો છે. મારી દૃષ્ટિએ આ મૂર્તિ ઉત્તમ શિલ્પકૃતિ લાગી.

ટેકરીની પાછળની બાજુ જમીનમાં દટાએલી એક મૂર્તિનું મુખ બહાર હતું તે પરથી સ્પષ્ટ રીતે વરાહની મૂર્તિ જણાતી હતી. અમે ખોદીને બહાર કાઢી અને સ્નાન કરાવ્યું. મૂર્તિ લગભગ બે ફૂટની છે. એને ચાર હાથ છે. એક હાથમાં સૂક્ષ્મ કારીગરીવાળું ચક્ર છે અને બીજા ત્રણ હાથ ખંડિત છે. મૂર્તિ ઊભેલી છે. પૃથ્વીને સમુદ્રમાંથી બહાર કાઢતાં થએલો સંતોષ મુખ પર સ્પષ્ટ વ્યક્ત થાય છે. આના વાળ નૃસિંહાવતારની મૂર્તિના વાળ જેવા જ હોવાથી શૈલીના મળતાપણાની પ્રતીતિ થાય છે. આવી સુંદર મૂર્તિ જમીનમાં દટાએલી પડી હતી અને આવો તો બીજો કેટલો યે દટાયેલો શિલ્પનો ખજાનો (અનુસંધાન પૃષ્ઠ ૪૮૮)

---

૨ 'કમલાસન પર બેઠેલા એક વિષ્ણુ(બુદ્ધ અવતાર)ની સુંદર મૂર્તિ છે. જેના બે હાથ જૈન મૂર્તિઓની જેમ પદ્માસન ઉપર રાખેલા છે, અને ઉપરના બે હાથમાં કમળ અને શંખ છે.' (તીર્થરાજ આબુ પૃ. ૨૫૮-૨૫૯)

૩ तत्पुरुषः मातुलिङ्गं करे वामेऽक्षमाला दक्षिणे तथा ॥

(प्रतिमालक्षणानि पृ. १८९)


૪ ईशः शूलं दक्षिणहस्ते तु कपालं वामहस्तके ॥(प्रतिमा० पृ. २६५)

૫ एकपाद.–हस्ते टङ्कमृगं वराभयकरं पादैकयुक्तं विभुम्

(प्रतिमालक्षणानि,પૃ.૧૯૩ ને એકનેત્રના વર્ણન માટે જુઓ પૃ. ૪૦૨-૪૦૩)

અગસ્ત્યને પગલે

લેખક અને ફોટોકલાકાર
નવનીત પારેખ



ટોકિયો જેમ જાપાનનું મુખ્ય રાજદ્વારી તથા શિક્ષણ-કેન્દ્ર, ને ઓસાકા ઔદ્યોગિક તથા વ્યાપારી કેન્દ્ર, તેમ ક્યોટો તેનું સાંસ્કૃતિક કેન્દ્ર છે. ટોકિયો ભલે જાપાનનું મસ્તક હોય; ક્યોટો તો તેનું હૃદય છે. પ્રાચીન હિંદુ સંસ્કૃતિનું વારાણસી (કાશી), મુસ્લિમ સંસ્કૃતિનું લખનૌ અને દક્ષિણ ભારતીય સંસ્કૃતિધામ તાંજોર એકઠાં મળીને આપણે ત્યાં જે સાંસ્કૃતિક અગત્ય તથા વિશિષ્ટતા મેળવે તે જાપાનમાં એક ક્યોટો શહેરમાં જોવા મળે. તેથી ક્યોટો પહોંચતાં સ્વાભાવિકરીતે જ હું પુલકિત થયો.

અહીં પણ શ્રી યોશીઓ શિમિડ્ઝૂ તથા તેમના તરુણ પુત્ર કઝૂઓ મારી સરભરા કરવા હાજર હતા. સૌ પ્રથમ અમે શહેર બહાર આવેલા કિનકાકુજી મંદિર પર આવ્યા. રસ્તામાં જ યુવાન શિમિડઝૂ બોલી ઊઠયા કે ક્યોટોમાં તો આશરે પંદરસો બૌદ્ધ મંદિરો અને બસ્સો શિન્ટો સ્થાનકો છે. એટલે અમારે ચૂંટેલાં સ્થળોએ જ જવાનું હતું.

એક પહાડી તળેટી પાસે ચીડ અને ઓક વૃક્ષોની ઘટા વચ્ચે કિનકાકુજીનો સુવર્ણ-મંડપ આવેલો છે. ચૌદમી સદીમાં તે જાપાનના શોગુન યોશીમિત્સુનો આવાસ હતો. તેના મૃત્યુ પછી તેનું બૌદ્ધ મંદિર બનાવવામાં આવ્યું. ૧૯૫૦માં તે પુરાણો સુવર્ણમંડપ બળીને ખાખ થઈ ગયો હતો, પરંતુ પ્રણાલિકાનિષ્ઠ જાપાનીઓએ તે જ સ્થળે અસલ જેવો જ નવો સુવર્ણ-મંડપ ઊભો કરી દીધો છે. મંડપ આસપાસ નાનકડું સરોવર પણ છે, જે તેની મોહકતામાં વધારો કરે છે. આ મંદિરને ભળતું બીજું મંદિર ગીનકાકુજીનું છે. તેનો અર્થ થાય રૌપ્ય-મંડપ. પંદરમી સદીમાં તે આશીકાગાના શોગુનનો આવાસ હતો અને તેની મહેચ્છા આખા મંડપને અંદરથી રૂપાના વરખથી મઢી દેવાની હતી. તેની અભિલાષા તો સિદ્ધ ન થઈ, પરંતુ મંડપનું નામ તો રહી ગયું.

ત્યાંથી અમે ક્યોટોનાં બધાં જ મંદિરોમાં કદાચ સૌથી ભવ્ય ચીઓન-ઇન મંદિર પર આવ્યા. બૌદ્ધ ધર્મના જોડો સંપ્રદાયનું આ મુખ્ય કેન્દ્ર છે. શ્રી શિમિડ્ઝૂએ સમજાવ્યું કે જોડો બૌદ્ધો અમીદા (અમીતાભ—બુદ્ધ)નું ધ્યાન ધરે છે ને તેમની એકમાત્ર અભિલાષા મૃત્યુ પછી પવિત્ર ભૂમિ જોડો દેશમાં જન્મ લેવાની હોય છે. આપણા વૈષ્ણવો જેમ મૃત્યુ પછી વૈકુંઠ કે ગોલોક-વાસ ઇચ્છે છે, કે શૈવો 'કૈલાસ-વાસી' થવા ઇચ્છે છે, તેમ આ જોડો બૌદ્ધો મૃત્યુ પછી અમીદા-બુદ્ધની પવિત્ર ભૂમિ 'જોડો' (એટલે 'પશ્ચિમનું સ્વર્ગ')માં જન્મ લેવાની અભિલાષા સેવે છે. ભગવાન બુદ્ધની જન્મભૂમિ ભારત જાપાનની તો પશ્ચિમે જ આવીને! અફસોસ એટલો જ છે કે આપણા જ લોકોને ભારતભૂમિમાં જન્મ મળવાના મહાભાગ્યની કિંમત નથી અને આપણી ઉદાત્ત સંસ્કૃતિમાંથી પ્રેરણા લેવાને બદલે તેઓ પશ્ચિમની છીછરી ભૌતિક જીવનરીતિનું આંધળું અનુકરણ કરે છે.

જાપાનનાં સૌથી મોટાં મંદિરોમાં ગણનાપાત્ર અને સત્તરમી સદીમાં બંધાએલા આ ચીઓન-ઈન મંદિરમાં ઉત્તમ પ્રકારનું લાકડું વાપર્યું છે. મંદિરના આંગણામાં જ ઉપર માળવાળો ભવ્ય દરવાજો હતો. દક્ષિણ ભારતમાં આપણાં મંદિરોના પ્રવેશદ્વાર ઉપર ભવ્ય, ઉત્તુંગ ગોપુરમ્ બાંધેલાં હોય છે તેવી પ્રણાલિકા અહીં પણ છે. તેને 'નીઓ-મોન' (દેવ-દ્વાર) કહે છે. ચીઓન-ઇનનું દેવદ્વાર ૮૦ ફીટ–આખા જાપાનમાં સૌથી ઊંચું–છે. મંદિરની અગ્નિ દિશાએ એક ભવ્ય ઘંટ છે. અમે પ્રથમ ત્યાં જઇને ઘંટારવ કરી ભગવાન બુદ્ધ પ્રત્યેની અમારી ભક્તિ જાહેર

★

જમણી બાજુ: જાપાનની લાક્ષણિક શૈલીનો શિન્ટો-સ્થાનકનો પત્થરનો દરવાજો તથા મંદિરના પ્રાંગણમાંનું પત્થરનું દીપ-સ્થાનક (ક્યોટો); નીચે: મારા યજમાન શિમિડ્ઝુસાન તથા તેમના યુવાન પુત્ર કઝૂઓ શિમિડ્ઝુ.







ક્યોટો શહેરની બહાર આવેલા નાનકડા સરોવરની વચ્ચે સોહતું કિનકાકુજીનું આ સુવર્ણમંદિર. ચૌદમી સદીમાં જાપાનના શોગુન યોશીમિત્સુનો આવાસ હતું, તેમાંથી તેના મૃત્યુ પછી બૌદ્ધ મંદિર બનાવવામાં આવ્યું. નીચે: જાપાનમાં ચાલતા બીજા ધર્મસંપ્રદાય શિન્ટોનું આ હેઈઅન-સ્થાનક ક્યોટોનાં સર્વ શિન્ટો સ્થાનકોમાં મુખ્ય છે.

કરી. બૌદ્ધ મંદિરમાં જઇને સૌ પહેલાં ઘંટાનાદ કરવાનો જાપાનમાં જે રિવાજ છે એ પણ શુદ્ધ ભારતીય પ્રણાલિકા છે.

ચીઓન-ઈનનો ઘંટ ૧૮ ફીટ ઊંચો, નવ ફીટ વ્યાસનો ને ૭૪ ટન




વજનનો છે. સમગ્ર જાપાનમાં તે સૌથી મોટો ઘંટ છે. મંદિરમાં જોડો સંપ્રદાયના આદ્યસ્થાપક આચાર્ય હોનેનની મૂર્તિ છે. બૌદ્ધ પ્રથા અનુસાર મૂર્તિની આગળ લાકડાના નાના મેજ ઉપર એક સફેદ ગોળ ધૂપદાન હતું અને સાથે જ એક કાળા ડબ્બામાં સુખડનો ધૂપ હતો. થોડેક દૂરથી જ શિમિદ્ઝૂ-સાને મસ્તક ઝુકાવી જાપાની શૈલીથી પ્રણિપાત કર્યો. મેં જોયું કે તે વેળાએ તેમના હાથ આગળ ઢીંચણ પાસે ગોઠવેલા હતા. પાછળ જ હું હતો. મેં પણ તે જ પ્રમાણે શીશ નમાવી હાથ ગોઠવી હૃદયપૂર્વક તથાગત શાક્યમુનિની વન્દના કરી. બંને શિમિદ્ઝુસાને પોતાનાં ખિસ્સાંમાંથી નાની માળા કાઢી, અને અંગૂઠો બહાર રાખી આઠે આંગળાં ઉપર માળા ભરાવી દઇને હાથ જોડયા. પછી ધીમેથી માળા ડાબા હાથમાં લઈને જમણા હાથ વડે ત્રણ ત્રણ ચપટી ધૂપ કપાળ પાસે લઇ જઇને પછી ધૂપદાનમાં નાખ્યો. પછી ફરીથી બંને હાથ ઉપર માળા પહેરી લઇને માથું નમાવી હાથ જોડયા. મારી પાસે તો માળા નહોતી, તેથી ધૂપ અર્પણ કરી સાદા નમસ્કાર કર્યા. બેઉ શિમિદ્ઝુ સાન ધીમેથી મંત્ર ગણગણતા હતા: 'નમુ અમીદા બુત્સુ; નમુ અમીદા બુત્સુ (નમોઽમિતાભ બુદ્ધાય)'. મંદિરના ક્યોઝો (પુસ્તક ભંડાર)માં બધાં જ બૌદ્ધ સૂત્રોના ગ્રંથો છે.

ત્યાંથી નિશીહોન્ગાન્જીના, ને પછી એક ટેકરી ઉપરના કિયોમીઝુના મંદિર ઉપર ગયા. ત્યાં બૌદ્ધ કરુણા દેવી 'કાન્નોન'ની અગિયાર મસ્તકવાળી સુંદર મૂર્તિ જોઇને સંજૂ સંગેન્ ડો મંદિરે આવ્યા. બારમી-તેરમી સદીમાં બંધાએલા આ મંદિરમાં એક વિશાળ હૉલમાં કરુણાદેવી કાન્નોનની મુખ્ય મૂર્તિ છે. આઠ ફીટ ઊંચી આ કાષ્ટ મૂર્તિને એક

હજાર ભુજા છે! આર્ત અને પીડિત માનવોને આશિષ આપવા હજાર હાથ પણ ઓછા પડતા હોય તેમ આ મુખ્ય મૂર્તિની આસપાસ બીજી સાડા પાંચ ફીટ ઊંચી એક હજાર અને એક કાન્નોન દેવીની મૂર્તિઓ છે! દરેક મૂર્તિ કલામય તથા પ્રમાણશુદ્ધ છે અને તેના ઉપર ભારતીય બૌદ્ધ શિલ્પ-પ્રણાલિકાની સ્પષ્ટ છાપ દેખાય છે.

ક્યોટોનાં સર્વ શિન્ટો સ્થાનકોમાં હેઈઅન-સ્થાનક મુખ્ય છે. બીજે દિવસે ત્યાં જતાં મોટરમાં જ શિમિઝુ-સાનને મેં જાપાની બૌદ્ધ તથા શિન્ટો ધર્મ વિષે કેટલા યે સવાલો પૂછી નાખ્યા. બહુ ધીરજથી તેમણે સમજાવ્યું કે જાપાનના પ્રાચીન ધર્મનું નામ શિન્ટો છે. તેમાં કુદરતના અસંખ્ય દેવો ઉપરાંત પૂર્વજોની પણ પૂજા થતી. આપણા વૈદિક ધર્મમાં અગ્નિ, વરુણ, ઇંદ્ર, મરુત્ વગેરે કુદરતના દેવોની સ્તુતિ થતી, તેમ શિન્ટો ધર્મમાં પણ સમુદ્ર, નદીઓ, પર્વતો, વાયુ, અગ્નિ વગેરેના દેવતાઓની સ્તુતિ થતી. પરંતુ તેની સાથે આપણા ઉપનિષદોના જેવું ગાંભીર્ય કે ઊંડું તત્ત્વજ્ઞાન નહોતું. તેથી જ્યારે છઠ્ઠા સૈકામાં ચીન અને કોરિયા થઇને ભારતનો બૌદ્ધ ધર્મ જાપાન આવ્યો ત્યારે તે અત્યંત લોકપ્રિય થઈ પડ્યો. સૌ પ્રથમ ઈ. ૫૫૨માં કોરિયાના કુદર પ્રદેશના રાજાએ જાપાનના સમ્રાટને ભગવાન બુદ્ધની મૂર્તિઓ તથા બૌદ્ધ સૂત્રોની ભેટ મોકલાવી, ત્યારથી બૌદ્ધ ધર્મ જાપાનમાં દાખલ થયો. બૌદ્ધ ધર્મના નૈતિક સિદ્ધાંતોની સાથે જ ભારતનું તત્ત્વજ્ઞાન, લલિત કલાઓ, સાહિત્ય, સંગીત, સ્થાપત્ય વગેરે પણ આવ્યાં અને જાપાની જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં. મહાયાન બૌદ્ધ ધર્મના પ્રચંડ જુવાળ નીચે શિન્ટો ધર્મ ઢંકાઈ ગયો. એક વખત તો શિન્ટો દેવતાઓ બૌદ્ધ દેવ-દેવીઓ ને બોધિસત્ત્વોના અવતાર પણ ગણાવા લાગ્યા. બૌદ્ધ સમ્રાટોએ ભારતની જેમ બૌદ્ધ મંદિરો, વિહારો, રુગ્ણાલયો, અનાથાશ્રમો પણ બાંધ્યા અને જાપાનભરમાં એક પ્રચંડ સાંસ્કૃતિક હિલચાલ શરૂ થઇ. ભારતને 'તેન જીકુ' (સ્વર્ગીય રાજ્ય) કહેવા લાગ્યા. ભારતના સંગીત સાથે 'લુંબિની-વાદ્યવૃંદ' પણ આવ્યું. બૌદ્ધ ધર્મનાં રત્નત્રય (બુદ્ધ, ધર્મ ને સંઘ) પ્રસ્થાપિત થયાં. પાછળથી મતભેદ થતાં ધર્મમાં વિવિધ શાખાઓ અને સંપ્રદાયો પણ પડ્યાં. આજે જાપાનમાં લગભગ ૭૩ હજાર બૌદ્ધ મંદિરો છે અને ૯૦ હજાર શિન્ટો સ્થાનકો છે. જાપાનમાં આશરે સાડાચાર કરોડ લોકો બૌદ્ધ ધર્મમાં માને છે, પરંતુ તેમાંના ઘણા શિન્ટો ધર્મમાં પણ શ્રદ્ધા રાખે છે. બૌદ્ધ મંદિરોના દેવ દ્વારની ડાબી અને જમણી બાજુએ ભીષણ દેખાવના દેવરાજની એક એક મૂર્તિ હોય છે: એક લાલ રંગની અને બીજી લીલા રંગની. તે મંદિરના રક્ષકો ગણાય છે. પ્રવેશદ્વારની બે બાજુએ રક્ષણ માટે એક એક સિંહની મૂર્તિ પણ ગોઠવેલી હોય છે. ગુચ્છાવાળી પૂંછડી અને આગળના ઊભા ટેકવેલા પગવાળા આ સિંહ નેપાળનાં મંદિરોના પ્રવેશદ્વાર પાસે ગોઠવેલા સિંહ જેવા જ છે. નેપાળ તથા કોરિયા માર્ગે ભારતીય સ્થાપત્ય અને શિલ્પ સાથે આ પ્રણાલિકા પણ અહીં આવી છે, છતાં પણ જાપાની લોકો ભૂલમાં તેમને કોરિયાના કૂતરા તરીકે ઓળખે છે! ઘણાં બૌદ્ધ મંદિરોમાં 'એમ્મ-ડો' હોય છે. એમ્મ એટલે યમ અને ડો એટલે ભવન. આ યમ-ભવનમાં યમરાજની એક ભયાનક મૂર્તિ પણ હોય છે. બૌદ્ધ જપ-માળાને પણ ૧૦૮ મણકા હોય છે અને નવા વર્ષની મધ્ય રાત્રિએ મંદિરોમાં ૧૦૮ ઘંટનાદ થાય છે. આપણા સપ્તર્ષિઓની જેમ જાપાનમાં પણ ભાગ્યના સાત દેવો છે.

અમે હેસ્પીઅન સ્થાનકે આવી પહોંચ્યા. આ શિન્ટો તીર્થસ્થાન સાઠ વર્ષ પર જ બંધાયું છે. શિન્ટો ધર્મની પૂર્વજપૂજાની પ્રણાલિકા અનુસાર આ પણ ક્યોટો નગરના સંસ્થાપક સમ્રાટ કામ્મુની સ્મૃતિમાં બંધાયું છે. સ્થાનકનો બે માળનો દરવાજો તેમજ અંદરના મકાનોનો



હોઝુ નદીનો શીઘ્ર પ્રવાહ—રૅપિડ્ઝ (ક્યોટો)

ઘણોખરો ભાગ કંકુવર્ણે રંગેલો હતો. શિમિઝુ સાને સમજાવ્યું કે જાપાનમાં પણ કંકુવર્ણું શુભ રંગ ગણાય છે. ૧૫મી એપ્રિલે તથા ૨૨મી ઑક્ટોબરે અહીં ઉત્સવ થાય છે. વીસ વીસ યેન આપી અમે અંદર દાખલ થયા.

સ્થાનકના પ્રાંગણમાં જ એક નાની પથ્થરની કૂંડી હતી જેમાં ચોખ્ખું પાણી ભરેલું હતું. કૂંડીની પાળ ઉપર એક લાકડાની કડછી પડી હતી. તેના વડે પાણી લઇને શિમિઝુ સાને પોતાના હાથ ધોયા. પછી ડાબા હાથમાં થોડું પાણી લઇ કોગળો કર્યો. મેં પણ હસ્ત-પ્રક્ષાલનમ્, મુખ-પ્રક્ષાલનમ્ કર્યાં. આપણે ત્યાં પણ લગભગ આવી જ શુદ્ધિ-વિધિ હોય છે ને? થોડેક દૂરથી જ અમે સ્થાનકને માથું નમાવી વંદના કરી અને આગળ વધ્યા. સ્થાનકની આગળ એક લાંબો પટારો હતો. તેના ઉપરના ભાગમાં ફક્ત સળિયા હતા. અમે ગજવામાંથી થોડાક યેન કાઢીને પટારામાં ભેટ મૂકી. શિમિઝુ-સાને પછી ઢીંચણ ઉપર હાથ ટેકવી નીચા લળીને બે વાર વંદના કરી અને હાથ પહોળા કરીને તાળી પાડી. ફરી એક વાર તાળી પાડીને પછી થોડી વાર મનમાં કોઈ પ્રાર્થના ગણગણ્યા. ફરી એક વાર નીચા લળીને તેમણે વંદના કરી અને બે-ત્રણ ડગલાં પાછા પગે જઇને પાછા ફર્યા. શિમિઝુએ કહ્યું કે 'ખાસ પ્રસંગ હોય ત્યારે શિન્ટો પૂજારી પવિત્ર સાકાકી વૃક્ષની ડાંખળી દર્શને આવનારાઓના માથે અડકાડે છે.'

ક્યોટોમાં અમે સમ્રાટનો પુરાણો મહેલ, નિજો-વિભિન્ન-મહેલ, કાત્સુરા રાજ-ભવન, ડાઇ ટોકુજી મંદિર, મારૂ યામા પાર્ક વગેરે ઘણાં સ્થળે ગયા. ઈ. ૭૯૪થી છેક ૧૮૬૯-એટલેકે હજારથી યે વધુ વર્ષ સુધી ક્યોટો જાપાની રાજધાની હતી. આજે તેની વસતિ બાર લાખથી યે વધારે છે. સાંજે અમે થોડી દુકાનોમાં ફર્યા. અહીં એક નિશિજીન-ઓરી નામનું વિશિષ્ટ પ્રકારનું, સુંદર ભાતવાળું રેશમી કાપડ તથા આપણા બીદરી-કામ જેમ કાળી ધાતુમાં સોના કે રૂપાના તાર ઠોકીને ડામાસીનનું ધાતુકામ બનાવે છે. વળી 'ક્યોઝોમ' નામની કાપડ રંગવાની વિશિષ્ટ કળા છે. અહીંની કામો નદીને કાંઠે પૂલ ઉપરથી અમે અસંખ્ય રંગરેજોને આવા રંગેલા કાપડને તડકામાં સૂકવતા જોયા. ચિત્રકળામાં ક્યોટોનાં કાષ્ઠ-છાપનાં ચિત્રો (વૂડ-બ્લૉક પ્રિન્ટ) પણ બહુ વખણાય છે. એમાં, પહેલાં તો કોઈ સુંદર ચિત્ર પરથી તેમાંના વિવિધ રંગોની વહેંચણી પ્રમાણે તે દરેકના જુદાજુદા, એમ સંખ્યાબંધ લાકડાનાં બીબાં બનાવે છે, અને તેને પછી એક ખાસ બનાવટના કાગળ પર એક ઉપર એક ક્રમશઃ રંગ લગાડીને એટલી કાળજીપૂર્વક છાપે છે કે એક વાળ જેટલા પણ ખસી ન જાય. એમાં ખરી કલા તથા કારીગરી એ પ્રત્યેક રંગનું વિભાગીકરણ કરી તેના લાકડાનો બ્લૉક બનાવવામાં છે. એ એટલા

આબેહૂબ ને ચોક્કસ બનાવવામાં આવે છે કે સંપૂર્ણ છપાઈ ગયા પછી તેની છાપ મૂળ જેટલી જ સુંદર, સ્વતંત્ર કલાકૃતિ લાગે! ત્યાંના શ્રેષ્ઠ છાપકાર ઊચીડાનાં આવાં કેટલાંક છાપ-ચિત્રો અમે ખરીદ્યાં.

ત્રીજે દિવસે ક્યોટો પાસેની હોઝુ નદીનો શીઘ્ર-પ્રવાહ (રૅપિડ્ઝ) જોવા નીકળ્યો. ઍલાસ્કા ને આફ્રિકાની ખડકો વચ્ચેથી વહેતી કેટલી સાંકડી નદીઓના વેગીલા પ્રવાહમાં ત્યાંના લોકો નાની હોડીમાં બેસીને જાય છે તેનાં દૃશ્યો અમેરિકન ફિલ્મોમાં જોયાં હતાં, એટલે આ હોઝુ નદીના શીઘ્ર-પ્રવાહમાં હોડીમાં બેસવાનું સાહસ ખેડવા હું અત્યંત ઉત્સુક હતો. ક્યોટો સ્ટેશનથી બસ પકડીને જાપાની ગામડાંઓ, ડાંગરનાં ખેતરો ને ક્વચિત્ ચીડનાં ગાઢ જંગલો વચ્ચેથી પસાર થઈ કલાક પછી ચૌદ માઈલ ઉપર કામીઓકા ગામે આવી પહોંચ્યો. આજે આખો દિવસ સતત વરસાદ હતો. બસ-સ્ટૅન્ડથી ચાલતો, પલળતો થોડે દૂરના નૌકા-ઘર પર આવ્યો. ક્યોટો શહેર પાસે જ્યાં આ શીઘ્ર-પ્રવાહ પૂરો થાય છે ત્યાંથી સાંકડી, સપાટ તળિયાવાળી હોડીઓ ટ્રક ઉપર ચડાવીને અહીં ઉપલાણમાં લાવે છે, અને અહીંથી તેને નદીમાં મૂકી શીઘ્ર-પ્રવાહમાં ક્યોટો જાય છે. પાંચ જાપાની સહયાત્રીઓ તેમજ ચાર નાવિકો મળી અમે દસ જણ હતા. હોઝુ નદી એટલા તો વેગથી વહેતી હતી કે હિમાલયની કરાડોમાંથી રસ્તો કાઢતી કૂદતી ભાગીરથી, કે ગંડકીના शैलप्रचारी, गिरिराजगुहाविहारी, झंकारकारीस्रोतनुं સ્મરણ કરાવે. આસપાસના પહાડો ઉપર ચીડ વૃક્ષોનાં જંગલો પણ હતાં, તેથી ઘડીભર હિમાલયમાં જ આવ્યો હોઉં એમ લાગ્યું. જગન્નાથ પંડિતની गंगालहरी તથા વાલ્મીકિ ઋષિનું ગંગાસ્તોત્ર યાદ કરી ગયો. નદીના પટમાં પડેલા મોટા ખડકો વચ્ચેથી પ્રવાહ અસ્ખલિત વહેતો હતો. નાવિકો બહુ સાવધાનીથી અને ચતુરાઈથી હોડી ચલાવતા હતા, છતાં પણ જ્યારે બે મોટા ખડકો વચ્ચેનો પ્રવાહ માંડ હોડીની પહોળાઈ જેટલો જ સાંકડો થઈ જતો ત્યારે અમારા બધાના જીવ તાળવે ચોંટતા અને શ્વાસ અદ્ધર થઈ જતો. કેટલીક વાર હોડીની ધાર બાજુના ખડકને થોડીક અફળાતી પણ ખરી; અને જ્યારે પ્રવાહ કોઈ મોટા ખડક પરથી બે-ત્રણ ફીટનો કૂદકો મારતો ત્યારે અમારી હોડી પણ પ્રવાહ સાથે નીચેના ખડક પર ધીમેથી પછડાતી! પણ હોડીનું તળિયું સપાટ હોવાથી વાંધો નહોતો આવતો. ટાકાસે-ડાકી તથા શીશી-ગાકુચી પાસે તો પ્રવાહ વિશેષ સાંકડો બનીને ભયંકર ખડકો વચ્ચેથી વહે છે. 'શીશી-ગાકુચી'નો અર્થ થાય સિંહનું મુખ! ત્યાંના ખડકો પણ ગિરનારના ત્રાડ પાડતા વનરાજનાં જડબાં જેવા વિકરાળ છે ને સિંહની ગર્જના સાંભળીને આપણે કંપી જઈએ તેવો જ રોમાંચ અમે અહીં અનુભવ્યો. કામીઓકાથી ક્યોટો પાસેના આરાશિયામા સુધીનું આ આઠ માઈલનું અંતર કાપતાં અમને દોઢ કલાક થયો, છતાં તેના સતત ભીષણ રોમાંચને લીધે કેટલાંયે કલાક હોડીમાં બેઠા હોઈએ એમ લાગ્યું.

કૉલેરા (અનુસંધાન પૃષ્ઠ ૪૮૨થી ચાલુ) (૧) કૉલેરાની રસી લેવી, (૨) શુદ્ધ પાણી વાપરવું અને (૩) ચોખ્ખાઈ જાળવવી.

રોગ થવા અંગે કોઈ વયમર્યાદા નથી; પણ બાળકોને તે વધુ લાગુ પડે છે. રોગચાળાની શરૂઆતમાં મરણપ્રમાણ વધારે રહે છે. જુદા-જુદા રોગચાળા વખતે મરણપ્રમાણ ૩૦ થી ૭૦ ટકા જેટલું રહ્યું છે, પણ આધુનિક સારવારથી આ પ્રમાણ અરધું બન્યું છે.

સારવારમાં સૌ પ્રથમ ઝાડા બંધ કરનારી દવાઓ કેઓલીન પાઉડર, સલ્ફાગાયનેડીન ગોળીઓ અને ટેરામાએસીન કૅપ્સ્યુલો છે. ઊલટી બંધ કરવા માટે એવોમીન ગોળી ખૂબ ઉપયોગી નીવડી છે. તરશ છિપાવવા માટે જવનું પાણી કે શુદ્ધ બનાવેલું પાણી પાવું. શરીર ઠંડું પડ્યું હોય તો પગ આગળ ગરમ પાણી ભરેલી રબરની થેલીઓ મૂકવી. ફાટ માટે તેલનો માલિશ કરવો. ઝાડા અને ઊલટી વાટે જતા રહેલા પાણીને ભરપાઈ કરવા માટે નૉરમલ કે હાઈપરટૉનિક સેલાઈન (મીઠાનું પાણી) નસ વાટે શરીરમાં દાખલ કરવામાં આવે છે.

કલકત્તાની ચિત્તરંજન ઑસ્પિટલના વડા દાક્તર શ્રી હેમેન્દ્રનાથ ચૅટરજીએ કૉલેરામાં અજમાનાં પાનનો ઉપચાર સૂચવ્યો છે. પાન સારી પેઠે ધોયા બાદ એનો રસ કાઢી કલાકના આંતરે આપવાનો છે. પહેલી વખત ચાર મોટા ચમચા રસ આપવો, પછી બે ચમચા ભરીને આપવો. જ્યાં સુધી ઝાડા બંધાઈને ન આવે ત્યાં સુધી રસ આપ્યા કરવો. પણ આ દવા આપતાંવેંત જ ઝાડાનો સફેદ રંગ બદલાઈ પીળો થવા માંડે છે, ને બંધાઈને આવે છે. છેક છેલ્લી અવસ્થામાં પણ અજમાનાં પાનનો રસ સારું પરિણામ આણનારો નીવડ્યો છે.

કૉલેરાના લોહિયાળ ઝાડામાં ડૉ. હેમેન્દ્રનાથે નાગરવેલીનો રસ આપવાના સફળ પ્રયોગો કર્યા છે. તાજો રસ, ખાંડ સાથે કલાકેકલાકે ત્રણ વાર આપવાથી ૭૨ કલાકમાં લોહી આવતું બંધ થાય છે.

બની શકે તો રોગીને દવાખાનામાં દાખલ કરવો. ઘરમાં રાખી સારવાર કરવાની હોય તો રોગનો ચેપ બીજાઓને લાગુ ન પડે તેની તકેદારી રાખવી. રોગીનાં કપડાં જંતુઘ્ન દવામાં બે કલાક બોળી રાખ્યા બાદ કે ઊના પાણીમાં બાફ્યા બાદ જ ધોવાં. ઝાડા ઊલટી ફળિયાની કચરાપેટીમાં ન નાખતાં જંતુઘ્ન દવાઓ નાખી દાટી દેવાં કે બાળી નાખવાં. ખાલી પેટે સારવારમાં ન રહેવું. કપડાં બદલી, હાથપગ ને મોં સાબુ વતી ધોઈ, મીઠાના પાણીના કોગળા કર્યા બાદ સારવાર કરનારે ખાવું. રોગીના ઓરડામાં સવારસાંજ લોબાન કે ગૂગળનો ધૂપ કરવો.

ઘરનાં માણસોએ ખોરાકમાં લીંબુ, આદુ ને ડુંગળી-લસણનો છૂટથી ઉપયોગ કરવો. લસણ-ડુંગળી ખાવાથી રોગ સામે રક્ષણ મળતું હોવાનું મનાય છે. રોગીનાં કુટુંબીઓએ અને એની નજીકમાં રહી સારવાર કરનારાઓ તેમજ મૃત્યુ પામેલા રોગીની નનામી ઉપાડનાર લોકોએ પણ રોગ થતો અટકાવવા માટે કૉલેરાની રસી લેવી આવશ્યક છે.

દેવાંગણ (અનુસંધાન પૃષ્ઠ ૪૮૪થી) પડ્યો હશે. તેની કોઈ સંશોધન ખાતાએ દરકાર કરવી જોઈએ.

બાજુ ઉપર કાટમાળનો એક ઢગલો પડેલો હતો ત્યાં ખાંખાંખોળાં કરતાં મૂર્તિઓના કેટલાક સુંદર નમૂના મળ્યા. તેમાં મુખ્યત્વે શિવલિંગ, ઉમા મહેશ, સૂર્ય વગેરેના અવશેષો હતા. આ ઉપરથી આ બધા દેવોનાં અહીં અલગ અલગ કે સર્વને એકમાં સમાવતાં ઘણાં મંદિરો હશે એમ અટકળ કરી શકાય. આ ઉપરથી જ આ જગ્યાને 'દેવાંગણ' નામ મળ્યું હશે. આ નામનો 'દેલવાડા' ને 'દેવખેતર' નામ સાથે અવશ્ય સંબંધ લાગે છે. દેવાંગણથી દેવખેતર જઈ શકાય છે અને ત્યાં પણ પ્રાચીન મંદિરોના અવશેષો હોવાની ખબર મળી છે. એ દેવખેતરથી ટ્રેવરતાલ ચડીને દેલવાડા પહોંચી શકાય છે.

પ્રાચીન યુગમાં 'દેવ-આંગણથી' 'દેવખેતર' અને ત્યાંથી 'દેલવાડા' સુધીનું કોઈ મહાન દેવનગર[૬] હશે? અથવા તેનો કોઈ રીતે ચંદ્રાવતી સાથે સંબંધ હશે?

૬ अथ गिरिवरमारूढो विलोकयन् विविधविबुधभवनानि। ૨૫૭
(જુઓ कुट्टनीमतम्–दामोदरगुप्त)

આલ્પના : બંગાળી રંગોળી





માછલીના પ્રતીક આસપાસ વિસ્તરેલું આ શોભન સર્વતોમુખી છે. અને ઊભું, આડું તથા અહીં મૂક્યું છે તેમ ખૂણા ઉપર ત્રાંસુ પણ વાપરી શકાય.

'આલિપન' એ સંસ્કૃત શબ્દનો અર્થ થાય છે 'લીંપવું.' હાથનાં આંગળાંની સહાયે ભોંય લીંપતાં પાડવામાં આવતી મનોહર 'ઓકળી'થી કયો ભારતીય અજાણ હશે? પરંતુ 'આલ્પના'માં જે મનોહારિતા છે એ આ ઓકળીને નહિ પણ લોકચિત્રકલાને મળતી છે. આપણે ત્યાં નાગપંચમીના વ્રત-ઉત્સવને દિવસે નાગદેવતાનાં ચિત્રો-પ્રતીકો આળેખાય છે, બરાબર એવા જ પ્રકારનો વ્રત-ચિત્રપ્રકાર 'આલ્પના' બંગાળમાં વ્યાપકપણે ખીલેલો છે. પ્રત્યેક ગુજરાતી ઘરમાં જેટલી રંગોળી જાણીતી ને પ્રચલિત છે, તેટલા જ બલકે તેથી યે વિશેષ પ્રચારમાં બંગાળમાં 'આલ્પના' છે. આલ્પનામાં આંગળીથી આલેખવાનું (અને પીંછી કે બીજા બાહ્ય સાધનથી નહિ) હોવાથી તે શબ્દ 'આલિપન' પરથી આવેલો સૂચવાય છે.

આલ્પનાની લોકકલા વ્રતોની સાથે ગાઢપણે સંકળાએલી છે. બંગાળમાં દરેક વ્રતનું અનુષ્ઠાન બે ભાગમાં વહેંચાઈ જાય છે: 'છડા' (વ્રતઅનુષંગી ગીતો) ને 'આલ્પના'. વર્ષમાં ત્રણ વાર–તેમાં આશ્વિનપૂર્ણિમાએ મુખ્ય–થતી લક્ષ્મીપૂજાનું 'લક્ષ્મીવ્રત', ધાન્યપૂજાનું 'તોષિલાવ્રત', શિયાળો ચડતાં કરાતી સૂર્યપૂજાનું 'માઘમંડલવ્રત', શિયાળો ઊતરતાં નવી વૃક્ષ-કિસલયો ફૂટી રહે તે વેળાનું 'અશ્વત્થપત્રવ્રત', વર્ષાઋતુને આવકારતું 'વસુધારાવ્રત', વર્ષાપૂજાનું 'ભાદુલીવ્રત', સંધ્યાપૂજાનું 'સેંજુતીવ્રત', વૈશાખ માસથી શરૂ થતા બંગાળી નવા વર્ષે થતી હરિચરણપૂજાનું 'હરિચરણવ્રત', શુદ્ધ પ્રેમને બિરદાવતું 'આદરસિંહાસનવ્રત' વગેરે વ્રતો વેળાએ બંગાળી કન્યા કે નારીને ઘેરઘેર આલ્પનામાં રત જોવી, એ બંગાળી લોકસમાજનું એક સર્વસાધારણ ને રંજક દૃશ્ય છે.

પાણીમાં ચોખાનો લોટ ભેળવીને તેનો સફેદ રંગ બનાવવામાં આવે છે. આ સફેદ રંગથી ૧૦-૧૨ ચોરસ ઇંચના રૂમાલ પર વચલી આંગળીએ, કેન્દ્રથી શરૂ કરીને, કોઈ પણ પ્રકારની નકલની સહાય વિના, આલ્પના આલેખવામાં આવે છે. પાંદડાં વગેરેના રસમાંથી લીલો ને કોલસામાંથી કાળો, ઈંટમાંથી લાલ વગેરે રંગોનો પણ અમુક આલ્પનાઓમાં ઉપયોગ કરાય છે. મંડપ કે ઘરની જમીન પર તથા કેટલીક વાર કાષ્ઠની બેઠકો વગેરે પર આલ્પનાઓ આળેખાય છે. આલ્પનાના આલેખનનું શિક્ષણ બંગાળી કન્યા છ-સાત વર્ષની નાની વયથી મેળવવા માંડે છે, તે તેર-ચૌદ વર્ષે તો એ કલામા તે નિપુણ બની ગઈ હોય છે. 'આલ્પના' એ વ્રત-વેળાની મંગલ કામનાની ભાવવાહી પ્રતીકરચના છે. આ મંગલ કામના કોઈ કડક નીતિબંધનોને સ્પર્શતી નથી; પરંતુ ધનધાન્ય-સ્વજન-પૂર્ણ સુખરૂપ સ્નેહમય સંસારની તે દ્યોતક છે.

આલ્પનાનું કલાતત્ત્વ પણ ખાસ ઉલ્લેખ માગી લે છે. લાઘવયુક્ત વહેતી રેખાઓથી તથા સપ્રમાણપણે કરવામાં આવતું તેનું નિરૂપણ મુગ્ધ કરે છે. સમતલ પૃષ્ઠ પર રેખાના વળાંકમાત્રમાં ભાવરૂપક જાણે 'લિપિબદ્ધ' (કૅલિગ્રાફિક) શોભનાકૃતિ ધારણ કરતું ન હોય!

સામાન્ય નિયમ પ્રમાણે પ્રત્યેક આલ્પના બે વર્ગોમાં વહેંચાએલી હોય છે: વ્રતવિષયક અને સુશોભનાત્મક. સુશોભનાત્મક આકૃતિની રેખાએ ને કલાકાર ઇચ્છા મુજબ—મૂળથી ભિન્ન એવો મૌલિક ઉઠાવ પણ આપી શકે છે, જ્યારે વ્રતવિષયક આલ્પનામાં આ છૂટ નથી. આ પછીનાં પાનાંઓમાં તેના બંનેના નમૂનાઓ આપવામાં આવ્યા છે. સામેના કૉલમમાં તેની થોડી 'આલ્પના-લતાઓ' (વેલો)ના નમૂના છે, જેનો પરિચય ઉપરથી ક્રમવાર આ મુજબ છે: (૧) લક્ષ્મીજીનાં પગલાં–સુશોભનાત્મક ને વ્રતવિષયક–બંને પ્રકારનું આલેખન. (૨) 'પેછા' જ્યાજુબંધ જેવા ઘરેણાની ભાતની વેલ. (૩) કેળના દોઢાની કળીઓની વેલ (૪) 'ધાણીના ઢગલાની વેલ', કાંગરી વિનાની. (૫) એ જ વેલ, કાંગરી સાથે. (૬) ધાણીનાઢગની ઝીણી વેલ. (૭) 'ચાલતા' નામના બંગાળમાં થતા એક ફળનો ગર્ભભાગ (કરોળિયા જેવો) દર્શાવતી વેલ. (૮) કેળ ઉપર દોડો ફાટીને બેસતાં શરૂની કેળાંની કળીઓની બનેલી વેલ. (૯) એને જ મળતી સુશોભનાત્મક વેલ. (૧૦) ગાયને બાંધવાના ખીલાના સુશોભનવાળી 'ખૂંટી' વેલ.

[સર્વશ્રી અવનીન્દ્રનાથ ઠાકુર, સુધાંશુકુમાર રાય, પૂર્ણેન્દુ પાલ ને મેનાબેન દેસાઈ વગેરેનાં લખાણો તથા આકૃતિઓ પરથી સાભાર]












વિવિધ વ્રતોના વિધિઓ માટે આલેખાતાં ચિત્રો: મથાળે ડાબી બાજુથી (૧) ભાદ્રપદ માસના 'ભાદુલીવ્રત' વેળાનું સાત નાવિકો ને હલેસાં સાથે હોડીનું આલેખન. (૨) એ જ માસની 'ઇન્દ્રપૂજા' ની આલ્પના: સ્વસ્તિક આકારમાં દરેક છેડે કળીઓ સાથેનું ઇન્દ્રનું વજ્ર, તેની ઉપર પતંગિયું ને આજુબાજુ કરચલો તથા શંખ; ચારે મધ્ય ભાગમાં કળી રૂપે માછલીઓ. આ સર્વ વર્ષા પછીની જલસમૃદ્ધિનાં પ્રતીકો છે. નીચે વચ્ચોવચ્ચ ધૂપદાન છે. (૩) 'પૃથ્વીપૂજા': મથાળે પાંખડીવાળા પૂર્ણવિકસિત કમલની વચ્ચે પૃથ્વી ને પૃથ્વીપતિ; નીચે કમલપત્ર ને તેની ચોમેર છ નાનાં અષ્ટદલ કમલ; પાદડાની જમીનમાં ઊતરેલી દાંડીને મૂળિયાં છે. (૪) મંગલ પ્રતીક મત્સ્ય; તેને પડખે (૫) બંગાળી કુમારિકાઓ ત્રણચાર વર્ષ સુધી આખો વૈશાખ માસ જે 'હરિચરણવ્રત' કરે છે તેનું આલેખન: વચ્ચે હરિનાં ચરણ ને આજુબાજુ સુશોભન; (૬) વચ્ચે શંખનું શોભન ને ચારે બાજુ ચાર મંગલ કલશ દાખવતું સુશોભન; તેને પડખે (૭) 'તારાવ્રત'ની આલ્પના, જેમાં જમણી તરફ વિશ્વજગત 'ભૂમંડલ' છે; તે પર કાંગરિયાળી ગોળગોળ કિનારી તે સૂર્ય, તેની અંદરનું વર્તુળ તે પૃથ્વી ને તેના યે અંદરનું વર્તુળ તે ચન્દ્ર. વચ્ચે સપ્તર્ષિના સાત તારા છે. તેની નીચેનું ચોરસ તે પૂજા કરનારને બેસવા રહેવા માટેની પાદપીઠિકા છે. જમણી બાજુ વીજળીના ચમકારા જેવા વાંકડિયા કેશવાળા ઇન્દ્ર છે. ડાબી તરફ અભીષ્ટ વસ્તુઓ–જેવી કે તાવિજ, બાજુબંધ, કંકણ વગેરે આભૂષણો તથા મંગલ કલશ, અને ડિગળોક કે સિંદૂરની ડબ્બી, કાસકો, અરીસો વગેરે ભરેલી પ્રસાધનની છાબડી છે. નીચે જમણી તરફનું મોટું ચિત્ર તે તારાવ્રત સાથે સંકળાએલું ભૂમંડલ-આલ્પનાનું છે. તેમાં ઉપર સૂર્ય, વચ્ચે પૃથ્વી ને નીચે ચન્દ્ર છે. ચન્દ્ર બીજાકાર છે, જેને છેડે પાંદડીનું શોભન છે.

૪૯૦ ('કુમાર' અંક ૪૦૬)





















ચકર ('કુમાર' અંક ૪૦૬)












૨૯૪ ('કુમાર' અં. ૪૦૬)

ગઈ કાલની દેશભક્તિનું સ્મારક અને આજની દેશસમૃદ્ધિનું એક વિકાસબારું





આંદામાન.

'કાળાં પાણી'નું કુખ્યાત કારાગાર 'સેલ્યુલર જેલ' અહીં આવેલી છે.

બ્રુક-બ્લેરની એ જોડીએ તો છેક ૧૭૮૯માં આંદામાનને કેદીઓના નિવાસયોગ્ય અનુકૂળ એકાંત સ્થળ તરીકે જાહેર કરેલું. પણ તેમની આ યોજના અમલી બની છેક ૧૮૫૭ પછીથી. ૧૮૫૭ના બળવામાં અંગ્રેજો સામે લડેલા લગભગ ૨૦૦ હિંદીઓને પહેલવહેલા ડૉ. વૉકરની નિગરાની નીચે ત્યાં લઈ જવામાં આવ્યા. ૧૮૬૪માં એ અપરાધીઓની સંખ્યા ૬,૦૦૦ની થઈ, અને પછી તો કૂદકે ને ભૂસકે વધતી ગઈ.

મુરલી-અધરધર શ્રીકૃષ્ણનું ગોપીવૃંદ સાહતનું જેમા પ્રતિબિંબ ઝિલાતું એ કાલિંદીનાં કાળાં પાણીની આ વાત નથી. આ કાળાં પાણીને કિનારે એ વંશી કંઈ બજતું નહોતી. અહીં તો હતી કાળમીંઢ પથ્થરની અભેદ્ય તોતિંગ દીવાલો, જેની વચ્ચે અનેક હિંદી દેશભક્તોની જિંદગીઓ રૂંધાઇ છે, ગોંધાઇ છે અને દારુણ પીડનોથી રહેંસાઈ છે. બંગાળના ઉપસાગરનાં દૂરનાં એ 'કાળાં પાણી'ને કાંઠે આવેલી આંદામાનની એ ભીષણ સેલ્યુલર જેલની દીવાલો પર ભારતની રાષ્ટ્રભક્તિનો ઇતિહાસ જીવતો ને ધબકતો આલેખાએલો પડ્યો છે. પરંતુ ભારત સ્વાધીન થયું ત્યારથી આંદામાન તેના રાજ્યવિસ્તારનો સીમાડો બન્યું છે; એ સેલ્યુલર જેલે હવે આરોગ્યપરબ 'સિવિલ હૉસ્પિટલ'નું સ્વરૂપ લીધું છે, ભારતવિકાસના બસીબજવૈયાના સ્વરો ઝીલતાં એ કાળા પાણી હવે 'કાલિંદી'ના જલરૂપમાં પલટો પામી રહ્યાં છે.


આ ભૂભાગનું ભાગ્ય જ એવું નિર્માએલું કે, પ્રાચીન કાળમાં દૂર પૂર્વના કેટલા યે દેશોએ તેનો ઉપયોગ ગુલામોના વેપાર માટેના કેન્દ્ર રૂપે કર્યો, અને આધુનિક સમયમાં પણ ખાસ્સા લાંબા વખત સુધી આ ભૂમિ ભારતીયો માટેની જેલ બની રહી! હિંદના અંગ્રેજ ગવર્નર જનરલ લૉર્ડ કૉર્નવૉલિસના સમયમાં તેની જ પ્રેરણાથી બ્રુક અને બ્લેર નામના બે કર્નલે એ આ દ્વીપસમૂહની મોજણી કરી. કર્નલ બ્લેરના નામ પરથી આ દ્વીપસમૂહના પ્રમુખ બંદરને 'પોર્ટ બ્લેર' નામ મળ્યું.

અંગ્રેજી હકૂમત સામે માથું ઊંચકનાર હરકોઇને એ નરકાગારમાં ધકેલવાનું ચાલુ થયું. દેશભક્તો અને સામાન્ય ગુનેગારો વચ્ચે અંગ્રેજ સરકારે કશો ભેદ રાખ્યો નહોતો; જેને પરિણામે ૧૯૧૪ થી ૧૯૪૧ સુધીમાં એ બંદીવાનોની સંખ્યા ૮,૦૦૦ની થઇ. અહીં શું વીતતું તે તો દેશભક્ત સાવરકર, ભાઇ પરમાનંદ વગેરેએ લખેલી પોતાના અનુભવકથાઓમાં સારી પેઠે આલેખાઈ ચૂક્યું છે. ૧૯૪૨માં બીજા વિશ્વયુદ્ધ વેળા આંદામાન ટાપુઓ જાપાનને કબજે પડ્યા ત્યારે નેતાજી સુભાષચન્દ્ર બોઝે એ ટાપુઓ પર હિંદી હકૂમત સ્થાપીને તેમને 'જઝીરે શહીદ' (શહીદોનો ટાપુ) એવું નામ આપેલું. તેની વસતિ એ વખતે ૧૯,૦૦૦ની હતી, જેમાંનો પોણો ભાગ માજી અપરાધીઓનો હતો. ઈ. ૧૯૪૬-૪૭ના અરસામાં એ દ્વીપસમૂહ બિરલા, દાલમિયા અને એવા બીજા ધનપતિઓને એ ટાપુની કુદરતી સમૃદ્ધિને વિકસાવવાની કામગીરીને નિમિત્તે વેચાએલો. પણ ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે ભારતને સ્વાધીનતા પ્રાપ્ત થયે આંદામાનનો દ્વીપસમૂહ પણ તેના સંઘમાં ચોથી શ્રેણીના રાજ્ય તરીકે તેમાં ભળ્યો.

મદ્રાસ અને કલકત્તા બંનેથી લગભગ સરખે અંતરે,—મદ્રાસથી ૭૬૦ માઇલ અને કલકત્તાથી ૮૦૦ માઈલ—બંગાળના ઉપસાગરના મધ્ય ભાગે આ ટાપુઓ આવેલા છે. એને સૌથી નજીકનું બંદર (૩૫૦ માઇલ દૂર) રંગૂન છે. ઉત્તર, મધ્ય, અને દક્ષિણ એમ ત્રણ વિભાગમાં



↑વનસમૃદ્ધ આંદામાનમાં આદિવાસી હબસીઓનાં નિવાસસ્થાન



ગઈ કાલનું દેશભક્તોનું યાતનાગાર · સેલ્યુલર જેલ↑

વહેંચાએલા એ દ્વીપસમૂહમાં પાંચ મોટામોટા ટાપુઓ છે, જે ઉત્તર આંદામાન, મધ્ય આંદામાન, દક્ષિણ આંદામાન, બડા ટુંગ અને રટલૅન્ડના નામે ઓળખાય છે. ૨૨૦ માઇલ જેટલો લાંબો અને ૩૨ માઈલ પહોળો એક લંબચોરસ દોરીએ તો તેમાં આ બધા ટાપુઓ સમાઈ જાય. એમનું કુલ ક્ષેત્રફળ ૩૨૧૦ ચોરસ માઈલ છે, અને તેની લાંબી કિનારરેખાને લઈને અનેક સારાં બંદરો માટે ત્યાં પુષ્કળ અવકાશ છે. પૉર્ટ બ્લેર ઉપરાંત કૉર્નવૉલિસ, બૅનિંગ્ટન, એલ્ફિન્સ્ટન વગેરે નાનાં બંદરો પણ ત્યાં બાંધવામાં આવ્યાં છે.

ઉષ્ણ કટિબંધની મધ્યક (૧૦° થી ૧૫° અક્ષાંશ અને ૯૨° થી ૯૬° રેખાંશ વચ્ચે) આવેલા હોવા છતાં, બંગાળના ઉપસાગરનાં, પ્રમાણમાં ઠંડાં પાણી તથા બારે માસ મોસમી પવનોને લઇને ચાલુ રહેતા વરસાદને લીધે આ ટાપુઓનું હવામાન માફકસરનું (૬૫°થી ૭૫° ફેરનહાઈટ) છે. વરસે સરેરાશ ૧૩૫ ઇંચ વરસાદ પડે છે. હવામાં ભેજનું પ્રમાણ વિશેષ હોવાથી અહીં મલેરિયા જેવા રોગોનો ઉપદ્રવ છે. જમીન સુધી સૂર્યનો પ્રકાશ ન પહોંચે એવાં ગીચ જંગલોથી આ ટાપુઓ છવાએલા છે. નવાઈની વાત તો એ છે કે આવાં સઘન જંગલોમાં પણ વન્ય પશુઓ બિલકુલ નથી! આખા યે દ્વીપસમૂહની કુલ વસતિ માત્ર ૩૨,૦૦૦ જેટલી જ છે.

અહીંના આદિવાસી લોકો સરેરાશ ૪ ફૂટ ૧૦ ઇંચની ઊંચાઈના ઠિંગુજીઓ છે. તેઓ ઑસિનિયા(પૅસિફિક મહાસાગરના ટાપુઓ)ની કાળી ચામડીવાળી જાતિના હોવા જોઇએ. બધી આદિવાસી જાતિઓમાં તીરદાજીમાં કુશળ એવી અહીંની જરાવા જાતિ બહુ ભયંકર ગણાય છે. શિકાર ઉપર તેમનો જીવનનિર્વાહ ચાલે છે. ખેતી હજી તેમને અજાણી છે. ડુક્કરનું માંસ, ફળફળાદિ ને કંદમૂળ એ તેમનો ખોરાક છે.

અહીંનાં જંગલોનાં વૃક્ષોનું લાકડું વર્ષે ૭૦ લાખ રૂપિયાની આવક કરાવે છે. ચોખા, કઠોળ ને નાળિયેર એ અહીંની મુખ્ય ઊપજ છે. ઉપરાંત રબર, કૉફી, ફળફળાદિ અને તેલના ઉગાડાય છે.

પાટનગર પૉર્ટ બ્લેર એ આ ટાપુઓની મુખ્ય પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. મલેરિયાના ત્રાસને તો, ગામડેગામડે નાના પાયા પર દવાખાનાંની સગવડ કરીને લગભગ નિવારવામાં આવ્યો છે. આંદામાન ટાપુઓનો રાજ્યવહીવટ ભારતના રાષ્ટ્રપ્રમુખની સીધી દેખરેખનીચે ચીફ કમિશ્નર મારફતે ચાલે છે.

આદિવાસીઓ સિવાય અહીંની વસતિ મુખ્યત્વે સજા ભોગવવા મોકલવામાં આવેલા હિંદી કેદીઓની ઓલાદની અને છેલ્લાં દસ વર્ષોમાં નવા વસવા જનારા ભારતીયોની છે. તે સહુની એક જ ભાષા છે- હિંદુસ્તાની, એક જ મંત્ર છે-'શ્રમદેવો ભવ.'

એનો ખડકાળ કિનારો અનેક કુદરતી બારાંઓ અને ઉપયોગી લંગરગાહો બની રહે છે. બંગાળનાં આબોહવા વિષયક સંશોધનો કરવા તેમજ આપણા ભારતીય જવાનોને સાગરસૈનિકો તરીકેની તાલીમ આપવા માટે આંદામાન એક આદર્શ સ્થળ બની શકે તેમ છે. અહીં મચ્છીના-ખાસ કરીને શાર્ક લીવર તેલના—પણ ઉદ્યોગના વિકાસની સુંદર તક છે. ભારતની રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના આયોજનમાં આંદામાન આવકારદાયી ને બહુમૂલ્ય ફાળો આપી શકે તેમ છે.

ભારત સરકાર પણ પ્રકૃતિસમૃદ્ધ આંદામાનના વિકાસને ઉદારતાથી ઉત્તેજન આપે છે. એ આનંદની વાત છે કે આંદામાન-નિકોબારમાં ખેતી-વસાહત સ્થાપવા ગુજરાતમાંથી 'સર્વોદય આશ્રમ' (વાલમ, જિ. મહેસાણા)ની રાહબરી હેઠળ ૨૦ શિક્ષિત ભાઇઓનું એક 'આપબળ કિસાન કમ્યુન' ૧૯૫૮ના એપ્રિલથી ઊપડનારું છે; તેમની સાથે જોડાવા ઇચ્છતા નાગરિકોનો સાથ પણ તેમણે માગ્યો છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

ત્યારે શ્રી રવિશંકર રાવળે મુઘલ કળા ઉપર એક વિસ્તૃત ને વિશદ લેખ લખેલો તે આજે પણ એટલો જ મહત્ત્વનો હોઈ તેનો મુખ્ય ભાગ (થોડાં નવાં ચિત્રો સાથે) ઉતારીએ છીએ.

કુમાર
આસો ૧૯૮૯
અંક ૧૦૬





મુઘલ કલમના તસ્વીરાલેખનનો નમૂનો

બાબર અને તેની પછીના મુઘલ શહેનશાહોના સમયમાં હિંદમાં જે કળા ઉછરી અને વિકસી તે મુઘલ કળાને નામે ઓળખાય છે. તેના સંસ્કારનું ખરું મૂળ તૈમુરના સમયથી હિંદમાં ઊતરી આવતા મુઘલોની સાથેના ઈરાની કળાસંસ્કારોમાં રહેલું છે. આમ, મુઘલ ચિત્રકળા હિંદમાં વિધર્મી પ્રજાએ ઉછેરી, છતાં તેમાં એક પણ અંશ એવો નહોતો કે જે હિંદુઓની કળા સાથે મળી જતાં વિસંવાદી બને. આનું કારણ એ જ લાગે છે કે બંને કળાઓનું કેંદ્રસ્થાન એક જ હોવું જોઇએ. સમસ્ત એશિયાની ચિત્રકળામાં જે એકરૂપતા દેખાય છે તેનું કારણ પણ એવું જ છે. બૌદ્ધ ધર્મે ચીનજાપાન મારફત મોંગોલિયા, તાર્તાર ને ઇરાનસુધી પગપેસારો કર્યો એસાથે કલાસંસ્કારની એકરૂપતાનાં બીજ પણ નંખાયાં. તેના પુરાવા રૂપે આજે પણ મધ્યએશિયામાંથી મૂર્તિઓ, ચિત્રપટો ને ગુફા-મંદિરો મળી આવે છે.

મુઘલ કળાનો સંસ્કારપાશ મૂળે આ ઈરાની કળાનો. હિંદુસ્તાનને તૈમુરની યાદ બહુ જ દુઃખદાયક છે, પણ તેના જ વંશમાંથી હિંદમાં મુઘલ સામ્રાજ્યનો પાયો નાખનાર બાબર ઊતરી આવ્યો અને તેને જ હાથે લલિત રેખાવંતી મુઘલ કળાનાં સીમાચિહ્નો મંડાયાં એ પણ અજબ વિધિયોગ છે! બાબરના મરણ પછી તેના પુત્ર હુમાયૂં પાસેથી શેર અફઘાને ગાદી છીનવી લીધી અને તે ઈ. ૧૫૫૫ સુધી ઈરાનના શાહને આશ્રયે રહ્યો. ત્યાં મીર સૈયદઅલી અને અબ્દુસ્સમદ નામે ચિતારા એની નજરમાં વસી ગયા, અને ફરી તેને રાજગાદી મળતાં ઈ. ૧૫૫૦માં તે બંનેને તેણે પોતાના દરબારમાં તેડાવી લીધા. ત્યાં સૈયદઅલીએ મીર હમઝાની કથા કેટલાક ચિતારાઓને હાથમાં રાખી સો સો પાનાંનું એક એવાં બાર પુસ્તકોમાં તૈયાર કરી. તેમાંનાં કેટલાંક આજ વીએનાના સંગ્રહાલયમાં છે ને પચીસ પાનાં લંડનના મ્યૂઝિયમમાં છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે હિંદમાં પણ તે વખતે જોઇએ તેવા કુશળ ચિત્રકારો મળી આવતા હશે. અકબરને તો બચપણથી જ પિતાના દરબારમાં આવા ચિત્રકારોનો સહવાસ મળ્યો એટલે, તેનામાં અતિ ઉચ્ચ રસિકતા અને શોખ પ્રકટ્યાં, અને પરિણામે હુમાયૂંના મૃત્યુ પછી તે ગાદીએ આવતાં ચિત્રકળા અતિ ઉદાર અને કદરદાન આશ્રયદાતા પામી.

દિલ્હીના મુઘલ દરબારમાં આમ તૈયાર થએલાં અત્યાર સુધીનાં બધાં ચિત્રોમાં ઇરાની કળાની છાપ આગળપડતી હતી. પણ અકબર તો હિંદમાં જન્મ્યો ને ઊછર્યો હતો તથા તેણે હિંદુ જીવનના ઉચ્ચ સંસ્કારનો સ્વીકાર કર્યો હતો, એટલે તેના દરબારમાં ફરૂક કલમા, અબ્દુસ્સમદ શિરાઝી, તેબ્રીઝના મીર સૈયદઅલી તેમજ સમરકંદના કેટલાક ઉસ્તાદ ચિતારા જેમ માનવંત હોદ્દે હતા, તેમ માધવ, ભીમ ગુજરાતી, અનન્ત બસાવન, દશવન્ત, કેશવદાસ વગેરેને પણ એટલોજ આદર મળ્યોહતો.

ફતેહપુર સિક્રીના બાંધકામ બાદ ચિતારાઓએ તેના જે શણગાર કર્યા તેમાં કેટલા યે શુદ્ધ હિંદી અને કેટલા યે શુદ્ધ ઈરાની છે. નવી કળા અપનાવી લેવામાં હિંદુ ચિતારાઓ કેટલા કુશળ હતા તેની ખાતરી ત્યાંથી મળે છે. ઈરાની અને હિંદુ ચિતારા શાહી છત્ર નીચે એકદિલથી સાથે મળી કાર્ય કરતા, ને એકબીજાનાં હુન્નર તથા શૈલીમાંથી અનેક પાઠો શીખી લેતા. આવી સહકારભરી દિલસોજીને લીધે હિંદુ ને ઈરાની કળાનું સુંદર મિશ્રણ થવા લાગ્યું અને મુઘલ શૈલીનો જન્મ થયો. આ શૈલી શરૂઆતમાં તો અમીરવર્ગમાં જ પ્રચલિત થઈ, પણ વખત જતાં તે લોકોમાં સારો પ્રચાર પામી અને તેની પડતીના વખતમાં તો ઠેઠ રંક દુનિયામાં યે તે જાણીની થઈ ગઈ હતી.


હયાતી ભોગવતા ચિત્રપ્રસંગો ને માણસો તથા દમામભર્યાં દરબારચિત્રો એ મુઘલ કળાનો પ્રધાન પ્રયત્ન છે. પણ આ બધાં ચિત્રો મોટે ભાગે બહુ નાના માપમાં ચીતરાયાં છે. બૌદ્ધ યુગનાં ભવ્ય ભીંતચિત્રોની તોલે આવવાની અભિલાષા તેમાં દેખાતી નથી, ને તેથી 'મિનીએચર પેઇન્ટિંગ' (નાનાં તસ્વીરી ચિત્રો) તરીકે જ તે લોકોમાં ઓળખાતાં. એ ઇરાની કિતાબી ચિત્રોની અસર માની શકાય.

અક્ષરો લખવાની કળા પણ એમાં એટલી જ ઉત્તેજન પામી. ઈસ્લામી માન્યતા પ્રમાણે ખુદાઈ વાણીની સુંદર આકૃતિઓ લખવામાં પુણ્ય મનાતું. શાહી કિતાબખાનામાં સુંદર લિપિથી લખાતું ઉત્તમ સાહિત્ય સંઘરાતું અને તેમાં સુશોભન તરીકે ચિત્રો ચિતરાવવા પાછળ તથા તેની સુંદર બાંધણી કરાવવા માટે બેશુમાર ખર્ચ થતો. ઈ.સ. ૧૫૫૮માં ઈરાની ભાષામાં 'રઝમનામા' નામથી મહાભારતનો તરજૂમો કરાવેલો તેની કિંમત ૪૦હજાર સોનૈયા જેટલી હતી! આ પુસ્તક હાલ જયપુરમાં છે. રામાયણનું પણ એક પુસ્તક તૈયાર કરાવેલું તે હાલ વૉશિંગ્ટન(અમેરિકા)માં છે.

અકબરનામામાં એવાં ૧૧૭ મોંઘાં ચિત્રો છે. આ કિતાબખાનાં અકબર પછીના બાદશાહોએ પણ ઠેઠ સુધી સાચવ્યાં હતાં, પણ ૧૮મા અને ૧૯મા સૈકાની આંધીમાં તે વેરણછેરણ થઇ ગયાં. આ અદ્‌ભુત સંગ્રહોના જે ટુકડા યુરોપના ખાનગી સંગ્રાહકો પાસે આજે છે તે જોતાં તેની જાહોજલાલીનો ખયાલ મળી રહે છે. અકબરશાહના અંત સમયે તેના દરબારમાં સો ઉપરાંત ચિતારાઓ હતા જેમાંના કેટલાકને તો ઉમરાવની પદવીઓ મળેલી.

પણ મુઘલ ચિત્રકળાને પૂરા રંગમાં ખીલવવાનું માન તો જહાંગીરને જ ઘટે છે. શાહી તસ્વીરો ને શિકારના પ્રસંગો એના સમયમાં ખૂબ જ ચીતરાયા છે. તે સાથે વનસ્પતિ તથા ફૂલફળોનાં અને વિવિધ જનાવરોનાં ચિત્રો કરવામાં પણ અજબ લાગણી દર્શાવાઈ છે.

તેણે શાહજાદાઓને નીતિશિક્ષણ આપવા અન્વરે સુહેલી નામની એક સુબોધ વાર્તાવલિ



કળાના ત્રણ તબક્કા

ઉપર ડાબી બાજુ: મુઘલોએ પોતાની સાથે આણેલી શુદ્ધ ઈરાની-તૈમુરી કલમનો નમૂનો. તેમાં, રાજપૂત કલાકારોને હાથે રાજપૂત કલમના અંશો ભળીને મુઘલ શૈલી ખીલી તેનો નમૂનો જમણી બાજુ છેલ્લે નૂરજહાંના ચિત્રમાં જોવા મળે છે. વચ્ચે છે તે ત્યાર પછી સફાઈમાં ખીલતી આવેલી રાજપૂત કલમનો નમૂનો છે. મુઘલ કલમની પક્ષી-પ્રાણી-ચિત્રણા તથા પ્રસંગ-ચિત્રના નમૂના સામે આપ્યા છે.

તૈયાર કરાવી. તે માટે ૧૬ ચિતારાઓએ કામ કર્યું, જેમાં દસ હિંદુ અને છ મુસલમાન હતા. તે દરેકનાં નામ એમાં આપેલાં છે. એ ચોપડીમાં પંચતંત્રની કેટલીક વાર્તાઓનો તરજુમો છે, પણ ચિત્રોનાં પાત્રો તો મુઘલ જમાનાનાં જ આલેખાએલાં હોવાથી તેમાંથી એ સમયના જીવનનો આબેહૂબ ખયાલ મળી શકે છે. એ ચોપડી માત્ર ૯॥ ઇંચ લાંબી અને ૬ ઇંચ પહોળી છે, પણ એમાંનાં ચિત્રોમાં તો મુઘલ કળાની અજબ રૂપરંગાવટ ને રેખાવટનો પૂરેપૂરો આંક બતાવ્યો છે. ૧૮૫૧માં બ્રિટિશ મ્યુઝિયમે તે ખરીદી લીધી હતી.

જહાંગીરના વખતમાં વળી ઇરાનથી પણ નામચીન ચિતારાઓ આવતા; તેમાં આકારઝા કરીને અતિ નામિચો ચિતારો હતો. તેનો પુત્ર અબુલ હસન તો તેને યે આંટ મારે એવો થયો. તેણે શાહાનશાહ જહાંગીર ગાદીનશીન થયા તે વખતનું ચિત્ર બનાવ્યું, તે માટે તેને જહાંગીરે નાદીર-ઉઝ્-ઝમાન કહ્યો અને ખૂબ ઇનામો આપ્યાં.

હિંદુ ચિતારો બિશનદાસ પણ તેનો એટલો જ માનીતો હતો. બાદશાહે પોતાના ચરિત્રમાં તેના માટે લખ્યું છે કે એ જમાનામાં બિશનદાસની બરોબર કોઈ ચહેરા ઉતારી શકતું નહિ. તેને ખાસ સવારી સાથે ઇરાનના શાહ તથા તેના દરબારીઓની છબી લેવા મોકલ્યો હતો. એ સિવાય મન્સૂર અને ફરૂકબેગ તેના દરબારના ચુનંદા ચિત્રકારો ગણાતા. મનોહર અને મન્સૂર જનાવરો ચીતરનાર તરીકે ખ્યાતિ પામ્યા હતા.

જહાંગીરના પછી શાહજહાંએ ચિત્રકળાને બદલે સ્થાપત્યને વધુ માનીતી કળા તરીકે સ્થાન આપ્યું અને તેથી મુઘલ ચિત્રકળામાંથી ગુણ ઓસરવા માંડ્યો. રંગનો ઠાઠમાઠ અને વૈભવ વધ્યો, પણ હથોટી નબળી પડી ગઈ. શાહજહાંના સમયમાં તેના હલકા પ્રકારને લોકો 'દિલ્હી કલમ'થી ઓળખતા હતા.

ઔરંગઝેબના રાજ્યદરબારેથી તો કળાની હદપારી જ થઇ, અને કોઇ છૂટાછવાયા રસિક અમીરઉમરાવ તથા શ્રીમંતોના આશ્રયે જઈ તે થોડા વખત ભરાઇ. પણ જેઓ દિલ્હી છોડી દૂરના પ્રાંતોમાં જઈ મુઘલ સલ્તનતથી સ્વતંત્ર થયા તેમણે તો તેને પૂરેપૂરી અપનાવી અને કેટલેક ઠેકાણે તો તે આબાદ પણ થઈ.

દક્ષિણમાં નિઝામના રાજ્યમાં તે 'દખણી કલમ'થી ચાલુ થઈ. પટણા, બિહાર અને અવધના નવાબોએ પણ કળાનો શૉખ સાચવી રાખ્યો. ઔરંગઝેબ પછીના દિલ્હીપતિઓએ નામ પૂરતો કળાનો શોખ રાખેલો. અઢારમા સૈકામાં તો દિલ્હી કલમ માત્ર ધંધાદારી થઇ પડી ને કંપનીના અમલદારો માટે તસ્વીરો કરી નભવા લાગી. યુરોપ ને એશિયાની ભેળસેળ શૈલીની, હાથીદાંત પર આલેખેલી એવી તસ્વીરો આજે પણ દિલ્હીના બજારમાં મળી આવે છે.

મુઘલ કળા રાજવૈભવના ખોળે જન્મ પામી ને જીવી રહી, અને એ શાહી આધાર પડી ભાંગતાં પોતે પણ ગઇ. આમ તે પ્રજાજીવનનાં પડોમાં ઊતરી શકી નથી એ ખરું, પણ જે જમાનાએ તેને સર્જાવી હતી તેનાં ભભકદાર, આબેહૂબ, જીવંત ચિત્રો તે અમર કરતી ગઇ છે. દુનિયાના કોઈ પણ ઇતિહાસને ચિત્રકળાએ આવી સેવા આપી નહિ હોય.

ઈરાની કળા કિતાબી ઝાકઝમાળ, વિવિધ રંગો ને સોનેરી શણગારમાં આવી રહે છે. તેના ચિત્રપ્રસંગોમાં લડાઇ, પ્રેમ અથવા આનંદભરી મહેફિલો હોય છે, એટલે કે મોટે ભાગે દુન્યવી ખયાલોનું તે નિરૂપણ કરે છે; જ્યારે હિંદી કળા વીરરસપ્રધાન કાવ્યો, અદ્‌ભુત કથારસ કે પુરાણપ્રસંગો, અથવા ભાવપ્રધાન કે ગીતલહરીના તરંગો ચિત્રોમાં ઉતારવા મથી રહી હોય છે. ઉપરાંત તે કળા લોકજીવનના પ્રદેશમાં જન્મી, ઊછરી અને જીવતી રહી છે.

હિંદમાં આવ્યા પછી ઈરાની કળા હિંદી બની ગઈ પણ તેના આશ્રયદાતાઓને અધીન હોવાથી તેમના રાજ્યવૈભવો અને શોખનાં ચિત્રો પૂરતી જ તે ખીલી શકી.

અકબરના સમયમાં ઇરાનની અસર મુઘલ ચિત્રોમાં વધારે જણાતી હતી. પણ સત્તરમી સદીમાં તો તે સદંતર ઓસરી ગઈ. જહાંગીર અને શાહજહાંના વખતમાં ખરેખરાં હિંદી ઢબનાંજ ચિત્રો થયાં. રઝ્મનામું ચીતરનારા ૨૮ ચિતારા હતા તેમાં ૨૨ નામો તો હિંદુઓનાં છે.

આ ચિતારાઓ કોઇ પણ વિષયનું ચિત્ર ઉપાડતાં અચકાતા નથી. પર્સ્પેક્ટિવ (દૃષ્ટિનિયમો) કે છાયાપ્રકાશનાં ધોરણો તેમની આડે આવતાં નથી. આજકાલની પર્સ્પેક્ટિવ શોધનારા તે ચિત્રોનો ખરો રસ નહિ પામે. મુઘલ ચિત્રકળા ત્રણસો વર્ષ સુધી તેના પ્રેક્ષકોને રીઝવી શકી. તેમાં ચિતારાઓની સાચું ધ્યાન આપવાની જે અજબ શક્તિ, દૃશ્યની વિશાળતા અને અંતરનું ભાન બતાવવાની સચોટ રીતિ હતી તે આજના પર્સ્પેક્ટિવ માટે જ ટળવળતા ચિતારાઓને સુલભ નથી.

આ ચિત્રોમાંનાં પ્રસંગો આકર્ષક છે. કેટલી પ્રમાણિકતા ને ઝીણવટથી તેમણે માણસોના ચહેરા તથા પોષાકની વિગતો ચીતરી આપણે માટે સંઘરી મૂકયા છે! હિંદુ ચિતારાના એક ચિત્રમા શહેર બંધાય છે, રાજા તે જોવા આવ્યો છે, કડિયા કામ કરે છે, મજૂરો સામાન પહોંચાડે છે. એમ એ પ્રસંગની બધી પ્રવૃત્તિ અને વ્યવહાર આપણે રોજના જીવનની પેઠે સ્પષ્ટ નિહાળીએ છીએ.



તસ્વીર-આલેખનની કળાને તો મુઘલોએ જ કોઇ રીતે ખીલવી. ભગવતી સોળમા સૈકાનો સમર્થ તસ્વીરબાજ થઇ ગયો અને તે પછી હૌનહાર થયો. આ તસ્વીરોમાં એક ઊભી લંબચોરસ તકતીમાં તસ્વીરનું પાત્ર તલવાર કે ફૂલ પકડી એક બાજુએ નજર રાખી ઊભું હોય છે. જો શાહી પાત્ર હોય તો તે સિંહાસન પર બેઠેલું અગર ઝરૂખામાં બેઠેલું હોય, અને પાસે એકબે હજૂરી ઊભા હોય અને મુખ્ય પાત્રના ચહેરાની આસપાસ સોનેરી કુંડાળું આપ્યું હોય.

ઇરાની તસ્વીરોમાં ચહેરા જરા પોણા દેખાતા, એટલે બીજી આંખ પણ દેખાતી; પરંતુ મુઘલ ચિતારાઓએ માત્ર પડખાનો જ ચહેરો ચીતર્યા કર્યો છે. આવાં બંધનોમાં ચિત્રો અનાકર્ષક, અક્કડ ને નીરસ બની જાય; પરંતુ મુઘલ ચિતારાઓએ અજબ સામર્થ્યથી એવી મર્યાદાઓ સાચવીને પણ કળાપૂર્ણ તસ્વીરો ઉતારી છે.

તેમાં ચહેરાનું માત્ર સાદૃશ્ય જ મેળવીને તેઓએ સંતોષ લીધો નથી. સાથેસાથે ઊંચી પ્રતિની કારીગરીથી આછી છાયાઓ અને પોશાક તેમજ બેઠકની નકશીઓ કરીને પોતાની અદ્‌ભુત પીંછીની પરીક્ષા આપી ગયા છે.

મુઘલ તસ્વીરોમાં એક બાબત ખાસ આકર્ષક છે. તે હાથની વિવિધ છટા અને ચિત્રણા. અજંતાના ચિતારાઓ હાથનું વૈવિધ્ય બતાવવામાં જેવા કુશળ હતા તેવા જ મુઘલ ચિતારાઓ એ બાબતમાં બાહોશ જણાયા છે.



← ઝીણવટ અને સફાઈભરી હૂબહૂ પ્રાણીપશુ ચિત્રણામાં મુઘલકલમ ટોચે પહોંચી હતી, તેના બે નમૂના; ઉપર: ગ્રંથચિત્રણામાં કથાપ્રસંગ.



જૂનાં હિંદી અને રાજપૂત ચિત્રો કરતાં મુઘલ ચિત્રોમાં એક ખાસિયત વિશેષ હોય છે અને તે ચિત્રનું માઉન્ટિંગ યા કિનારશોભા. મુખ્ય તસ્વીરોને એક મોટા માપસર કાગળ પર સફાઇથી ચોડીને તેની આસપાસ સુંદર રંગોની વેલપટીઓ તથા ફૂલકળીઓ, એક અથવા અનેક, એવાં હિસાબથી નાખી હોય છે કે વચ્ચેના ચિત્રને તેથી ખાસ ઉઠાવ મળે છે.'

મુઘલ ચિત્રકળાનાં ચિત્રો અને તસ્વીરોને લીધે એક મોટા રાજવંશનો જમાનો આપણને આબેહૂબ જોવા મળે છે. જે બાદશાહો, હજુરિયાઓ, બેગમો, અમીરો, સરદારો, સાધુઓ, શિકારીઓ ને સિપાઇઓ, મજૂરો ને તવંગરો એક ચોક્કસ વખતે આ જગત પર હયાતી ધરાવતાં હતાં તેમને આજે આપણે જોઇ શકીએ છીએ. આપણા જૂના કાળના ઇતિહાસલેખકોએ પૂરતું અને પ્રમાણભૂત લખાણ મૂક્યું નથી તેની ખોટ આ ચિતારાએ પૂરી ભરપાઈ કરી આપી છે. પોતાના સમયનાં માનવીઓ અને પાત્રોને અજબ સજીવતા આપી તેમણે આપણી આંખ સામે મૂકી દીધા છે.



'સવારની સહેલ' જે. પી. સોની (મુંબાઈ)

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(ચિત્રો માટે જુઓ ચોથી આર્ટ-પ્લેટ)

પહેલું ઇનામ: 'આ[illegible]વાત્સલ્ય'–કે. એન. મલ્લી, અમદાવાદ; બીજું ઇનામ: 'સવારની સહેલ'–જે. પી. સોની, મુંબાઈ; ત્રીજું ઇનામ: શિકારની શોધ'–ઉષાકાંત મહેતા, ભાવનગર; ચોથું: 'સાગર કાંઠે'–એસ. એન. ગજ્જર, વેરાવળ; નોંધપાત્ર: (૧) 'દેવી'–રમેશ શાહ, મુંબાઈ; (૨) 'જીવન-કેડી'–કે. એન. મલ્લી, અમદાવાદ; (૩) 'ગૂંડલો ને સંસાર'–રામજીભાઈ રાતડિયા, અમદાવાદ; (૪) નામ વગરનું ચિત્ર–કે. જી. આચાર્ય, અમદાવાદ; (૫) 'ભરવાડ'–જે. પી. સોની, મુંબાઈ.

આ માસનો ચિત્રસમૂહ વિવિધતાપૂર્ણ અને આકર્ષક છે. છબિકારોએ ભાતભાતના વિષયો પર હાથ અજમાવ્યો છે. કેટલાંક ચિત્રો રસપ્રદ અને કલામય છે. ચિત્રોમાં નામનું મહત્ત્વ હજી પૂરું સમજાયું નથી. નામ વગરની કૃતિ કેટલીકવાર અણપ્રીછી રહે છે. નામ ન પાડવાનાં બે કારણ હોઈ શકે: કાં તો સર્જક એ વિષે બેદરકાર છે, અગર કૃતિના ઉદ્દેશને અનુરૂપ નામ શોધવામાં તે નિષ્ફળ ગયો છે. નામ ટૂંકાં, ઉદ્દેશવાહક અને રોચક હોવાં જોઇએ. આ વખતના સમૂહમાં કેટલાંકનાં નામ ચિત્રવસ્તુને અનુરૂપ નથી, કેટલાંક ઢાહ્યલાં છે; કોઈક જ ઉદ્દેશવાહક છે.

પહેલું ઈનામ જીતનાર ભાઈ મલ્લીએ પ્રાણીજીવનનો એક સાદો પણ ભાવભર્યો પ્રસંગ નિરૂપ્યો છે. બે આંચળને વળગેલાં બે બચ્ચાંને બકરી જે વાત્સલ્યથી સૂંઘી રહી છે તે તેની ટોકની નૈસર્ગિક છટામાંથી પ્રતીત થાય છે; જાણે માવણનો બોલત મવાદ! ટેકનીક પ્રશસ્ય છે.

બીજું ઇનામ જીતનાર 'સવારની સહેલ'માં ભાઈ સોનીએ સામે તડકે દોડતા એક્કામાં જતા બે જુવાનોને ઝડપ્યા છે. સવારના કૂણા તડકામાં વિલાતા ધુમ્મસની છાંયવાળાં મધ્યનાં તથા જમણી તરફનાં પશ્ચાદ્ભૂનાં વૃક્ષો ચિત્રરસમાં પૂર્તિ કરે છે. જમણી બાજુના આગલા વૃક્ષ કરતાં ડાબી તરફના ઝાડ તથા ઉપરથી લટકતાં પાંદડાંના ઝુમખાનું ઘેરું ઝુંડ આંખને જરા ખૂંચે છે. મૂળ (૬×૭ાના કદના) ચિત્રને ડાબી તરફથી ૧·૮ અને ઉપરથી ૧·૩ ઇંચ કાપવાથી તે સુધરશે.



નામ વગરનું ચિત્ર
(કે. જી. આચાર્ય · અમદાવાદ)

ત્રીજું ઇનામ જીતનાર 'શિકારની શોધ'માં, કોઈ વખારના ખૂણે ભક્ષ્ય તરફ તાકી રહેલી બિલાડીના 'ફ્લૅશ-સ્નૅપ'નું વસ્તુ તથા સંયોજન આકર્ષક છે. જોકે બિલાડી ફોકસ બહાર લાગે છે, તે કૅમેરા ને બિલાડી વચ્ચેના અંતરનો અંદાજ કાઢવામાં કે ફોકસ મેળવવામાં થએલી ભૂલનું પરિણામ હશે.

ભાઈ ગજ્જરે સમુદ્ર કિનારે, ભીની રેતીમાં ક્ષિતિજ પરના સૂર્યના પ્રકાશમાં લીધેલા બે બાળકોના છાયાચિત્ર–'સાગર કાંઠે'માં, બાળકોની આકૃતિ તથા તેમના પ્રતિબિંબની ઊભી રેખાને કાપતી સાગરની આડી છોળોની ગૂંથણીથી એક પ્રકારની રોચક ભાતરચના યોજાઈ છે.

દેલવાડાના જૈન મંદિરની અનુપમ શિલ્પકળાનો આસ્વાદ કરાવતા 'દેવી'ના ચિત્રમાં છબિકારે પ્રકાશની દિશા તરફ પૂરતું લક્ષ આપ્યું હોવાથી દેવીના ચહેરા પરના ભાવ બરાબર રજૂ થયા છે અને ચિત્ર નોંધપાત્ર બન્યું છે. નોંધપાત્ર ઠરેલાં બાકીનાં ચારે ચિત્રોમાં શ્રમજીવીઓનાં જીવનનાં જુદાંજુદાં પાસાં નિરૂપાયાં છે, જેની રજૂઆત પાછળની નેમ સ્તુત્ય છે; પરંતુ છબિકારે સ્નૅપ લઇને જ અટકવું ન જોઇએ. પાત્રોની જાતિ, વ્યવસાય, કૌટુંબિક પરિસ્થિતિ, જીવનવ્યવહાર તથા વેશભૂષા અને અલંકારો સુધીની ઝીણી માહિતી ભેગી કરી ચિત્રો સાથે તેની નોંધ મોકલવાથી ચિત્રનું મૂલ્ય વધે છે. એ રીતે ધીરેધીરે છબિકાર આપણી લોકસંસ્કૃતિનો પણ સારો એવો સંગ્રહ કરી શકશે. 'ગૂંડલાનો સંસાર'નો રસમય વિષય ચિત્રસંયોજનના ખયાલને અભાવે એળે ગયો છે. ભાઈ આચાર્યે કોઈ યુવાન સ્ત્રીનો બકરીના બચ્ચા સાથે લીધેલો સ્નૅપ ત્રાંસી ક્ષિતિજરેખાવાળો માત્ર 'સ્નૅપ' જ રહ્યો છે, અને પાત્રના સુરમ્ય ચહેરા પર રમતી તંદુરસ્તી તથા પ્રાણીપ્રેમવાળું આકર્ષક ચિત્ર ગુમાયું છે. ચિત્રની પાછળ સીધી ક્ષિતિજરેખા આવે એ રીતે ચિત્રને ત્રાંસું કાપી લઈ એન્લાર્જ કરવાથી પ્રદર્શનીય બનશે. (જુઓ ઉપર). ચિત્રને નામ આપવાની પણ તેમણે પરવા નથી કરી એ એક સુંદર કૃતિ પ્રત્યેની બેદરકારી ખૂંચે છે. એ જ રીતે અનુચિત નામ 'જીવનકેડી' ધરાવતું ભાઈ મલ્લીનું સુંદર ચિત્ર અપૂરતી ટેકનીકથી એળે ગયું છે. એન્લાર્જમેન્ટમાં ગ્રેઈન ફાટી ગયો ન હોત અને એક્સપોઝરની ખામીથી ચિત્ર ધૂંધળું ન બન્યું હોત તો ગોરજના પ્રકાશમાં સોહતા, સુંદર સંયોજનવાળા ગોધણનું આ ચિત્ર ઇનામને પાત્ર બનત. (જુઓ મથાળે) ભાઈ સોનીના 'ભરવાડ'ની છબિમાં પાત્ર કૅમેરાથી સભાન બન્યું છે એ કારણે ચહેરા પર કૃત્રિમતા આવી છે. બે હાથમાં લીધેલાં બચ્ચાં અને ભરવાડ વચ્ચે ભાવસંબંધ સધાયો નથી એથી ચિત્ર-વસ્તુ મોળું પડે છે.

બલવન્ત ભટ્ટ

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ પાંચમો

ખંડ ૨૭: દ્વીપાન્તર—આંદામાન

૧૦°-૩૦' અને ૧૩°-૪૦'(ઉત્તર) અક્ષાંશની વચ્ચે ને ૯૨ તથા ૯૩ રેખાંશના ગાળામાં, બંગલા સાગરમાં બસોએક નાના ટાપુઓ અને ખડકો પથરાયા છે, ને ટાપુવાસીઓને મોંએ હંદુમાનને નામે ઓળખાતા આવ્યા છે. એ જ રેખાંશમાં ૭ થી ૯ અક્ષાંશ નીચે નક્કવારના ટાપુઓ છે, જેમાંના બાર ઉપર વસતિ છે અને સાત કેવળ નિર્જન છે. હંદુમાન અને નક્કવારના ઘણાખરા ટાપુઓ ઉપર નીચી પહાડી છે, અને પહાડી ઉપર અતિ ગીચ જંગલો છે. પહાડી નીચી હોવાથી આ ટાપુઓ ક્ષિતિજ ઉપર ઓચિંતા દેખાવા માંડે છે. એથી એનું નામ પ્રાચીન સાહિત્યમાં 'ઉત્સ્થલ દ્વીપ' પણ પડ્યું હતું:

'અસ્તિ વારિનિધેર્મધ્યે દ્વીપમુત્સ્થલસંજ્ઞિતમ્.'

અહીં જારવા અને આન્ગી નામના નિષાદો વસે છે. પરદેશીઓએ એમને જંગલી ઠરાવી આજે નષ્ટપ્રાય કરી દીધા છે, પણ જ્યારે ભારતીય વહાણવટું આ પાણીમાં ફરતું હતું ત્યારે આ નિષાદોનાં ભારોભાર વખાણ જ સંભળાયાં છે. આ દ્વીપોને સંસ્કૃત સાહિત્યમાં 'દ્વીપાન્તર' કહ્યા છે. બંગાળમાં આજે પણ એ નામ પ્રચલિત છે. મહાકવિ કાલિદાસે રઘુવંશમ્‌માં એ જ નામ વાપર્યું છે.

મોલમીનથી નીકળી અગિયારમે દહાડે 'રાવળનાથ' અને 'અલખનાથ'નો અહીં ભેટો થયો. બ્રહ્મદેશ અને શોળમંડળ વચ્ચે ચાલતાં વહાણોનો આ બેટ તે કાળે વિસામો હતો. અહીં બંને તરફ જતાં અનેક વહાણો પડ્યાં રહેતાં. મુખ્ય તો તમિળ અને ખંભાતનાં વહાણો અહીં આવતાં હતાં. ખારવાઓમાં તમિળ, સિંહલ, સૌરાષ્ટ્રી અને કચ્છીઓ જ આવતા. આજે પણ કોઈ પૂર્વ કિનારેથી આવ્યા હતા, તો કોઈ પશ્ચિમથી. અહીં બ્રહ્મદેશ અને ભારતના તાજા ખબરોની આપલે થતી. ઘણાખરા વેપારીઓ અને બેડિયાતો આસપાસના ટાપુઓમાં શિબિર (તંબૂ) નાખી કિનારે રહેતા, અને 'અલખનાથ' ઉપરથી નેમચંદ શેઠ પણ એ રીતે કિનારે રહેતા હતા. ચેટ્ટિયારો અને વણિક મહાજન એટલા તો કુશળ હોય છે કે આ મધગાળાના ચાર દિવસના મેલાણમાં પણ તેઓ અનેક સોદા પઠાવતા હતા.

'રાવળનાથ' ઉપરથી પણ દેવરાજનું મહેમાનમંડળ કાંઠે ઊતર્યું; પણ તલૅંગરાજ ભીમદેવ અને પદ્માવતી બ્રહ્મદેશને થાપ આપી ભારત જતાં હતાં એ ખબર હજુ બ્રહ્મદેશ પહોંચે એમાં તલૅંગપ્રજાને હાનિ હતી, એટલે એ ઉતારુઓ માટે નજદીકનો જ એક અગોચર બેટ ખોળી કાઢવામાં આવ્યો અને ભીમદેવ સાથે સોનલ, ગમ્પકમ, પદ્માવતી, સંઘમિત્ત અને અજયપાળને ત્યાંના નિષાદરાજની સોંપણીમાં મૂક્યાં.

જારવા અને આન્ગી લોકો મહેમાનોના હેવાયા હતા. આટલાં બધાં વહાણો અહીં આવે જાય એમાં ટાપુઓની બરકત હતી. ટાપુઓમાં ધાન (ચાવલ), જાતજાતની દાળ, મકાઈ, શેરડી, હળદર, નાળિયેર, કડવી સબર, ગટ્ટા અને શણનાં વાવેતર થાય છે, અને અહીંનાં સાગવાન પણ ઉમદા ગણાય છે. ખેતીવાડી સિવાયના ભાગ ભયંકર જંગલોથી ઢંકાએલો છે. એ જંગલોમાં, ખાસ તો નક્કવારના ભાગમાં, નરભક્ષી રાક્ષસો વસે છે. એક કાળે જારવા અને આન્ગીઓ પણ એવા જ રાક્ષસ મનાતા હતા, અને આજે પણ એમની આડે ઊતરનાર ઉપર એ વરુ પેઠે તૂટી પડે છે.

બસો ઓગણીસ ટાપુઓ વચ્ચેની પાણીપંથાર ઉપર અસંખ્ય હોડીઓ અવરજવર કરે એ સ્વાભાવિક છે; પણ આ નિષાદો જ એ પંથારોના ભોમિયા છે, અને એમની મદદ વગર અહીં હોડી મૂકનાર અટવાઇને નાશ પામે છે. આવા ભોમિયામાંથી કોઈ કોઈ, તે વખતે, ભારત સુધી જાણીતા હતા. અજાણ્યા નાખવાઓ ભારતથી નીકળવા

મહાનાવિક તારકે જોએલું 'આંડામાન'

ધારાનગરીના સાહિત્યપ્રિય રાજા ભોજના સમકાલીન કવિ ધનપાલે 'તિલકમંજરી'માં મહાનાવિક તારકે દૂરથી આંડામાન ટાપુઓ જોયા તે નિમિત્તે જે વર્ણન આપ્યું છે, એ મૂળ કથાનકમાં આપેલા વર્ણન સાથે સરખાવતાં જણાશે કે તે કાળે, એટલેકે હજાર વર્ષ પહેલાં, આ દ્વીપાન્તરવાસીઓને યુરોપીય પ્રજાઓએ જે પશુ જેવી સ્થિતિમાં જોએલા એ કરતાં તેમની સ્થિતિ કંઈક અંશે ઊંચી હતી. અલબત્ત, મહાનાવિક તારક પોતાના દેશની સંસ્કૃતિ અને સમૃદ્ધિના દર્પથી આ 'નિષાદો' માટે જરા હલકો મત ધરાવે છે એમ સ્પષ્ટ દેખાય છે. મહાનાવિક તારકના કાફલાનું મુખ્ય વહાણ 'વિજયયાત્રા' નામે હતું, ને એ કાફલો લઈ સિંહલનો રાજકુમાર સમરકેતુ, સુવર્ણદ્વીપના ખંડિયાત રાજાઓએ ખંડણી નહોતી ભરી તે માટે એમને શિક્ષા કરવા ઊપડ્યો હતો. જુઓ એ વર્ણન :

'અનેક દેશથી આવેલા સાંયાત્રિકો(કાફલાના સર નાખવાઓ)ની ત્યાં ઠઠ જામી હતી, અને સામાન્ય લોકો પાસેથી રાજાઓને યોગ્ય રત્નો ખરીદી રહ્યા હતા. દ્વીપાન્તરની કંઠાર ઉપર નગરીઓ વસી રહી છે અને દ્વીપાન્તરવાસીઓ વાંસની ઢાલો તથા તીરકમાન સાથે એ નગરીઓમાં(રત્ન વેચવા)આવે છે. અહીં દ્રવિડ લિપિમાં તાડપત્ર પર ઉતારેલાં પુસ્તકો તો છે, પણ એમાં સંસ્કૃત કે દેશી ભાષામાં કાવ્યાદિ ઓછાં છે. લોકોમાં ધર્માધર્મનો વિચાર પણ અલ્પ છે. વર્ણાશ્રમ ધર્મ કે આચારોનું જ્ઞાન પણ નહિ જેવું છે. પાખંડ-વ્યવહારની કમી નથી.

અહીંની સ્ત્રીઓની વેશભૂષા 'ઉદ્ભટ'આંખે દે એવી છે, પણ અહીંની બોલી દુરવબોધ છે. અહીંના લોકો દેખાવે ભીષણ અને આચારે રાવણ જેવા પરદારહરણપ્રિય છે. યમ જેવા ક્રૂર, રંગે કાળામેશ, કલહપ્રિય, લોઢાનાં કડાં પહેરનારા આ નિષાદો દ્વીપાન્તરમાં રહે છે.' [काव्यमाला ८६ (निर्णयसागर) पृ. १३४]

-'સુકાની'

‘મા નિષાદ પ્રતિષ્ઠામ્ ત્વમ્ અગમઃ’

(વાલ્મીકિનો શાપ)

સેંકડો ટાપુઓનો આ સમૂહ—આંડામાન અને નિકોબાર દ્વીપમંડલ—નવા જન્મેલા ભારતખંડની અણખેડી ભૂમિ, નવો અવતાર ધરી રહી છે. ૧૮૫૭ના ‘બળવાખોરો’ને જીવતા ભંડારી દેવાને બાંધેલી અહીંની વિકરાળ જેલ! જેમાં અનેક દેશવીરોને પીંજરે નાખ્યા હતા, જેની દીવાલો સાથે માથાં ફોડી અનેક અભાગીઓએ જીવ આપ્યા હતા, જેનાં ગભારિયાંઓમાં અનેક હાય અફસોસના આંસુભીના નિસાસાઓ હજુ પણ જાણે ઊંઘ ઉડાડી દે છે, ત્યાં આજે આઝાદ ભારતે સિવિલ ઑસ્પિટલ બનાવી છે. આજે એ ‘કૉનવિક્ટો’નાં સંતાનો ભારતીય-આઝાદ ભારતીય તરીકે ઊંચાં માથાં રાખી ફરે છે. અહીં હિંદુસ્તાની જ બોલાય છે અને એક જ કબીલામાં વર ખ્રિસ્તી તો વહુ હિંદુ, દીકરી બૌદ્ધ તો દીકરા-વહુ મુસ્લિમ, છતાં મીઠો એખલાસ અને મીઠું કુટુંબજીવન, એવું હૈયું ઠારનારું જીવન જોવા મળે છે. અહીં-ની હાઈસ્કૂલમાં હજારેક છોકરાછોકરીઓ ભણે છે.

અહીંના મૂળ વતનીઓમાં ઊંગીઓ (ઓન્જીઓ) તો દૂધ-માં સાકર પેઠે ભળી ગયા છે; માત્ર જારવા હજુ દૂર રહે છે અને નજરે દીઠાં માનવી ઉપર તીર છોડે છે. શીર્ષકમાં આપેલી વાલ્મીકિની શાપોક્તિ હજુ જારવાઓને વ્યાકુળ કરી રહી છે. એમને સ્વસ્થ કરવાના યત્નો હજુ સુધી વિફલ છતાં ચાલુ છે.

નિયમિત આવતી સ્ટીમરો પરથી દર ખેપે અનેક નિષ્ણાતો અહીં આવ્યા કરે છે. ભૂસ્તર, ખનિજ, ખેતીવાડી, કેળવણી, વિજ્ઞાન, વૈદક, મત્સ્યવિદ્યા, પ્રાણિશાસ્ત્ર, વહાણવટું, રાજ્ય-કારોબાર, ઇજનેરી વગેરેના કોટિપ્રાપ્ત નિષ્ણાતો અહીં કાળાં પાણીમાંથી રત્નો વલોવી રહ્યા છે. અહીંના મૈનાક જેવા પહાડો પર સમુદ્રમંથન ચાલી રહ્યું છે, ને અમૃત નહિ તો અમૃત-ની આશા તો સૌને છે. સાઠેક નાનામોટા ટાપુઓની સફર કરી આજે જ હું પાછો ફર્યો, ને આ આશાનાં પ્રત્યક્ષ દર્શન કરી ધન્ય બન્યો. આજે અહીં જે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક નવાવતારની તૈયારીઓ થઈ રહી છે એ પ્રત્યક્ષ કર્યા વિના, ભા-રત માટે આઝાદીએ કેવો શુભ દિવસ આણ્યો છે એની કલ્પના મુશ્કેલ છે! વાલ્મીકિનો શાપ હવે શાન્ત થઈ રહ્યો છે.

(૨૪મી મે ૧૯૫૭નો પત્ર) —‘સુકાની’

પહેલાં જ અનુભવીઓ પાસેથી એમનાં નામ જાણી લેતા હતા. હજાર વર્ષ ઉપર શક્તિદેવ નામનો બ્રાહ્મણ મલયૂ જવા નીકળ્યો હતો ત્યારે એક અનુભવીએ એને કહ્યું હતું કે

‘તત્ર સત્યવ્રતાખ્યોઽસ્તિ નિષાદાધિપતિર્ધની;
તસ્ય દ્વીપાન્તરેષ્વસ્તિ સર્વેષ્વપિ ગતાગતમ્.’

(ત્યાં સત્યવ્રત નામનો ધનિક નિષાદાધિપતિ છે, તે આ સર્વ ટાપુઓમાં અવરજવરના રસ્તા જાણે છે.)

નિષાદાધિપતિ બી એલાને ત્યાં ‘રાવળનાથ’નું મંડળ મહેમાન બન્યું. દેવરાજે બી એલાને ભલામણ કરી કે બીજા કોઈ પણ વહાણનો કે વેપારીનો માણસ આ બાજુ ન ફરકે એવું ખાસ ધ્યાન રાખવું. બી એલાએ તે પ્રમાણે કરવા વચન આપ્યું. બી એલા પર એને એટલો તો વિશ્વાસ હતો કે દેવરાજ ચિંતામુક્ત થઇને ‘રાવળનાથ’ પર પાછો ફર્યો.

ખંડ ૧૮: મા, નિષાદ! પ્રતિષ્ઠાં ત્વમ્ અગમઃ

આર્ય સાહિત્યના આદિ કવિ વાલ્મીકિએ નિષાદને શાપ આપેલો કે ‘ચિરકાળ સુધી તું ઠરીઠામ નહિ પડે!’ એ શાપ આખી નિષાદજાતિને ભોગવવો પડ્યો છે. હંડુમાનના નિષાદો પણ એ શાપના પ્રતાપે ભાગેલા તે કોઈ બહુ પ્રાચીન કાળમાં હંડુમાનમાં આવી વસ્યા છે.

એમને માટે વિક્રમ સંવત્‌ના બારમા સૈકામાં ક્ષેમેન્દ્ર કવિએ ‘બોધિસત્ત્વાવદાન’માં ‘નાગ’ શબ્દ વાપર્યો છે; અને પ્રાચીન કાળમાં એમણે ભારતીય વેપારી વહાણો લૂટ્યાં હોવાના દાખલા દીધા છે. ક્ષેમેન્દ્રના સમકાલીન સોમદેવે એને માટે ‘નિષાદ’ શબ્દ વાપર્યો છે, ને આ ટાપુઓમાં ભારતીય વહાણો નિઃશંક જતાં એમ સૂચવ્યું છે.

તમિળ શિલાલેખોમાં આ બેટને ‘તિમે દીવુ’ કહ્યો છે, જેનો અર્થ થાય છે ‘અશુદ્ધ દ્વીપ’. આ દ્વીપવાસીઓની એક અશુદ્ધતા એ છે કે તેઓ મરણ પામેલાં સગાંવહાલાંને સામાન્ય રિવાજ મુજબ દાટીને પછી ત્રણ-ચાર મહિને પાછાં ખોદી કાઢે છે, અને એનાં હાડકાંનાં ટુકડા કરી, એના હાર પહેરે છે. આ રિવાજ ઉપરથી એ નરભક્ષી રાક્ષસો હોવાની કિંવદંતી પણ ચાલે છે; જોકે એ વાતને આજ (નક્કવારનો ટાપુ બાદ કરતાં) કોઈ પ્રમાણ નથી.

અહીંના નિષાદો ‘પ-લુ-ગ’ નામે સર્વસત્તાવાન ને સર્વજ્ઞ દેવતામાં માને છે; કૂર્માવતારની વાતો કરે છે; પુનર્જન્મમાં શ્રદ્ધા રાખે છે; એક પ્રકારના શયતાનમાં પણ માને છે; ભૂતપ્રેતને સંતોષે છે; વ્રત ઉપવાસ કરે છે; ભક્ષ્યાભક્ષ્ય પાળે છે; દ્વિજત્વ સંસ્કાર કરે છે; આકરું એકપત્ની-વ્રત પાળે છે; વિધવા કે વિધુરના પુનર્લગ્ન તરફ હલકી નજરે જુએ છે; પિતરાઇઓ ભાઈ-બહેન ગણાય છે; બાળક, વૃદ્ધ અને અશક્તનું બહુ પ્રેમથી જતન થાય છે; વૃદ્ધો તરફ અતિ આદર રખાય છે; આખી કોમ એક કુટુંબ પેઠે એક વાડે રહે છે અને એક રસોડે જમે છે!

યુરપના સંસર્ગ પહેલાં અહીં કોઈ પણ પ્રકારનાં માદક ખાદ્ય કે પેયનો પ્રચાર ન હતો. એ એવા સાચકલા છે કે એને કોઈ ‘અન્ગુન બા મયા!’ (અરે, મૂરખા!) કહી લે, તો એ હસી કાઢે છે; પણ જો કોઈ એને (અન્ગબ્ તે’દિન્ગા તાપયા) ‘અરે, જુઠ્ઠાબોલા!’ કહે, તો હાથમાં-નો ભાલો ઉગામે છે. એમની પરોણાગત પણ બહુ જ વખણાય છે.

વાલ્મીકિએ આપેલો શાપ હંડુમાનના નિષાદોને પણ જરૂર લાગ્યો જ હશે; કારણ સંવત્ ૧૮૪૪માં મહર્ષિનો મુલતવી રહેલો એ શાપ સાચો ઠરાવવા યુરપીઓએ એ ટાપુમાં પગ મૂક્યો!

આ બાજુ જૉન કંપનીનાં વહાણો કોઈ વાર આ બેટમાં આવી ચડતાં; અને અહીંના જારવા તથા ઓન્જીઓ તો, પડે તેવી સામે દેતા તે યુરપીઓથી સહન ન થયું. પરિણામે ટાપુઓનો કબજો લેવા ટાપુ-વાસીઓનો વનપશુ પેઠે સંહાર આરંભ્યો. પછી તો આખરે અંગ્રેજોએ અહીં ભારતીય ને બ્રહ્મી કેદીઓ વસાવ્યા અને સંવત્ ૧૯૧૩ના ‘બળવા’ પછી હજારો ભારતીઓને અહીં જીવતા ભંડાર્યા. મૂઠીભર ખ્રિસ્તી પાદરીઓએ અહીંના ‘જંગલી’ને ભગવાન ઈસુનો સંદેશો પણ દારૂ સાથે પાવા માંડ્યો: વાલ્મીકિનો શાપ સાર્થક કર્યો. બિચારો અહીંનો નિષાદ પણ હમેશ માટે ‘પ્રતિષ્ઠા’થી વિમુક્ત થઈ ગયો.

દેવરાજ અને એનાં અતિથિઓ અહીં ઊતર્યા ત્યારે હજુ લેફ્ટેનન્ટ બ્લેરમાં વહાણો ચોવીસેક વર્ષ દૂર હતાં!—ફક્ત ચોવીસ વર્ષ. પણ ‘રાવળનાથ’ના યજમાન નિષાદો ત્યારે તો શાપાહત ન હતા.

આ અતિથિઓને નિષાદાધિપતિ બી એલા પોતાના ‘ચંગ’ શપિન્ગા’ (વાસ)માં લઈ ગયો અને પરોણાગતમાં વિહ્વળ બની ગયો.

ખંડ ૧૯: આતિથ્ય

બી એલાનો ચંગ ’શપિન્ગા (વાસ) એક જબ્બર અંડાકાર ચોગાનને

ધરીને બાંધ્યો હતો. ઉત્તર તરફના અર્ધચન્દ્રકારમાં વીસેક ઝૂંપડાં હતાં, જ્યાં માત્ર કુટુંબો જ રહી શકે એવો રિવાજ હતો. 'રાવળનાથ'ના મહેમાનોમાં કાકુલ અને અજયપાળ સપરિવાર આવ્યા હતા, એટલે એ બે યુગલને ત્યાં બી એલાનાં પોતાનાં ઝૂંપડાંમાં ઉતારો મળ્યો. કુટુંબોના વાસની બરાબર સામે, એટલે દક્ષિણમાં, કેવળ અપત્નીક પુરુષો જ રહેતા હતા; પૂર્વમાં ઉમરલાયક થએલી પણ હજુ અપરિણીત કન્યાઓ અને વિધવાઓ રહેતી હતી; પશ્ચિમમાં આ આખા ગામ માટેનું સર્વસામાન્ય રસોડું હતું.

આવી વ્યવસ્થા ટાપુવાસીઓને અનુકૂળ પડે છે, કારણ એમનામાં એકબીજાંના છોકરાં દત્તક લેવાની પ્રથા છે, એટલું જ નહિ પરંતુ કોઇપણ કુટુંબ છોકરાંઓની અદલાબદલી કરવા માગે તો તે બહુ યોગ્ય વસ્તુ મનાય છે. દત્તક આપેલાં બાળકો પણ નજર બહાર ન રહે, અને કુટુંબ-કુટુંબ વચ્ચે આમ 'અંતર વહેંચાય', એથી આખું ગામ 'કુટુંબ' બની જાય, એવી ભાવનાથી આવો સમગ્રવાસનો રિવાજ પરાપૂર્વથી અહીં ચાલુ છે. આ બહોળા કુટુંબનો પિતા તે બી એલા. એને સૌ 'માઇયોલા' (મોટા બાપા)ના નામથી ઓળખતા હતા.

તે કાળે ટાપુવાસીઓમાં પુરુષો દિગંબર હતા. સ્ત્રીઓ એક પાંદડું જ પહેરતી હતી, છતાં લજ્જા-મર્યાદા અને આમન્યામાં જરા યે ક્ષતિ નહોતી દેખાતી. અહીંની સ્ત્રીઓ એટલી મર્યાદાશીલ હોય છે કે બીજી સ્ત્રીના દેખતાં પણ પાંદડું નથી બદલતી!

મહેમાનોને ઘેરી વળેલી સ્ત્રીઓએ ભારતીય પુરુષો તો જોયા જ હતા, પરંતુ ભારતીય સ્ત્રીઓ ની એમને નવાઈ હતી. એમણે અરસપરસમાં પૂછવા માંડયું: 'ઓલ મિન્લેલા' (આ મોટાં માણસો કોણ છે)? બી એલાએ દેવરાજ સાથેની પોતાની પૂર્વમૈત્રીની વાત કરી ને ઘડીભરમાં તો આખા ગામે મહેમાનોને અપનાવી લીધાં. ભીમદેવ બી એલા પાસે બેઠો, અજયપાળ જુવાનો સાથે ઊપડયો, ને સોનલ, ચમ્પકમ તથા પદ્માવતી રસોડા તરફ ઊપડયાં, કારણ ગામની ઘણીખરી સ્ત્રીઓ મહેમાનો માટે, આ ક ના (બપોરનું ભોજન) તૈયાર કરવાને ત્યાં ભેગી થઈ હતી. જોતજોતાંમાં ત્રણે જણ બધાં સાથે હળીમળી ગયાં. ભાષા જાણ્યા વગર કરાય તેટલો વાર્તાલાપ તુરતજ શરૂ થઈ ગયો. સ્ત્રીઓ જ્યારે વાતે ચડે છે ત્યારે પરસ્પરની ભાષા જાણવાની જરૂર નથી રહેતી!

સુવ્વર, કાચબો, સૂસવાટ અને માછલાં; ભાત અને મકાઇ; મધ અને નારિયેળનો માવો; ફણસ, ચકોતરાં, કેળાં અને આંબા;-આવાં વિધવિધ ભોજન પાંદડા ઉપર પીરસાઈ રહ્યાં. પ્રથમ પુરુષો ને પછી સ્ત્રીઓ જમી. અહીં ચકોતરાં અને મધ ફક્ત પરણેલાંઓને જ પીરસાય છે! જમવા ટાણે દેવરાજ હાજર થઈ ગયો અને માઇ યોલા (મોટા બાપા) બી એલાએ એને પોતાને પડખે બેસાડયો.

'રાવળનાથ' હુંડુમાનમાં ચાર દિવસ જ રોકાવાનું હતું, પણ એ ચાર દિવસમાં અજયપાળ ને કાકુલ જારવા જુવાનો સાથે શિકારે પણ જઈ આવ્યા, અને કમાન તથા તીરની નવીનવી હિકમતો શીખી આવ્યા.

સફરે નીકળવા પહેલાં 'રાવળનાથે' બી એલાને ઉપયોગી એવી ખૂબ સોગાદો આપી; બી એલાએ વળતી સોગાદો આપી અને મહેમાનોને વિદાય આપી. બી એલાએ કહ્યું: 'ઓ ઉચિક વાઈ ઑન, તાંઇ તાલિક કર્યૉન્ યાતે? (વારુ, પધારો ત્યારે; પણ ફરી ક્યારે આવશો?) અહીંના શિરસ્તાનો માહેલ અનુભવી હતો. એણે ગંભીરાઈથી જવાબ આપ્યો: 'અંગતેક દોન્ગાન્ મિન્ ઈક્રે.' (ફરી તમારે માટે કંઈક લઇને એક દી નીકળી આવશું.)

બી એલાએ દેવરાજનો હાથ હાથમાં લીધો અને એના પર બેચાર ફૂંક મારી. હુંડુમાનનો આ વિદાયવિધિ છે!

સાર્થવાહ અને સાંયાત્રિક

જૂના સંસ્કૃત ને પ્રાકૃત સાહિત્યમાં બે શબ્દો બહુ જાણવા જેવા છે: 'સાર્થવાહ' અને 'સાંયાત્રિક'. જમીન રસ્તે ભારતી વ્યાપારીઓ અને અન્ય મુસાફરોને દૂરદૂરના દેશોમાં દોરી જનાર તે 'સાર્થવાહ'; અને દરિયારસ્તે દોરી જનાર તે 'સાંયાત્રિક'. સાર્થવાહોની દેવતા તે યક્ષ મણિભદ્ર, અને સાંયાત્રિકોની દેવતા તે દેવી મણિમેખલા! એ મણિભદ્રની મહાકાય મૂર્તિ મથુરાના સંગ્રહાલયમાં છે. એનાં યક્ષમંદિર ઠેકઠેકાણે હતાં, પણ એનું મુખ્ય ધામ તો ગ્વાલિયર પાસેના પવાયા (પદ્માવતી) ગામમાં હતું.

ભારતના આર્યો ઠેઠ પ્રાગ્જ્યોતિષ્પુર (કામરૂપ: આસામ)થી માંડીને પશ્ચિમમાં સિંધ, સૌવીર, સુરાષ્ટ્ર, લાટ, અને ઉત્તરમાં બાહ્લિક (બૅક્ટ્રિયા) બલ્ખ વગેરે સુધી વણઝારો લઈ જતા; ને સાર્થવાહોનું કામ એ વણઝારોને દોરી જવાનું હતું. પવાયા (પદ્માવતી)નું મણિભદ્રનું યક્ષમંદિર સાર્થવાહોનું હતું.

મહાભારત કાળે મણિભદ્રનો મહિમા જાણીતો હતો. નલોપાખ્યાનમાં કહ્યું છે કે એક જબ્બર સાર્થ (વણઝાર) ચેદિ જનપદ તરફ જતો હતો અને વેત્રવતી નદી પાર કરતો હતો. એ સાર્થમાં વિખૂટી પડેલી દમયન્તી પણ ચેદિ પહોંચી. એ સાર્થનો વાહક-સાર્થવાહ નિબિડ જંગલમાં પહોંચી યક્ષરાટ મણિભદ્રનું સ્મરણ કરવા લાગ્યો (પશ્યામ્યસ્મિન્વને કષ્ટે, અમનુષ્યનિષેવિતે; તથા નો યક્ષરા યાંભદ્ર; પ્રસીદતુ.—વનપર્વ (૧-૧૨૩.) આ મણિભદ્રનું માહાત્મ્ય ઉત્તર ભારતમાં જ હતું, કારણ ચીનથી બલ્ખ સુધીનો વેપાર ને વણઝાર ઉત્તર ભારતીઓ જ મુખ્યત્વે ખેડતા.

આજના મદ્રાસથી દક્ષિણમાં સાઠેક કોસ ઉપર, કાવેરી પુંપત્તનમનું ગાજતું બંદર હતું, ત્યાં સાંયાત્રિકોની ઇષ્ટદેવતા મણિમેખલાનું મંદિર હતું. સાહસ શૌર્ય અને પ્રેમના, ચોથા સૈકામાં લખાએલા એક તમિળ મહાકાવ્યની નાયિકાનું નામ 'મણિમેખલૈ' રાખવામાં આવ્યું છે, અને એ સુરમ્ય સાગરકથા પણ છે. દક્ષિણ ભારત એ સાંયાત્રિકોનો દેશ. એમનાં સાહસ બધાં સાગર ઉપર. માત્ર ઉત્તરમાં, અથવા પશ્ચિમમાં મહાગુજરાતમાં જ સાર્થવાહો અને સાંયાત્રિકો બંને પાકતા, એ પ્રાચીન મહાગુજરાતનું વિશિષ્ટ ગૌરવ છે. —'સુકાની'

ખંડ : ૨૦ જલબંબ

દૂર જતાં વહાણોના તૂતક ઉપરથી હુંડુમાન ટાપુઓ જાણે દરિયા વચ્ચે હરિયાન-રૂપવન પાથર્યાં પડયાં હોય એવા લાગતા હતા. આ વિસામાની એક વિશેષતા એ છે કે બંગલા સાગરમાં ઘૂમતાં ભમ્મરિયાં તુફાનો ઘણી યે વાર આ ટાપુઓમાં જન્મે છે, પણ આજ સુધી કોઈ ઝંઝાસુરે એના ઉપર સીધો હુમલો કર્યો નથી. પ્રાચીન કાળમાં મોલમીનથી કે મલક્કાની ઉત્તરમાંથી આવનાર દરેક વહાણ અહીં ઢાળો કરતું તેનું એ ખાસ કારણ હતું.

નેમચંદ શેઠે નક્કી કર્યું કે 'અલખનાથ' વેદારણ્યમનો કિનારો શોધી રામેશ્વરમની ખાડી વાટે સીધું લારમાં પહોંચશે, અને ત્યાંથી કોળકોટ કરીને ખંભાત જશે; અને 'રાવળનાથ' નાગપત્તનમ્, કોર્ચી, કોવિલોં અને ગોપબંદર કરી ખંભાત આવશે. એટલે હુંડુમાનથી જ બંને જુગે જુદીજુદી દિશામાં મોરો ફેરવ્યો. 'અલખનાથે' આથમણ ઉપર તીખો દખ્ખણ મૂકયો અને 'રાવળનાથે' હળવો ઉત્તર મૂકયો. નેમચંદ શેઠ વહાણવટી તો હતા, પણ વેપારી હતા. નાખવાઓની મા'લમાતની

એમને જાણ ન હતી; નહિતો એ તુરત જ જોઈ શકત કે 'રાવળનાથે' નાગપત્તનમ્‌ને બદલે મ.સલિપટ્ટનમ્‌નો અક્ષાંશ નોંધ્યો હતો.

'રાવળનાથે' મોલમીનથી સાગના સોદા બહુ નફાકારક ભાવે કર્યા હતા. એના ભંડકમાં તેલના ભર્યા હતા. વર્દ્ધમાન શેઠની પેઢી માટે એમાં લાખોનો નફો ભર્યો હતો. નેમચંદ શેઠને એનાથી પૂરો સંતોષ હતો. એ તે વેપાર! અને વેપાર એ તો એમને મન 'જીવશ્ચપ્રાણશ્ચ' હતો. દેવરાજની મા'લમી કરામત એ તો માત્ર એ વેપારનું સાધન હતું, અને એમાં એમને બહુ રસ પણ ન હતો; અને હોય તો યે એમાં એ દખલગીરી કરી શકે એમ પણ ન હતું.

ઠેઠ હનુમાનથી નીકળતી વેળા એની નજર પડી, એટલે એણે રામસિંહ નાખવાને પૂછ્યું કે 'રાવળનાથ' ઉપર પેલી ત્રીજી દેખાવડી છોડી કોણ છે?' એનો જવાબ રામસિંહ નાખવાને પોતાને પણ નહોતો આવડતો, એટલે એણે પ્રામાણિક જવાબ આપ્યો કે મોલમીનથી કોઇ છડિયાં ચડ્યાં હશે!

'રાવળનાથ' હજુ ચૌદમા અક્ષાંશને પહોંચ્યું હશે, ત્યાં એક દહાડો સાંજે દક્ષિણમાં કાળો મેઘ દેખાઇ રહ્યો! એ અકાળ મેઘ ન હતો. હવે લગભગ ભાદરવો ઊતરવા આવ્યો હતો ને વરસાદની મોસમ પૂરી તો થઈ હતી, પણ આ ભાગમાં હજુ બીજી આખર આવવાની હતી. બંગલા સાગરમાં આખરની મોસમ વર્ષમાં બે વાર આવે છે.

પણ આ વર્ષામેઘ ન હતો. આખો આકાશમંડપ નિરભ્ર તપતો હતો, તેમાં આ એક જ મેઘ પાણીથી નમી પડ્યો હતો. સમગ્ર આકાશ મેઘાચ્છાદિત થઈ જાય એ જુદું; અને માત્ર એક જ મેઘ આમ નમી પડે એનો અર્થ બહુ જુદો છે. દેવરાજે 'રાવળનાથ' ઉપર બેડિયાતોને સાવધાન કર્યા, અને જાણે કોઇ દારૂણ પ્રસંગની આગાહી હોય, એમ 'રાવળનાથ'ને સજ્જ બનાવી દીધું.

એ એકલ મેઘ ઝડપથી આકાશમાં સરી રહ્યો હતો અને ધીમેધીમે નીચે ઊતરતો હતો. એની બરાબર નીચેનો દરિયો પણ ખદબદતો હતો ને એ ખદબદાટ પણ મેઘના પ્રસારા સાથે આગળ ખસ્યો આવતો હતો. બાકીનું આકાશ, અને બાકીનો દરિયો, તમામ શાન્ત હતો!

મેઘ ઝડપથી ફૂંકડાવા માંડ્યો. એના તળમાંથી એક જબ્બર શંકુ—ઉલટાવેલો શંકુ દરિયા તરફ લંબાવા લાગ્યો. એને મળવા દરિયામાંથી પણ એક શંકુ ઊઠ્યો. એ બીજા શંકુની પડઘી સવળી હતી, મેઘના શંકુની પડઘી અવળી હતી. બંને શંકુઓની ટોચ જાણે એકબીજીને મળવા મથતી હતી. મેઘનું બદન સ્થિર દેખાતું હતું, પણ ખરેખર એ આખું વાદળ જોરથી ગોળગોળ ફરતું હતું. પાણીનો શંકુ પણ જબ્બર વંટોળમાં ઘૂમરી ખાતો હતો.

અને આખરે બંને શંકુ ભેટ્યા! ટોચમાં ટોચ મળી ગઈ અને દરિયાથી આકાશ સુધી પ્રચંડ જલથંભ ઊભો થઇ ગયો! એનો રંગ કાળો હતો: જાણે મેઘે પોતાના રંગે થંભને રંગી નાખ્યો હતો; મેઘ જાણે બંબાકારે દરિયાને ભેટતો હતો કે દરિયો મેઘને ભેટતો હતો. આખો યે થંભ જોરથી ઘૂમરી ખાતો હતો, અને થંભ જ્યાં દરિયામાં ચૂશ મારી રહ્યો હતો ત્યાંનો દરિયો પણ ઘૂમરી ખાતો હતો.

દરિયાની ઘૂમરી એટલી જબ્બર હતી કે આસપાસના કોશ કોશ પાણીમાંનાં માછલાં અને મઘરાંઓ વમળ તરફ ખેંચાવા માંડ્યાં હતાં, એટલું જ નહિ, પણ વમળમાં પહોંચીને એ થંભમાં ઊંચે ચુસાઇ જતાં હતાં. હવે એ થંભ ઊંચો ને ઊંચો થવા માંડ્યો. છેવટે એ અરધોએક કોશ ઊંચો વધી ગયો અને આખો થંભ ને થંભ આગળ દોડવા લાગ્યો!

આનું નામ જલબંબ! એ જેમ ઊંચો થતો ગયો તેમ આકાર બદલતો ગયો. શંકુ મટી એ થંભ બની ગયો કાળાશમાંથી એ હળવો પાણી જેવા રંગનો બની ગયો. એના ઘૂમરી ખાતા બદનની ભીતર અનેક નાનાંમોટાં જલચર આકાશ તરફ ચુસાતાં ગયાં ને એમાં જાતજાતનાં રંગ દેખાડવા મંડ્યાં. સૂર્યનાં કિરણો એમાં અનેક મેઘધનુષ્યો ચમકાવી રહ્યાં. પણ એ દૃશ્ય રમણીય ન હતું; એ ધસતું મોત હતું!

'રાવળનાથ' ઉપરથી દરેક જણ આ અદ્‌ભુત દૃશ્ય તરફ મીટ માંડી રહ્યું હતું. તૂતક ઉપર દેવરાજ ઝૂલતી તોપ પાસે ઊભો હતો. તોપ ધરબી દીધી હતી. એની પાછળ છ બરકંદાઝો બંદૂકો ઠાંસી ઊભા હતા.

આજથી નવસો વર્ષ ઉપર સત્વશીલ નામના મુસાફરે એનું વર્ણન કર્યું છે. એ સત્વશીલ લંકા જતો હતો ત્યારે સમુદ્રમાં આવો 'ધ્વજ' એને ભેટ્યો હતો અને એનાં વહાણનો એણે નાશ કર્યો હતો. એ પ્રસગનું વર્ણન છે:

> ગતે તસ્મિન્ પ્રવહણે મધ્યભાગમ્ અશંકિતમ્
> ઉત્તસ્થૌ જલધેસ્તસ્માત્ ધ્વજો જનિતવિસ્મય:.

(જ્યારે તે વહાણ સમુદ્રના મધ્ય ભાગ સુધી સહીસલામત પહોંચ્યું (શુમારે લક્ષદ્વીપની સમીપમાં, ત્યારે પાણીમાંથી વિસ્મયકારક એક 'ધ્વજ' ઊભો થયો). અભ્રંલિહાગ્ર:(એની ટોચ વાદળમાં અડી રહી હતી), સુમહાન્ (એ અતિ જબ્બર હતો), જાગ્બુનદવિનિર્મિત: (એ આખો સ્તંભ દરિયાના પાણીથી નિર્માણ થયો હતો), વિચિત્રવર્ણ:(એમાં જાત જાતના રંગો દેખાતા હતા), વિચલદ્વૈજયન્તીવિરાજિત: (એનામાં જાણે અનેક ફરફરતી વિજયપતાકાઓ શોભી રહી હતી); તત્કાલં ચાત્ર સહસા સમુન્નમ્ય ઘનાવલિ (અને તે ક્ષણે, એકાએક, વાદળોને માથે ફપાડી) ભૂરાં વર્ષિતુમારેભે (એ ભયંકર વરસાદમાં તૂટી પડ્યો).

રંગ છે સત્વશીલ! જલબંબનું આવું વર્ણન અનુભવી વગર કોઈ ન કરે! દેવરાજ પણ સત્વશીલ પેઠે જલબંબનો વૈભવ જોઈ રહ્યો હતો; પણ એને સત્વશીલ પેઠે પોતાના વહાણને ભાંગવા નહોતું દેવું. આવા જલબંબની હવે એને ભીતિ ન હતી. આ જલાસુરને હણવાનો કીમિયો પરદેશીઓ પાસેથી એ શીખ્યો હતો.

જે માર્ગે બંબ ધસ્યો આવતો હતો તેની બરોબર વચ્ચે 'રાવળનાથ' આવી પડે એમ હજુ નહોતું લાગતું, છતાં એ જલબંબ તો આંખ મીંચવા જેટલો પણ સમય આપ્યા વગર દોડની દિશ બદલે છે. એ દેવરાજ જાણતો હતો.—અને 'રાવળનાથ' જેવો કોળિયો સામે જોઈ, ઓચિંતાં જ એ જલાસુરે દિશા ફેરવી ને જબ્બર દોટ મૂકી!

દેવરાજ ઉભડક બેસી સ્થિર થઈ ગયો. એની નાનકડી તોપનું મોં ધસતા થંભ ઉપર તાકી રહ્યું. દેવરાજની એક આંખ તોપની માખી ને જલથંભની સોંત લઈ રહી. એના ડાબા હાથમાં ચેતાવેલી જામગરી ધૂંધવાતી હતી. કોસ, પોણો કોસ, અરધો કોસ, પા કોશ; છસો, ચારસો, ત્રણસો હાથ, અને થંભ જાણે હાથભર લાગતો હતો! દેવરાજનો ડાબો હાથ 'કાળકા'ના કાન ઉપર ચંપાયો અને કાળકા ભડૂકી ઊઠી!

થંભને વીંધતો ગોળો ઊપડ્યો અને હવાની નક્કર ભમરીમાં ગાબડું પડ્યું. જેવો થંભના બદનમાં છેદ પડ્યો એવો જ થંભ ધસતો થંભ્યો, ને મેઘ તૂટ્યો. કોરા આકાશમાં ઊઠેલો આ એકાકી મેઘ 'રાવળનાથ' ઉપર ત્રાટક્યો. સત્વશીલ નાખવાના શબ્દમાં ભૂરાં વરવ્યો! નાખવાઓ બે શબ્દમાં કહે તે સમજવાને બસ્સો શબ્દ જોઈએ છે.

'રાવળનાથ' જોકે સજ્જ હતું, છતાં આ બેએક હજાર ભાર પાણીના એકસામટા માર નીચે દબાયું. એના સાંધેસાંધામાં કડાકા બોલી ગયા. એના ઉપર પ્રલય વર્ષી ગયો હતો. બોરિયાઓમાંથી પાણી વહી જતાં ઘડીઓ વીતી ગઇ. માથાંબૂડ બેડિયાતોએ શ્વાસ થંભાવી દીધા. આખરે પાણી ઓસર્યાં, પણ 'રાવળનાથ'ના સથા ઉપર હજારો માછલાંને તરફડતાં મૂકતાં ગયાં. એમાં જબ્બર મત્સ્યો પણ હતા. બેડિયાતો કુહાડા લઇ ઊપડ્યા અને મઘરાંઓ સામે બચાવ કરવા લાગ્યા. તૂતક સાફ કરતાં પહોર નીકળી ગયો.

આ બધો વખત બાકીનું આકાશ નિરભ્ર હતું; બાકીનો દરિયો શાન્તિથી હિલ્લોલતો હતો!

(ચાલુ)

શ્યામ રંગ સમીપે (અનુ.પૃ.૪૮૦થી ચાલુ)

લાલચંદ : શું ધૂળ સાચું ? ભણેલા માણસને ટકો દેવામાં બહુ જોખમ હોય છે, મોહનલાલ!

મોહનલાલ : તમારી વાતે ય સાચી છે, શેઠ સાહેબ. પણ હું એમ કહેતો હતો, કે સમાસમામાં પણ ફેર હોયને ?

બિપિનચન્દ્ર : સગાઈ તોડીને આપ એક ગંભીર અન્યાય કરશો, શેઠ સાહેબ!

લાલચંદ : આ બધા નાતજાતના વહેવારમાં તમે હજુ ના સમજો. ચાલો લ્યો, હાથપગ ધોઇ લ્યો. (બૂમ મારે છે) નલિન! (નલિન પ્રવેશ કરે છે) બિપિનચન્દ્રને હાથપગ ધોવા લઇ જા. (મોહનલાલને) ચાલો લ્યો મોહનલાલ. (મોહનલાલ ને લાલચંદ રસોડા તરફ જાય છે).

બિપિનચન્દ્ર : (વ્યંગથી) હાથપગ ધોવાનો ઇજારો ફક્ત મહેમાનોનો જ હોય છે, નહિ ? (નલિન હસે છે.) જુઓ નલિનકાન્ત, મેં શું કહ્યું છે તે યાદ છેને ? તમે સગાઈ તોડશો તે દિવસથી આપણે નહિ બને. આપણા જેવા જુવાન માણસો સમાજને દાખલો નહિ આપે તો કોણ આપશે ? (બંને જાય છે.)

પડદો

પ્રવેશ બીજો

[સ્થળ: એ જ; સમય: એક વર્ષ પછીની સવાર. દીવાનખાનાનું થોડું રાચરચીલું ખસેડી વચ્ચે એક ગાદી પાથરી છે. તેના પર તકિયે અઢેલીને નલિનકાન્ત બેઠેલા છે. સુંદર વસ્ત્રોમાં સજ્જ થએલી પ્રભુતા હાથમાં કૅમેરા લઈ નલિનકાન્ત સામે રાખી આઘીપાછી થાય છે અને પછી એક જગ્યાએ સ્થિર થાય છે.]

પ્રભુતા : (હાથમાંના કૅમેરામાં જોઈ નલિનકાન્તને) જરાક આ બાજુ ફરો; બસ... રૅડી!

યશવંત : (પ્રવેશીને) ઓહો પ્રભુતા, ફોટો પાડો છો ? પાડો પાડો. આજે તો તમારે ભાઈની સગાઇના આનંદનો દિવસ છે.

પ્રભુતા : હાસ્તો.

નલિનકાન્ત : કેમ યશવંત!

યશવંત : હું જરા વહેલો આવ્યો, કંઈ કામકાજ હોય તો...

નલિનકાન્ત : કામકાજ તો બીજું શું ?

પ્રભુતા : (હસતાં) આ ફોટો પાડવાનું!

યશવંત : લાવો પ્રભુતા, એક ફોટો મને ય પાડવા દો. કૅમેરા લે છે અને નલિનકાન્તને ઊભા રહેવાનું સૂચવે છે. (નલિનકાન્ત અને પ્રભુતા હસે છે તે જોઇ) કેમ, હસો છો કેમ ?

નનિલકાન્ત : કેમ, તે કૅમેરામાં ફિલ્મ નથી.

યશવંત : ફિલ્મ નથી ? ત્યારે...?

નલિનકાન્ત : એ તો જરા પોઝની પ્રૅક્ટિસ કરતી હતી. ફિલ્મ લેવા મોકલ્યો છે નોકરને.

લાલચંદ : (ખમીસ પર કોટ પહેરતાં પહેરતાં, એક ખંડમાંથી પ્રવેશી બીજા ખંડમાં જતાં જતાં, ખૂબ કામમાં હોય તેમ) મારી કાશ્મીરી ટોપી કાઢી છે ને પ્રભુતા ?

પ્રભુતા : હા બાપુજી.

લાલચંદ : (નલિનકાન્તને) ને તેં પછી બિપિનચન્દ્રને કહેવડાવી દીધું છે ને ?

નલિનકાન્ત : હું જાતે જ જઇ આવ્યો.

લાલચંદ : કંઈ બોલ્યા હતા ?

નલિનકાન્ત : ના; પણ એમને બહુ ગમ્યું હોય એમ લાગ્યું નહિ.

લાલચંદ : આવવાની તો હા પાડી છે ને ?

નલિનકાન્ત : હા.

લાલચંદ : બસ, ત્યારે (બીજા ખંડમાં જાય છે.)

યશવંત : (કુતૂહલપૂર્વક) કેમ બિપિનચંદ્ર આવવાની ના પાડતા હતા ?

નલિન૦ : સગાઇ તોડી એ એને ગમ્યું નથી.

યશવંત : સગાઇ ને લગ્નનાં કામ જ એવાં. કોઇક ને કોઇક વિઘ્ન આવ્યા જ કરે.

પ્રભુતા : (હસતાં) માટે જ તમે સગાઇ કરતાં ગભરાઓ છો, ખરું ને ?

યશવંત : હું તો માનું છું કે ચૂપચાપ લગ્ન કરીને પછી જ જાહેર કરવું, એટલે કોઈ વિઘ્ન નાખવા આવે જ નહિ.

પ્રભુતા : એવી રીતે લગ્ન કરવાની વાત તો કરો છો, પણ તમારા કાકાને જરા પૂછી જોજો.

નલિન૦ : તો તો હાડકાં જ ખોખરાં થાય!

યશવંત : અને હવે તો સંમતિથી સગાઈ થઇ ગયા પછી પણ ક્યાં સલામતી હોય છે ? લગ્ન થાય ત્યારે જ સાચાં. જુઓને નલિનકાન્ત, તમે પણ સગાઈ તોડી ને ?

પ્રભુતા : (બચાવ કરતાં) તેમાં ખોટું શું કર્યું છે ? ન ગમતું હોય તો ચૉરીમાંથી પણ ઊભા થઈ જવું પડે.

યશવંત : હું એ જ કહું છું ને, કે, સગાઈની કશી જ કિંમત નથી. ભલેને સગાઇ થાય, છોકરો ને છોકરી સાથે હરેફરે, નાટક સિનેમા જુએ ને છતાં ન ફાવે તો એમાંથી એક બીજે યે પરણી બેસે!

પ્રભુતા : એમ પછીથી બેવફા થવા કરતાં હિંમત કરી બીજે પરણી જવું વધારે સારું.

લાલચંદ : (પ્રવેશીને-ચિડાઈને) આ ભણેલાંનું દુઃખ જ આ; કામ થોડું ને વાત ઝાઝી.

પ્રભુતા : બાપુજી, આજ સારા દિવસે તમે ચિડાવ ના. ડૉક્ટરે તમને શી સલાહ આપી છે?

લાલચંદ : પણ તમે કરો એવું તે ? આ કૅમેરા લઇને બેસી ગયાં ગપ્પાં મારવા; અને નોકરને મોકલ્યો ફિલ્મ લેવા. પણ એમ ખબર છે કે ઘરમાં કેટલું કામ પડ્યું છે ? નાસ્તાની ડિશો કોણ ભરવાનું હતું ? કંકુચોખા ને ગોળધાણા તૈયાર કર્યા ? હજુ તો આ બધું ખસેડી જાજમ પાથરવાની બાકી છે. એલા યશવંત, તું જાજમ લેતો આવ્યો છે, કે ખાલી હાથે ?

યશવંત : ઓ—હો! સૉરી. મારા કાકાએ કહેલું ખરું, પણ મને યાદ ન રહ્યું.

લાલચંદ : બસ સૉરી ને સૉરાં. પછી કહેશે કે ગુસ્સે થાય છે. આજના જવાનિયાને કામ કરવામાં જ નાનમ.

યશવંત : નાનમ નથી કાકા, આ લઈ આવું.

લાલચંદ : હવે રહેવા દે; મોકલશું નોકરને

મોહનલાલ : (પ્રવેશીને) ક્યાં મોકલવો છે ?

લાલચંદ : આ જાજમ માટે સ્તો. ટાઇમ થવા આવ્યો અને અહીં હજુ કશાં ઠેકાણાં નથી.

મોહનલાલ : કશો વાંધો નહિ. જુઓ જાજમ હું સાથે જ લેતો આવ્યો છું. લાવો, હવે શું શું બાકી છે ? યશવંત, નલિન, તમે આ ખુરશીઓ અંદર લઇ જાઓ. પ્રભુતા, તું ગોળધાણાની તૈયારી કર. (યશવંત, નલિન, પ્રભુતા જાય છે. મોહનલાલનો નોકર આવી જાજમ પાથરી જાય છે. લાલચંદ અને મોહનલાલ ગાદી પર એક બાજુ બેસી જાય છે.)

મોહનલાલ : (બીડી સળગાવતાં) કેમ, બિપિનચન્દ્ર હજુ નથી આવ્યા ?

લાલચંદ : કહેવડાવ્યું છે એટલે આવ્યા વિના તો નહિ રહે, પણ...

મોહનલાલ : કેમ, કંઈ વાંધો પાડીને બેઠા છે ?

લાલચંદ : બીજું શું ત્યારે વળી ?

મોહનલાલ : શેઠ સાહેબ, આ બધું તમે સહન કરો. બીજું કોઇ હોય તો મૂકે પડતો! જમાઈ થયો એટલે શું થઇ ગયું ?

લાલચંદ : હું યે સહન ના કરું; પણ આ છોકરીના હિસાબે સ્તો. એક તો એની મા નથી, અને તેમાં વળી હું આડુંઅવળું બોલી બેસું, તો અંતે તો એને જ બીચારીને દુઃખી થવાનું ને!

મોહનલાલ : નહિ તો વળી બહુ મોટું સુખ આપી દેવાના હતા!

લાલચંદ : ના, ના; આમ તો બિપિનચન્દ્ર હોશિયાર અને સમજદાર છે, પણ આ એક પૂંછડું પકડયું છે તે કોણ જાણે છોડતા જ નથી.

મોહનલાલ : એ તો તમે જેમ વધારે નમતું મૂકતા જશો તેમ વધારે માથે ચડી બેસશે. મારું કહ્યું માનો તો એક વખત સાવ લટકતા જ મૂકી દોને, એટલે આવશે એની મેળે ઠેકાણે.

પ્રભુતા : (ઝડપથી પ્રવેશી) બાપુજી, બધા આવતા લાગે છે.

લાલચંદ : તો બોલાવ નલિનને, શું કરે છે ત્યાં બેઠો બેઠો ? (પ્રભુતા જાય છે.)

મોહનલાલ : જુઓ શેઠ સાહેબ, બીજા બધા આવે તે પહેલાં મુદ્દાની વાત કરી લઉં. આ બિપિનચન્દ્ર આવે, ને કંઇ ધમાલ કરે, ન

બોલવાનું બોલી બેસે, તો આજે સહન કરી ના લેતા, સમજ્યા! જમાઇ ઉઠીને બધાંની વચ્ચે સસરાનું નાક કાપી જાય એ મારાથી દીઠ્યું નહિ ખમાય. તમારાથી ના બોલાય એમ હોય તો મને રજા આપો; હું જ એને—

લાલચંદ: જાવ, તમને જ બધી છૂટ આપી. મારી જીભ એકદમ કદાચ ન પણ ઊપડે.

મોહનલાલ: પણ હું પારકો માણસ કહું ને તમે કહો એમાં ફેર પડે. માટે બોલજો તો તમે જ. જરૂર પડયે હું ટેકો આપીશ.

લાલચંદ: તમારી હિંમતના જોરે તો આ સગાઈ તોડી. નહિ તો વળી...(નલિન, પ્રભુતા, યશવંત પ્રવેશે છે) જો નલિન, હવે આઘો-પાછો થયા વિના સીધો બેસી જા ગાદી પર. અને પ્રભુતા, બહુ ફોટા પાડપાડ નથી કરવાના.

પ્રભુતા: પણ બાપુજી, તમે શું કામ ચિડાઇને બોલબોલ કરો છો?

મોહનલાલ: હશે બેન. શેઠ સાહેબ! તમે પણ શાંતિ રાખોને...હાં પછી એ લોકોએ અમિતાને સાથે લાવવાનું માન્યું છે ને?

લાલચંદ: ન માને તો જાય ક્યાં? પહેલાં તો જાણે કહ્યું કે કન્યા મુરતિયાને ચાંલ્લો કરે અને ફૂલહાર પહેરાવે એવો નવો રિવાજ અમને પસંદ નથી. પછી બહુ કહ્યું ત્યારે કહે કે અમને વાંધો નથી, પણ છોકરી ના પાડે છે.

મોહનલાલ: પછી?

લાલચંદ: પછી અમે તો મોઢું કટાણું કરી ઊઠવા માંડયું ત્યારે કહે 'સારું આવશે'. પ્રભુતા જા જો તો બારીએથી, બધા આવી પહોંચ્યા?

પ્રભુતા: (આવીને) હા, બાપુજી. (ફરી પાછી ત્યાં જાય છે. નલિનકાન્ત, યશવંત, લાલચંદ, મોહનલાલ સ્વસ્થ થાય છે.)

[સાતઆઠ માણસો પ્રવેશે છે ને ચંપલ-બૂટ કાઢી જાજમ પર બેસતા જાય છે. પાછળ અમિતા અને બીજી ત્રણચાર નાનીમોટી છોકરીઓ પ્રવેશે છે. તેમની સાથે પ્રભુતા પણ આવે છે. છેલ્લે 'સ્વસ્તિ' 'સ્વસ્તિ' બોલતા ગોર મહારાજ પ્રવેશે છે. લાલચંદ અને મોહનલાલ ઊભા થઈ સૌને આવકાર આપે છે. થોડી વાર શાંતિ પ્રસરે છે.]

પહેલો માણસ: (મોહનલાલ તરફ સહેજ હાથ કરી) આ?...એમને ના ઓળખ્યા.

લાલચંદ: આ...? આ મોહનલાલ શેઠ, મારા ભાગીદાર.

પહેલો માણસ: (માથું નમાવી) ઠી...ક.

બીજો માણસ: (યશવંત સામે આંગળી કરી) આ બેઠા છે એ કોના ચિરંજીવી?

મોહનલાલ: મારો દીકરો છે.

ત્રીજો માણસ: શું નામ?

મોહનલાલ: યશવંત.

ચોથો માણસ: કેટલું ભણ્યા છો?

મોહનલાલ: બી.એ. સુધી.

માણેકલાલ: કેમ બિપિનચંદ્ર દેખાતા નથી?

લાલચંદ: હવે આવવા જોઇએ.

માણેકલાલ: ત્યાં સુધી, ગોરમહારાજ, બધાને કંકુના ચાંલ્લા તો કરો.

ગોર મહારાજ: કેટલા, નવ વાગી ગયા?

બે-ત્રણ માણસો: હા હા, નવ વાગી ગયા. શરૂ કરો મહારાજ. (ગોર મહારાજ કંકુ અને ચોખાની થાળી લઈ ૐ 'સ્વસ્તિ' ૐ 'સ્વસ્તિ' બોલતાં સૌને ચાંલ્લા કરે છે.)

માણેકલાલ: (થોડી વારે) શું બિપિનચન્દ્રની રાહ જોવી છે?

લાલચંદ: થોડી જોઇએ તો સારું.

પહેલો માણસ: ચાલુ કરી દોને, એ તો આવી પહોંચશે.

બીજો માણસ: (હસતાં) બરાબર નાસ્તા વખતે! (કેટલાક હસે છે.)

માણેકલાલ: તો ચાલુ કરી દઇએ શેઠ?

મોહનલાલ: (લાલચંદ શેઠના કાનમાં વાત કરીને) હા હા, કરી દો શરૂ.

માણેકલાલ: મહારાજ, ત્યારે કરો ચાલુ.

ગોર મહારાજ: (વચ્ચેથી બહાર આવતાં ઊંચે સાદે બોલવાનું શરૂ કરે છે) ભરતક્ષેત્રે, ગુર્જર દેશે, અમદાવાદ શહેરે, વણિક જ્ઞાતિસુ, (એક જણને) જરા આઘા ખસજો મહેરબાન, વણિક જ્ઞાતિસુ, શ્રીમાન શેઠ શ્રી પૂનમલાલ, તસ્ય પુત્ર રતિલાલ, તસ્ય પુત્ર—પેલી થાળીમાંથી ચોખા આપજો જરા—તસ્ય પુત્ર માણેકલાલ, તસ્ય પુત્રી-બહેનનું નામ શું? લલિતા? શું અમિતા? હાં-તસ્ય પુત્રી અમિતા, તસ્ય, ભરતક્ષેત્રે, સૌરાષ્ટ્ર દેશે, વઢવાણ શહેરે, વણિક જ્ઞાતિસુ, શ્રીમાન શેઠશ્રી સૌભાગ્યચંદ, તસ્ય પુત્ર—બહેન જરા ગોળધાણા આપજો-તસ્ય પુત્ર ઉમેદચંદ, તસ્ય પુત્ર-તસ્ય પુત્ર શેઠ શ્રી લાલચંદ, તસ્ય પુત્ર-શું ભાઈનું નામ? નલિનકાન્ત? હાં, નલિનકાન્ત, તસ્ય અહ વાગ્દાન વિધિ ક્રિયતે. તસ્ય...વાગ્દાન...વિધિ... ક્રિયતે! બોલો શેઠિયાઓ, મંજૂર છે? (લાલચંદ અને માણેકલાલ ડોકું ધુણાવી હા કહે છે. ગોર નલિનકાન્તને કપાળે ચાંલ્લો કરે છે. પછી અમિતા નલિનકાન્તને ચાંલ્લો કરી હાર પહેરાવે છે. પ્રભુતા ફોટા પાડવાની તૈયારી કરે છે.)

પ્રભુતા: અમિતા, ફોટો પાડું એટલી વાર ઊભી રહેજે. (અમિતા પાછી વળવા જાય છે તેને) અરે નાસે છે ક્યાં? ફોટો તો પાડવા દે...મહારાજ, તમે ત્યાંથી ખસી જાવ...ને ભાઇ, મોં જરા ઊંચું કરો, ને આ બાજુ જુઓ. અમિતા, હસને! આમ ગંભીર મોં રાખીને શું ઊભી છે? રેડી...અમિતા, હસતી કેમ નથી?

લાલચંદ: હવે પાડી લોને જેવો પડે તેવો.

પ્રભુતા: હં, બસ...રેડી...(ચાંપ દબાવે છે.)

યશવંત: (પ્રભુતાના હાથમાંથી કૅમેરા લઇ) લાવો, એકબે ફોટા બધાના મને પાડવા દો.

પ્રભુતા: પણ નંબર તો ફેરવવા દો.

યશવંત: એ તો હું ફેરવી લઈશ. (યશવંત ચપચપ ફોટા પાડે છે.)

ગોર: ગોળધાણા આવી ગયા બધાંને?

લાલચંદ: પ્રભુતા, જાઓ હવે; ચા-નાસ્તો લાવવા માંડો.

મોહનલાલ: તું પણ જા, યશવંત. (પ્રભુતા, યશવંત વગેરે નાસ્તાની રકાબીઓ લાવે છે. કેટલાક ખાવાનું ચાલુ કરે છે. બિપિન પ્રવેશે છે.)

લાલચંદ: આવો આવો, આ બાજુ.

બિપિન૦: ના, અહીં જ ઠીક છે. (બેસે છે.)

પહેલો માણસ: (કટાક્ષમાં) ઠીક ટાઇમસર આવી પહોંચ્યા!

લાલચંદ: એલા, નાસ્તો લાવો બિપિનચંદ્ર માટે. ને મહારાજ, ગોળધાણા આપો એમને.

મોહનલાલ: કેમ આવતાં વાર લાગી?

બિપિનચંદ્ર: હું તો નહોતો જ આવવાનો; પણ પછી થયું કે મારે જવું તો ખરું જ.

મોહનલાલ: આવવું તો જોઇએ ને વળી!

ગોર: (બિપિનચંદ્રને કંકુનો ચાંલ્લો કરવા જતાં) મોં ઊંચું કરો સાહેબ!

બિપિનચંદ્ર: મારે નથી કરવો ચાંલ્લો.

ગોર મહારાજ: અરે, એ શું બોલ્યા સાહેબ? શુકનમાં ના પડાય નહિ.

મોહનલાલ: રહેવા દો મહારાજ, એમને નહિ ગમતો હોય.

ગોર મહારાજ: સારું, ગોળ-ધાણા તો લ્યો.

બિપિનચંદ્ર: એ પણ મારે નથી ખાવા.

ગોર મહારાજ: અરે આમ કેમ કરો છો સાહેબ? (લાલચંદને) અરે શેઠજી, સાહેબ તો ગોળધાણા લેવાની પણ ના પાડે છે.

મોહનલાલ: રહેવા દો મહારાજ; એમને નહિ ભાવતા હોય.

નોકર: (બિપિનચંદ્ર નાસ્તો લેવાની ના પાડતાં) આ તો નાસ્તો લેવાની પણ ના પાડે છે. (મોહનલાલ લાલચંદને ઇશારો કરે છે.)

લાલચંદ: (ઊંચા સાદે) કેમ, પણ કંઈ કારણ?

બિપિનચન્દ્ર: કારણ મારો વિરોધ.

લાલચંદ: (એકદમ ઉગ્ર થઈ) શેનો વિરોધ? પ્રસંગે રિસાતાં જરા શરમાવ, શરમાવ હવે.

બિપિનચંદ્ર: (શાંતિથી) કંચન સાથે સગાઈ તોડી એ સામે મારો વિરોધ છે, અને એ વિરોધ બતાવવા જ અત્યારે અહીં આવ્યો છું.

માણેકલાલ : (વચ્ચે) એમાં તમને શું?

બિપિનચંદ્ર : મને આ સગાઈ મંજૂર નથી.

માણેકલાલ : (ઉગ્ર થઈ) તો ચાલતા થાવ.

પહેલો માણસ : મંજૂર ના હોય તો આવ્યા છો શું કામ?

બિપિનચંદ્ર : કંચન સાથેની સગાઈ તોડીને લાલચંદ શેઠે જે મોટો અન્યાય કર્યો છે તેની છડેચોક જાહેરાત કરવા.

લાલચંદ : (ઉગ્રતાથી) અન્યાય શેનો? દંડના પૈસા ભરી દીધા છે રોકડા. જરા વિચાર કરીને પછી બોલો બિપિનચંદ્ર!

પ્રભુતા : (વીનવતી) બાપુજી, તમે ગુસ્સે ના થાવને; તમને ડૉક્ટરે...

લાલચંદ : બેસ તું, વચ્ચે ડાહી થયા વગર.

પ્રભુતા : (બિપિનચંદ્રને) તમે પણ શું કામ બોલો છો? મારા સમ જો કંઈ...

બિપિનચંદ્ર : (ઊભા થઈને) આ બધું ખોટું થાય છે, લાલચંદ શેઠ. પૈસાને જોરે એક ગરીબ છોકરીનો ભવ બગાડ્યો છે તમે.

(લાલચંદ શેઠ ઊભા થઈ જાય છે. એની સાથે બીજા પાંચ છ માણસો ઊભા થઈ જાય છે.)

લાલચંદ : (અતિશય ઉગ્ર થઈને) તેમાં તમારા બાપનું શું ગયું? બેસી જાઓ, છાનામાના, ડહાપણ કર્યા વગર...

ગોર મહારાજ : સાન્તમ્ પાપમ્. (એક-બે માણસ બિપિનચન્દ્રને સમજાવવાનો પ્રયત્ન કરે છે, એક-બે લાલચંદ શેઠને.)

માણેકલાલ : ...નહિ તો ચાલતી પકડો!

પ્રભુતા : પણ બાપુજી તમે ગુસ્સે ના થાવ, તમને બ્લડપ્રેશર વધી...

લાલચંદ : બેસ બેસ તું છાનીમાની!

બિપિનચંદ્ર : હજુ કહું છું લાલચંદ શેઠ, આ સગાઈ રહેવા દો, અને કંચન સાથે...

ગોર મહારાજ : હવે આ જનમમાં ના તૂટે. ચાંલ્લા થઈ ગયા.

માણેકલાલ : લાલચંદ શેઠ, આ તમારા જમાઇને કંઈ કહો, નહિ તો પછી....

લાલચંદ : એ ભલેને બબડાટ કરે, શેઠ! ઘડીક ફફડીને રહી જશે; એ તો 'કોંટ ગાંગરતાં જ પલાણીએ!

બિપિન૦ : (શાંતિથી) એમ? તો જુઓ, પ્રભુતા સાથેની મારી સગાઈ હું તોડી નાખું છું.

લાલચંદ : હેં? શું કહ્યું?!

પ્રભુતા : હેં?!!

બિપિનચંદ્ર : પ્રભુતા સાથેની મારી સગાઈ પણ હું પોતે તોડી નાખું છું.

ગોર : સાન્તમ્ પાપમ્! સાન્તમ્ પાપમ્!

પ્રભુતા : (બેબાકળી બની) પણ એમાં મારે શું? એય, તમે પણ શું આવું કરો છો?

લાલચંદ : બેસો બેસો હવે. તમે કોણ સગાઈ તોડનારા, તમારા બાપ બેઠા છે ત્યાં સુધી.

બિપિનચંદ્ર : મારા બાપુજીને પૂછવાની મારે કંઈ જરૂર નથી. હું જ સગાઈ તોડી નાખું છું.

લાલચંદ : અરે, એમ સગાઈ તોડતાં તો સાતપાંચ થશે, સમજ્યા?

મોહનલાલ : (વચ્ચે પડી) સગાઈ તોડે તો ભલેને તોડે (કાનમાં કંઇક કહે છે.)

લાલચંદ : સગાઈ તોડીને બધાંની વચ્ચે મારી આબરુ બગાડવા નીકળ્યા છો? તો ભલે જાવ તોડી! (એક-બે માણસો સમજાવે છે.)

પ્રભુતા }
નલિનકાન્ત } : અરે, બાપુજી, તમે!

બિપિનચન્દ્ર : (જતાંજતાં) આજથી આ ઘર સાથેનો મારો સંબંધ પૂરો થાય છે.

લાલચંદ : હા હા, પૂરો થયો! જાવ, હજાર વાર પૂરો થયો. ટળો હવે. તમને એમ કે મારી પ્રભુતાને બીજો મુરતિયો નહિ મળે. તો તો ખાંડ ખાઓ છો; પણ યાદ રાખજો કે ન્યાતમાંથી બીજી કન્યા તમને મળવા દઉં તો... (બિપિનચંદ્ર તરત નીકળી જાય છે. પ્રભુતા રડતીરડતી તેની પાછળ જાય છે તેને લાલચંદ શેઠ રોકે છે, એટલે તે એક ખૂણામાં બેસી રડે છે. બીજા મહેમાનો ધીમેધીમે બેસવા લાગે છે.)

લાલચંદ : (પરસેવો લૂછી પવન ખાતાંખાતાં) બાપની આબરૂ બગાડવા બેઠો છે, આબરૂ!

માણેકલાલ : બહુ ભણ્યો એટલે છકી ગયો!

મોહનલાલ : મૂકો હવે એ પંચાત! (શાંતિ પ્રસરે છે. કેટલાક નાસ્તો ચાલુ કરે છે. મોહનલાલ ઊભા થાય છે.) હવે જુઓ ભાઈ, શેઠિયાઓ, આ બિપિનચંદ્રે તો સગાઈ તોડી, પણ આપણે લાલચંદ શેઠની આબરૂ જરા યે બગડવા નથી દેવાની.

ત્રણ-ચાર માણસો : હા...હા...

મોહનલાલ : ગોર મહારાજ અહીં છે અને મહાજન પણ અહીં છે; એટલે તમારા બધાંની વચ્ચે જાહેર કરું છું કે મારા દીકરા યશવંતનું સગપણ પ્રભુતા જોડે કરવાની હું હા પાડું છું.

ગોર મહારાજ : જીવતા રહો શેઠિયાવ!

પ્રભુતા (સફાળી ઊભી થઈ) : ના બાપુજી, એ કદી નહિ બને! હું એમને સમજાવી લઈશ.

લાલચંદ : તું બેસ હવે; એ સમજે જ નહિને! જોયું નહિ, કેવો ભવાડો કરતો ગયો? (પ્રભુતા રડતીરડતી બીજા ખંડમાં ચાલી જાય છે. યશવંત પ્રવેશે છે.)

એક જુવાન : યશવંત, અભિનંદન!

યશવંત : શાના?

પહેલો માણસ : શાના શું? ખવડાવો પેંડા! આ તમારી સગાઈનું નક્કી કર્યું ને.

યશવંત : (સમજ્યા વગર, ગભરાઇને) હેં કાકા? (વધારે અસ્વસ્થ થઇને) પણ મને પૂછ્યા વગર? મારે...

મોહનલાલ : (ઘાંટો પાડી) બેસ બેસ હવે!

યશવંત : પણ કાકા મારે...

મોહનલાલ : છાનોમાનો બેસ, ડાહ્યલા!

પહેલો માણસ : યશવંતભાઈ, એમ બાવરા શું બની જાઓ છો?

મોહનલાલ : મહારાજ, હવે સારી તિથિ જોઈ લાલચંદ શેઠને ચાંલ્લાનું કહેવડાવજો.

ગોર : જેવી શેઠસાહેબની મરજી. (નલિનકાન્ત ગભરામણ થવાથી પડી જાય છે.)

એક માણસ : અરે! આ નલિનકાન્તને શું થયું, જુઓ તો—(બધાં તેની આસપાસ ટોળે વળે છે. લાલચંદ શેઠ ગભરાવા લાગે છે.)

મોહનલાલ : (લાલચંદને) હિંમત રાખો શેઠજી, કશું નથી. સહેજ ગભરામણ થઈ લાગે છે. બાજુ ખસો જરા, ને પવન આવવા દો. યશવંત, જા, ડૉક્ટરને બોલાવી લાવ જલદી.

માણેકલાલ : અમિતા, તું શું કામ રડે છે? રડ નહિ દીકરી, જો એમને હમણાં સારું થશે.

ગોર : સાન્તમ્ પાપમ્, સાન્તમ્ પાપમ્!

(પડદો)

પ્રવેશ ત્રીજો

[સ્થળ : એજ; સમય : બીજા પ્રવેશ પછી વરસેક પછીની સાંજ. પ્રભુતા બેઠીબેઠી પુસ્તક વાંચતી હોય છે એટલામાં નલિનકાન્ત ગમગીન ચહેરે પ્રવેશે છે; અને કોટ, ટાઇ, બૂટ ઉતારતાં—]

નલિકાન્ત : કહે ન કહે પ્રભુતા, પણ આ મોહનલાલનો આપણા ઉપરનો ભાવ દિવસે દિવસે ઓછો જ થતો જાય છે.

પ્રભુતા : કેમ ભાઈ?

નલિનકાન્ત : મોઢું હસતું રાખી ડાહીડાહી વાતો કરે છે એટલું જ. બાકી મનમાં તો આપણી જડ કાઢવાના જ પેંતરા રચે છે.

પ્રભુતા : ના ના, ભાઇ; એમ ના હોય.

નલિન૦ : એવું હોત તો આવા રંગ ન હોત. બાપુજી ગુજરી ગયાને વીસ દિવસે ય હજુ નથી ગયા ત્યાં તો ધંધામાં ખોટની વાતો કરવા માંડી છે ને ભાગીદારી કાઢી નાખવાની વાત વહેતી મૂકી છે. આવતે મહિનેથી તો કદાચ મારે બાંધેલો પગાર જ ઉપાડવાનો રહેશે.

પ્રભુતા : ના હોય! માન્યામાં નથી આવતું.

નલિનકાન્ત : મોઢે આટલી બધી મીઠાશ રાખે પછી ક્યાંથી આવે? એમ તો રોજ કરતાં આજે મને બહુ જ સારી રીતે બોલાવ્યો હતો ને કંઇ મુશ્કેલી હોય તો કહેવાનું કહ્યું હતું. વળી આજે તો અત્યારે સીધા ઑફિસેથી આપણા ઘર આવશે એમ પણ કહ્યું છે.

પ્રભુતા : અત્યારે આવવાના છે?

નલિનકાન્ત : હા; કહ્યું કે મારે તમારી સાથે થોડી અંગત વાત કરવાની છે.

પ્રભુતા : શી અંગત વાત હશે?

નલિનકાન્ત : કોણ જાણે! મને તો એમના પર હવે એવો ગુસ્સો ચડે છે! આવવું હોય તો આવે ને જે કહેવું હોય તે કહીને ચાલતા થઈ જાય. હું તો એક અક્ષરે બોલવાનો નથી. માણસ તદ્દન સ્વાર્થી અને ખટપટી છે.

પ્રભુતા : એમ ઉતાવળે અભિપ્રાય શું કામ બાંધી દેવો જોઈએ?

નલિનકાન્ત : હજી તારા માન્યામાં નથી આવતું? કાલે જ મેં નહોતું કહ્યું કે લોકો કેવી વાતો કરે છે તે? અને આપણા પર કેવા નનામા કાગળ આવે છે! લોકો તો કહે છે કે યશવંતને ઈન્દોર નાસી જવાના પૈસા ખુદ મોહનલાલ શેઠે જ પોતાના ખિસ્સામાંથી કાઢીને આપ્યા હતા. અને આજે હવે ખબર પડે છે કે મોહનલાલે બાપુજી આગળ ચોખ્ખી શરત મૂકી હતી!

પ્રભુતા : કે?

નલિનકાન્ત : કે લેણાની માંડવાળ કરો તો જ યશવંતને લગ્ન કરવા હું ભારપૂર્વક સમજાવું.

પ્રભુતા : શી વાત કરો છો ભાઈ? તમને આ બધું કહ્યું કોણે?

નલિનકાન્ત : ઑફિસના માણસે? તેથી જ બાપુજીની તબિયત છેલ્લેછેલ્લે લથડી ગઈ ને?

પ્રભુતા : એમ?

પ્રભુતા : નહિ ત્યારે? ઑફિસના બધા ચોપડા અને ફાઇલો તાળાકૂંચીમાં રાખે છે અને મને તો અડવા પણ નથી દેતા.

પ્રભુતા : એ તો તમે કહ્યું હતું.

નલિનકાન્ત : હા, પણ એનું કારણ ખબર છે? જે દિવસે બાપુજી ગુજરી ગયા તે દિવસે મોહનલાલ સ્મશાનમાં કેટલું બધું રડ્યા હતા? અને પછી આપણે ત્યાં આવીને પણ કેટલું બધું રડ્યા હતા?

પ્રભુતા : હા; અને બધા ચાલ્યા ગયા ત્યારે છેવટ સુધી એ જ બેસી રહ્યા હતા.

નલિનકાન્ત : અને અહીંથી સીધા ક્યાં ગયા હતા? ખબર છે? ઑફિસે! અને આખી રાત પોતે એકલા ત્યાં બેસીને આપણા લાભનાં બધાં કાગળિયાં ફાડીને બાળી નાખ્યાં હતા!

પ્રભુતા : શી વાત કરો છો ભાઈ!

નલિનકાન્ત : ત્યારે નહિ? આ બે દિવસથી જે બધું આપણે સાંભળીએ છીએ તે પરથી તો લાગે છે કે બાપુજીની જિંદગી બરબાદ કરનાર એ મોહનલાલ જ છે. આપણે એના વિશ્વાસે રહ્યા અને એ આપણું ગળું કાપતા રહ્યા.

પ્રભુતા : ને આપણને ખબર પણ ન પડી!

નલિનકાન્ત : મારું તો ઠીક; હું તો ગમે ત્યાં પરણીશ, અને નહિ પરણું તોય શું? પણ બબ્બે વાર વિવાહ તૂટ્યા પછી હવે તારો હાથ કોણ ઝાલશે? હવે બા નથી, બાપુજી નથી—

પ્રભુતા : પૈસા નથી ને પ્રતિષ્ઠા પણ નથી. (પસ્તાતાં) મને લાગે છે કે ભાઈ, તમારા વિવાહ ફોક ન કર્યા હોત તો સારું થાત.

નલિનકાન્ત : ખરી વાત છે. જિંદગીમાં એ એ એક ગંભીરમાં ગંભીર ભૂલ કરી છે.

પ્રભુતા : ભૂલ તમારી નહિ, પણ મારી...

નલિનકાન્ત : ભૂલ મારી. અમિતાને જોઈને કંચનને હું ભૂલી ગયો.

પ્રભુતા : ના, મારી ભૂલ. અમિતા સાથે તમને પરણાવવાની મને જ બહુ હોંશ હતી.

નલિનકાન્ત : ને અંતે અમિતા કેવી નીકળી!

પ્રભુતા : યશવંત સાથે નાસી ગઈ!

નલિનકાન્ત : મને અમિતા પર વહેમ તો આવ્યો હતો જ, કારણ કે એ જેનીતેની સાથે ફરવા ને સિનેમા જોવા જતી. પણ આમ નાસી જશે એવી તો કલ્પના જ નહોતી.

પ્રભુતા : ને તે ય યશવંત સાથે! અમિતા સાથેની તમારી સગાઈનો ફોટો એણે શા માટે હાથે કરી બગાડી નાખેલો તે હવે સમજાય છે.

નલિન૦ : સાચું કહું તો અમિતાના રૂપમાં હું ફસાયો એનું જ આ પરિણામ આવ્યું. બિપિનચન્દ્ર સાચું કહેતા હતા કે...

પ્રભુતા : કંચન ભલે કાળી રહી, પણ અમિતા કરતાં લાખ દરજ્જે સારી.

નલિન૦ : પણ હવે આ બધું ડહાપણ શા કામનું? મને તો લાગે છે કે કંચનની આંતરડી કકળાવી એનાં આ ફળ ચાખવાનાં આવ્યાં.

પ્રભુતા : તમારે એકલાને નહિ-તમારે, મારે ને બાપુજીને—બધાંને.

નલિનકાન્ત : ને કંચનનું નસીબ તો જુઓ. આપણે એને પડતી મૂકી તો બિપિનચન્દ્રે એને અપનાવી લીધી! એમનો એ આત્મભોગ જેવો તેવો ન કહેવાય.

પ્રભુતા : હાસ્તો, નહિ તો મને છોડીને કંચનને પરણવા તૈયાર થવામાં એમને વળી કયો સ્વાર્થ હતો?

નલિનકાન્ત : આપણે કંચનનો ભવ બગાડી બેઠાં એ એમણે સુધારી લીધો.

પ્રભુતા : ખરેખર કંચનને ન્યાતમાં સારામાં સારો છોકરો આજે તો મળી ગયો.

નલિનકાન્ત : બિપિનચન્દ્ર સૉલિસિટર પણ થઈ ગયા અને આ અખાત્રીજે તો એમનાં લગ્ન પણ થવાનાં સાંભળ્યાં છે.

પ્રભુતા : નહિ તો આ અખાત્રીજે એમની સાથે મારાં લગ્ન હોત.

નલિનકાન્ત : વિધિની કેવી વિચિત્રતા!

પ્રભુતા : વિચિત્રતા તે કેવી?—કે એમના લગ્નમાં જવાની આપણને કંકોત્રી પણ નહિ.

નલિનકાન્ત : હવે શું કામ મોકલાવે? પછીથી એમણે આપણી સાથે સંબંધ જ તોડી...

પ્રભુતા : પણ એમાં તો ભાઈ, તમારી ભૂલ છે. તમે એમને રસ્તામાં મળે તો બોલાવવાનું પણ બંધ કર્યું, પછી સંબંધ ક્યાંથી રાખે આપણી સાથે? (ઘંટડી વાગે છે)

નલિન : મોહનલાલ આવ્યા લાગે છે. હું તો એની સાથે એક અક્ષરે બોલવાનો નથી.

પ્રભુતા : હા, પણ બારણું ઉઘાડવા તો જાવ.

નલિનકાન્ત : તે યે હું નથી જવાનો; તું જા તારે જવું હોય તો.

પ્રભુતા : તો હું યે નથી જતી.

નલિનકાન્ત : તો બેસ. થાકીને જશે પાછા. (ફરી ઘંટડી વાગે છે.)

પ્રભુતા : તમે જાવને ભાઈ, નહિ તો કેટલું ખરાબ લાગશે?'

નલિન૦ : તારે જવું હોય તો જા. હું તો આ ચોપડીમાં માથું ઘાલીને બેઠો. (ચોપડી લે છે.)

(પ્રભુતા બારણું ઉઘાડે છે ત્યાં બિપિનચન્દ્ર પ્રવેશે છે. પ્રભુતા મૂગીમૂગી પાછી ફરી જાય છે.)

બિપિનચન્દ્ર : (બારણામાંથી) હું આવી શકું છું? (કોઈ જવાબ આપતું નથી. બિપિનચન્દ્ર ફરીથી પૂછે છે) હું આવી શકું કે? (છતાં નલિનકાન્ત મૂગો જ રહે છે.)

પ્રભુતા : (થોડી વારે) આવો.

બિપિનચન્દ્ર : (અંદર આવીને) માફ કરજો નલિનકાન્ત, પણ અત્યારે તમને તકલીફ આપવા આવ્યો છું. (થોડી વાર અટકી જાય છે કારણ કે નલિનકાન્ત કશુંજ બોલતો નથી) કેમ, નલિનકાન્ત, મારી સાથે સંબંધ સાવ કાપી નાખ્યો છે કે શું?

પ્રભુતા : ના, એમ ના માનશો. ભાઇ આજે 'મૂડ'માં નથી. તમને ખબર નથી કે અમારે માથે કેવીકેવી આપત્તિ આવી પડી છે.

બિપિનચન્દ્ર : હું તમને બંનેને એક ખાસ કામે મળવા આવ્યો છું.

પ્રભુતા }
નલિન } હં...

બિપિનચન્દ્ર : તમે જાણતા તો હશો જ કે આ અખાત્રીજે...

નલિનકાન્ત : (ગુસ્સે થઈને) એટલે દાઝ્યા ઉપર ડામ દેવા આવ્યા છો? તમને શું ખબર નથી કે અમારા બાપુજી ગુજરી ગયે હજુ થોડા દિવસ પણ થયા નથી? ને...

બિપિનચન્દ્ર : (વચ્ચે) નલિનકાન્ત, ગુસ્સે

ન પાળો; જરા શાંતિથી મારી વાત સાંભળો.

પ્રભુતા: ભાઈ, એમને જે કહેવું હોય તે કહેવા દોને!

બિપિનચન્દ્ર: નલિનકાન્ત, એમ ન માનશો કે કંચન સાથે હું લગ્ન કરવા તૈયાર થયો તે તમને દાઝયા ઉપર ડામ દેવા માટે. હું જો તૈયાર ન થયો હોત તો કંચનને કાં તો એની માએ છપ્પન વર્ષના એક વિધુર સાથે પરણાવી દીધી હોત, અને કાં તો કંચને પોતે જ પોતાના દેહનો અંત આણ્યો હોત!

નલિન: એમ?

બિપિનચન્દ્ર: હા; અને લાલચંદ શેઠ શા કારણે ગુજરી ગયા એ તો તમે જાણો છો ને?

પ્રભુતા: અમિતા યશવંત સાથે નાસી ગઈ એનો આઘાત લાગવાથી.

બિપિનચન્દ્ર: અને એ બંનેને નસાડનાર મોહનલાલ છે એ પણ તમે જાણ્યું હશે.

પ્રભુતા: ભાઇએ આવીને હમણા એ જ વાત કરી. ખરેખર, અમે તો ખૂબ પસ્તાયાં છીએ.

બિપિનચન્દ્ર: અને કંચન ન હોત તો તમારે હજુ વધારે પસ્તાવાનો વખત આવત એની તમને ખબર છે?

નલિન—પ્રભુતા: શું? શું?

બિપિનચન્દ્ર: થોડા દિવસ પહેલાં તમારા પર એક નનામો પત્ર આવ્યો હતો ને?

નલિનકાન્ત: હા...

પ્રભુતા: મોહનલાલને ઘેર ન જવા માટે જેમ અમને લખ્યું હતું તે?

બિપિનચન્દ્ર: હા. કંચને જ એ લખાવ્યો હતો. કંચનને ખબર પડી ગઇ હતી કે મોહનલાલે તમને બંનેને શા માટે બોલાવ્યાં હતાં.

નલિન: શા માટે?

બિપિન: તમને બંનેને જુદીજુદી રીતે સપડાવવાનું કાવતરું એણે કર્યું હતું; ને મોહનલાલની નજર, પ્રભુતા, તમારા પર બગડી હતી!

પ્રભુતા: એમ? તો તો કંચને ખરેખર અમારા ઉપર મોટો ઉપકાર કર્યો!

નલિન: ને તે પણ અમે તરછોડયા છતાં! ખરેખર કંચન તે કંચન જ છે. અમે એને તરછોડી એ મોટી ભૂલ કરી.

બિપિનચન્દ્ર: એમ ખરેખર લાગે છે? તો અત્યારે હું એ માટે જ આવ્યો છું. તમને જો પશ્ચાત્તાપ થતો હોય તો હું કંચનને સોંપવા જ આવ્યો છું. કંચનનો ભવ ન બગડવા દેવા માટે તેને અપનાવવા હું તૈયાર થયો, એ ઉપકારના બોજા નીચે એ લગ્ન કરવા તૈયાર તો થઈ હતી, પણ હૃદયમાં તો તમારે માટે ઝંખના હતી; એટલે છેલ્લો નિર્ણય કરતાં પહેલાં હું [illegible]છવા આવ્યો છું. બોલો, સ્વીકારશો ને?

નલિનકાન્ત: હા જરૂર.

પ્રભુતા: જરૂર વળી; અને...

બિપિનચન્દ્ર: ઊભાં રહો. હું કંચનને જ બોલાવું; બહાર ઊભી છે. (કંચનને બોલાવી લાવે છે. પ્રભુતા કંચનને વળગી પડે છે.)

પ્રભુતા: (ઉમંગથી) અને હું પણ હવે તમને છોડવાની નથી.

બિપિનચન્દ્ર: પણ તો યશવંતનું શું? એ પાછો આવે તો!

પ્રભુતા: પાછો આવે જ નહિ. ને આવે તો પણ મારે એનું મોં સુદ્ધાં જોવું નથી. મારે તો બસ, હવે તમે જ 'ગિરિધર ગોપાલ!'

બિપિનચન્દ્ર: (હસતાં) તો જેવી તમારી—તારી મરજી.

પ્રભુતા: (ઉમંગથી) તો ઊભા રહો. તમારા મોંમાં સાકર! (દોડતી જાય છે.)

નલિનકાન્ત: તમે, બિપિનચન્દ્ર, ખરે જ અમારા સ્વજનનું કામ કર્યું છે. તમારી વાત સાચી હતી. અમિતાના રૂપમાં ચળીને કંચનને મેં છોડ દીધો હતો. (એવામાં પ્રભુતા મૂઠો ભરી લાવે છે અને બધાંને આપે છે.)

બિપિનચન્દ્ર: અરે આ તે કેવી સાકર?

પ્રભુતા: (હસીને) સાકરને બદલે ખાંડ. ગળ્યું મોઢું કરોને, એટલે બસ.

નલિનકાન્ત: યશવંત પાછો આવવાનો છે એવું ગપ્પું કોણે ઉડાવ્યું?

બિપિનચન્દ્ર: ગપ્પું નથી, સાચું છે. મોહનલાલ શેઠે તમને વાત કરી લાગતી નથી.

નલિનકાન્ત: ના.

બિપિનચન્દ્ર: તો સાંજનું છાપું છે?

પ્રભુતા: વાત છાપે ચડી છે? એટલું બધું શું છે? ઊભા રહો, હું બાજુમાંથી લઈ આવું.

બિપિનચન્દ્ર: વાત સાંભળીને પછી જા. જુઓ, અમિતાના રૂપ પાછળ એક નહિ પણ ત્રણ જણ પડયા હતા: લલિત, ચન્દ્રવદન ને યશવંત. અને અમિતા પોતાના રૂપના બદલામાં લલિતની મોટર, ચન્દ્રવદનની દુકાનના જ્યૉર્જેટ તથા બનારસી શેલાં અને યશવંતના પૈસાનો છૂટથી ઉપયોગ કરતી હતી. એને રમાડવો હતો લલિતને, ને નાસી જવું હતું ચન્દ્રવદન સાથે; પણ ચન્દ્રવદન પાસે ટિકિટના પૈસા નહોતા, એટલે ઊપડી ગઇ યશવંત સાથે!

નલિનકાન્ત—પ્રભુતા: પછી? પછી?

બિપિનચન્દ્ર: પછી ઈન્દોર જઇને લૉજમાં બંને રહ્યાં. અને જેવા યશવંતે અમિતાને પાંચસો રૂપિયા સાચવવા આપ્યા કે તરત યશવંતને સૂતો મૂકીને પોબારા ગણી ગઈ...(ત્યાં ઘંટડી વાગે છે. બધાં શાંત થઇ જાય છે.)

નલિનકાન્ત: (ધીમેથી) મોહનલાલ લાગે છે.

બિપિનચન્દ્ર: એટલા માટે જ આવ્યા હશે.

નલિનકાન્ત: કોણ ઉઘાડે છે? મારે તો એમનું મોં પણ નથી જોવું.

પ્રભુતા: આપણે નથી ઉઘાડવું. થાકીને જશે એમની મેળે.

બિપિનચન્દ્ર: ઉઘાડવા તો હું જાઉં, પણ મને જોઇને ભાગી જ જશે. એના કરતાં, જો પ્રભુતા, તું જાણે ઘરમાં એકલી છે એ રીતે જઇને ઉઘાડ. અમે બાજુના રૂમમાં જઇએ છીએ. તારે ઉઘાડીને મોઢે હાથ ઢાંકીને બેસી જવું, ને એ કે બોલવા માંડશે એટલે અમે આવીશું.

નલિનકાન્ત: હા, એ આઇડિયા સરસ છે. (બધાં તેમ કરે છે.)

મોહનલાલ: (પ્રવેશીને) પ્રભુતા, બેટા! નલિનકાન્ત નથી? રડે છે શું કામ? મને પણ કેટલું દુ:ખ થાય છે! જો તારે ખાતર તો યશવંતને કેટલું સમજાવ્યો! રડ નહિ બેટા. જો, હવે યશવંત પાછો આવે છે. (ત્યાં નલિનકાન્ત, કંચન અને બિપિનચન્દ્ર પ્રવેશ કરે છે.)

બિપિનચન્દ્ર: કેમ છો મોહનલાલ શેઠ?

મોહનલાલ: (સાશ્ચર્ય) તમે અહીં?!

બિપિનચન્દ્ર: હા, પણ તમે અહીં શા માટે?

મોહનલાલ: (સમજી જાય છે) ના, ના; હું તો અમસ્તો જ. છોકરાંની જરા દેખરેખ માટે.

પ્રભુતા: મોટા દેખરેખ રાખનાર ન જોયા હોય તો! તમારો બધો ભંડો ફૂટી ગયો છે. હવે અમારા લેણાના રૂપિયા પચાવીને બેઠા છો તે...

નલિનકાન્ત: એ પણ હવે ઓકાવીશું.

બિપિનચન્દ્ર: ને તે પણ કાયદેસર, નલિનકાન્ત. મારા સૌથી પહેલા 'ક્લાયન્ટ' તમે, ને સૌથી પહેલો કેસ તમારો. એમની પાસેના લેણાના એવા પુરાવાની મને માહિતી છે, કે જેનો એ નાશ નથી કરી શકયા. (મોહનલાલ મૂગામૂગા ચાલતી જ પકડે છે. બધાં હસે છે.)

પ્રભુતા: ઠીક સંભળાવી દીધું મોઢે.

બિપિનચન્દ્ર: હવે જુઓ, ઑફિસનો વહીવટ પણ તમે જ હાથમાં લો.

નલિનકાન્ત: હવે તો તમારી સલાહ પ્રમાણે જ બધું કરવું છે.

પ્રભુતા: બિપિનચન્દ્ર, તમારી બીજી બધી શરતો કબૂલ, પણ તમને ચીડવવા માટેનું પેલું ગીત તો તમારે મને ગાવા દેવું જ પડશે.

કંચન: (નલિનકાન્તને) અને હું પણ તમને ચીડવવા માટે એ જ ગીત ગાઈશ.

બિપિનચન્દ્ર—નલિનકાન્ત: (હસીને) ચીડવજો, જેટલું ચીડવવું હોય તેટલું.

પ્રભુતા—કંચન: ચીડવીશું, ચીડવીશું; એક વાર નહિ પણ હજાર વાર (બંને ગાય છે: શ્યામ રંગ સમીપે ન જાવું, મારે આજ થકી...)



જર્માનીએ બહાર પાડેલી સુંદર પશુ-પક્ષી ટિકિટો પૈકીની પાંચ(મોટી કરેલી) ગૅઝેલ હરણ, ધ્રુવપ્રદેશનું રીંછ, જંગલી પાડો, ફ્લેમિંગો પંખી અને હાથી.



ઇન્ડોનેશિયાએ પોતાને ત્યાંનાં વિશિષ્ટ પ્રાણીઓનું નિદર્શન કરાવતી કાઢેલી ટિકિટો (મોકલનાર: પ્રીતિકુમાર દોશી, મુંબઈ)



યુરોપના છ દેશોએ (બેલ્જિયમ, ફ્રાંસ, હૉલૅન્ડ, પશ્ચિમ જર્મની, ઈટાલી અને લકસમબર્ગ) મળીને 'યુરોપા' નામની નવી ટિકિટ બહાર પાડી છે, જેના પર નવનિર્માણ પામતા યુરોપના પ્રતીકરૂપ નવા બંધાતા મકાનનું ચિત્ર છે, ને તેના પર એ છ દેશોના પ્રતિનિધિરૂપ Europaના છ અક્ષરો ગોઠવવામાં આવ્યા છે. પાછળ યુરોપની સંજ્ઞા દર્શાવતો ધ્વજ છે.



બ્રિટનમાં સ્કાઉટ જ્યૂબિલી પ્રસંગે ભરાએલા જગતમેળા અંગે બહાર પડેલી ત્રણ ટિકિટોનો સમૂહ (મોકલનાર શ્રી નૂરુદ્દીન લુલ્ફ) આ ઉપર આપ્યો છે. મિસ મેરી ઍડસહેડની ચીતરેલી ૨ા પેન્સની ટિકિટ પર સ્કાઉટોના એક પ્રતીક દોરડાના ગાળામાં બૉય સ્કાઉટનું સંજ્ઞાચિહ્ન અને રાણીની તસ્વીર છે; મિ. પૅટ કીલીએ આલેખેલી ૪ પેન્સની ટિકિટ પર, દેશેદેશમાંથી બ્રિટનમાં ઊભરાતા સ્કાઉટોની સંજ્ઞાત્મક ચકલીઓને ટિકિટના કેન્દ્ર (બૉય સ્કાઉટના કેન્દ્ર બ્રિટન) તરફ ઊડી આવતી દર્શાવી છે; અને ૧ શિ. ૩ પેન્સની મિ. બ્રાકને દોરેલી ટિકિટમાં, દુનિયાને આવરી રહેલા હોકાયંત્રનું ચિત્ર છે; તે એમ દર્શાવે છે કે હોકાયંત્રનાં બધાં બિંદુઓને સ્પર્શતી બૉયસ્કાઉટ પ્રવૃત્તિ જગતવ્યાપી છે. બૉયસ્કાઉટના બિલ્લા પર અંકિત હોકાયંત્રની સોયનું ફણું તેના સ્થાપક બેડન પૉવેલે એ જ ઉદ્દેશથી પસંદ કરેલું કે દુનિયાને સાચો માર્ગ બતાવતી પ્રવૃત્તિ માત્ર એ જ છે.

ટિકિટસંગ્રહ

અમારા જુલાઈ અંકમાં છપાએલી રામી ક્લીનીક ઑફ સ્પીચ ડીફેક્ટ થેરપીની જાહેરખબરમાં ટાઇમ સવારના ૯ થી ૨ છપાયો છે તે ૯ થી ૧૨ જોઇએ; અને સરનામું 'ખનુરવાળાનો બંગલો' ને બદલે છાપ ભૂલથી **'ખજુરવાળાનો બંગલો'** એમ જોઇએ; તેની નોંધ લેવા વાચકોને વિનતિ છે. –વ્યવસ્થાપક



આર્ધુ ઝરી

હજો સફર સૌખ્યની, સુખદ વાયુ વ્હેતા રહો,
અને તમ પથે કદી વિપદ, તો ય કલ્યાણ હો;
નહીં નજર વામણી તરલ સ્થૂલ પર્યાપ્ત હો, —
અને ગગન ચિત્તનું મલિન વાસનાથી ન હો.
કદીક મનભાવની જીવનમાં થજો તાવણી,
સદૈવ નિજ કર્મની જીવનઋતથી આંકણી.

(સંસ્કૃતિ) —ચંપકલાલ વ્યાસ

સુષમા અને સુષુમ્ણાનો કવિ : રાજેન્દ્ર શાહ

નવીનતર કવિતાના અત્યારે નજરે પડતા આકાર ને ભાવપલટાના અખતરા વચ્ચે સ્વસ્થતા ને સિદ્ધિની સંતર્પક ઝલક એક શ્રી રાજેન્દ્ર શાહમાં દેખાય છે. વિચારની પ્રૌઢિ, વાણીની તાજગી, લયની મંજુલતા અને અર્થની ધ્વનિ-આઢ્યતા, સર્વ તેમની કવિતામાં એકીસાથે જોવા મળે છે. કલાને બાદ કરતાં અર્થને પોતાનું એક વજન હોય છે. કલા અર્થને પ્રસારે છે ત્યારે આ વજન તેને ટકાવી રાખે છે. ચંચલ-તરલ ભાવોને પડછે કે તેને અડોઅડ કે તેની ભીતર કે એકલો રહેલો, કલાની કલમે આલેખાતો સર્વવ્યાપી સર્વસ્પર્શી, પરમ અને પ્રસન્ન ભાવ, એ અર્થનું ઉપર કહ્યું વજન. એવા ઉદાત્ત અનુભવ કરાવનાર ભાવસાગરના, કલામય હિલ્લોલે દોલતા કલ્લોલ, તે શ્રી રાજેન્દ્ર શાહની સર્વ ગણનાપાત્ર કાવ્યકૃતિઓનો મોટો ભાગ.

'ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘન વર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.'

એવા જીવનમંથનમાંથી સંપ્રાપ્ત નવનીત સમા તત્ત્વજ્ઞાનના વિષયોમાં જ માત્ર નહિ, પરંતુ પોતાના પ્રણયાઢ પાત્રની સમીપે યે—

'હૃદય સરસી પ્રારું છું હું તને પ્રિય! તે સમે
નિખિલ સહુને આલિંગીને રતિ ઉરની રમે.'

કવિનું સૃષ્ટિનું નિરીક્ષણ કહે છે :

'ન્યારાં છે પાત્ર તો યે વિનિમય લહું શો આત્મની ચેતનાનો!
વિશ્વે સર્વત્ર સૌમાં અદીઠ વહી રહ્યો તંતુ શો એકતાનો!'

જેની કવિતાના સાહિત્યગુણની યોગ્ય કદર રૂપે ઈ. ૧૯૫૬નો 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' એનાયત થયો છે તે 'ધ્વનિ'ના કર્તા શ્રી રાજેન્દ્ર શાહનો જન્મ ઈ. ૧૯૧૩ની ૧લી જાન્યુઆરીએ થયો હતો. તેમના પિતાજી કેશવલાલ શાહ સાદરા એજન્સીમાં વકીલાત કરતા. પાછળથી ભાદરવા અને બીજે ન્યાયાધીશ તરીકે પણ હતા. બાળ રાજેન્દ્રને બે વર્ષના મૂકીને તેઓ સ્વર્ગવાસી થયા. ભાઇ-બહેનમાં બીજું કોઈ ન હતું. તેમનાં બા ત્રીજી વારનાં, તે યે ૨૦ વર્ષની ઉમરે તો વિધવા થયાં! પણ એ માતાએ જ તેમનો અભ્યાસ સંભાળી લીધો. કોઈ પણ પ્રકારની આવક નહિ ને જંગમ મૂડી નહિ, એવી આર્થિક સ્થિતિ હોવા છતાં પુત્રને ભણાવવો એવા મક્કમ નિરધાર સાથે જીવન જોગવીને એ પ્રભુપરાયણ માતાએ ઘરમાં જે કંઈ હતું તે કાઢીને પણ તેમને બી.એ. (ફિલસૂફી સાથે) સુધીનો અભ્યાસ કરાવ્યો. બીજી બાજુ જીવનઘડતરની બાબતમાં શ્રેયઃસાધક અધિકારી વર્ગના ગુરુવર્ય શ્રી ઉપેન્દ્રાચાર્યજીનો સત્સંગ તેમને પ્રથમથી લાધેલો. મૅટ્રિક સુધીનો અભ્યાસ કપડવણજમાં, કૉલેજનું પ્રથમ વર્ષ મુંબાઈમાં ને પછીનાં વર્ષ વડોદરામાં કરીને ત્યાંની કૉલેજમાં ગ્રૅડયુએટ થયા બાદ અનેકવિધ વ્યવસાયો અજમાવ્યા. શાળામાં શિક્ષક તરીકે રહ્યા, સ્ત્રીઓને માટે કાર્ય કરતી અમદાવાદની સંસ્થા 'જ્યોતિસંઘ'માં કામ કર્યું, બાદ મોદીખાનું બળતણ વગેરે માટેની દુકાનો 'ગૃહસાધન' અને 'ઇંધન' ખોલી. અને એકેમાં નસીબે યારી ન આપતાં ૧૯૪૫થી મુંબાઈ જઈ રહ્યા, ત્યાં જંગલમાંથી લાકડાં કપાવવા-વહેરાવવાનો વ્યવસાય કર્યો, ને પછી કાગળનો વેપાર હાથ ધર્યો. હાલ ત્રણેક વર્ષથી તેઓ મુંબાઈમાં 'લિપિની પ્રિન્ટરી' ચલાવે છે. તેમનાં લગ્ન આગ્રામાં પેઢીઓથી વસીને સ્થિર થએલા ગુજરાતી કુટુંબમાં ૧૯૩૧માં થએલાં. આઠ સંતાનોમાંથી છ જીવંત છે. ઇતર પ્રવૃત્તિ-




આપણાં જંતુઓ-૧૩ ગોકળગાય

પોતાનું આખું ઘર માથે લઇને ધીરી ધીરી ફરતી ગોકળગાય બહુ ઓછાએ જોઇ હોય છે. એ ઘર તે ચામડીના ઝીણા કોશોમાં રહેલા 'ચૂન'નું બનેલું છીપલાનું કોચલું. ભય કે ઊંઘ વખતે એ કોચલામાં તે સમાઈ જાય.

ગોકળગાયને પગ નથી હોતા. શરીરનું તળિયું આખું સપાટ, પણ સ્નાયુ એટલા મજબૂત કે પોતા કરતાં ૭ ગણું વજન લઇને લીસી પેન્સિલને ચોંટી રહી શકે ને તે પર ફરીહરી શકે! ભયનો અણસારો સરખો થતાં જે ઝડપથી કોચલામાં ભરાઇને તેમાં જાતને પૂરી દે છે એ પણ તેના સ્નાયુની મજબૂતી-શક્તિ બતાવે છે. ફરવામાં ગમે એટલે દૂર જાય પણ ઘેર પાછા ફરવાનો રસ્તો ન ભૂલે. 'શિંગડાં'માંથી તમતગતી ઝીણી કાળી આંખો. મોં આગળ જમણી તરફ આવેલા કાણા વાટે શ્વાસ લે. તળાવની ગોકળગાયને શ્વાસ લેવા સપાટી પર આવવું પડે; દરિયાની ગોકળગાયને પીછાના જેવી ચૂઇ હોય છે, જે વડે માછલીની જેમ તે પાણી તળે પણ શ્વાસ લઇ શકે. શરીરની આગલી કિનારીની નીચે આવેલા મોંમાં ખૂબ ચવડ જીભ ને ઝીણાઝીણા સોએક દાંત હોય છે, જેનાથી તે ખોરાક ચાવીને ગળી જઈ શકે છે.'

ચોમાસાની ભેજવાળી ઋતુમાં દેખાય. લીલોતરીએ તેનો ખોરાક. સ્વભાવે નિશાચર. વરસાદ પડ્યા પછી તરત કે રાતના વધુ જોવા મળે. ચાલતી જાય તેમ એક પ્રકારનો સફેદ ચીકટ પદાર્થ પાછળ મૂકતી જાય. ભેજ સર્વથા અનુકૂળ, પણ કોચલામાં પેસી જઇને દિવસો સુધી ભેજ વિના ચલાવી શકે. શિયાળો આવતાં ભેજ ઘટે, એટલે જમીન ઊંડે સુધી ખોદી, જાતને કોચલામાં ભંડારી દઇને ત્યાં જ નવા ચોમાસાની વાટ જોતી પડી રહે. પશ્ચિમમાં ગોકળગાયનો ખોરાક તરીકે ઉપયોગ થાય છે.

ગોકળગાય નર અને માદા એકીસાથે હોય છે, અને દરેક જંતુ ઇંડાં મૂકે છે. જોકે ઇંડાં બંધાવા માટે બંનેનો સંયોગ થવો જરૂરી છે, જેમાં બંનેમાંથી એક નરનું અને અન્ય માદાનું કામ કરે છે. જમીનની ગોકળગાય અર્ધપારદર્શક ગોળાકાર ઇંડાં કોચલામાં મૂકે છે, જેથી તે જલદી સુકાઇ ન જાય. બચ્ચાંની પીઠ પર કોચલું બંધાઈ રહે તે પુખ્ત બની જાય છે.



શ્રી રાજેન્દ્ર શાહ

ઓગાં પોતાના વતન કપડવણજમાં તેઓ વ્યાયામશાળા, પુસ્તકાલય-પ્રવૃત્તિ, શિક્ષણકાર્ય, સેવાસંઘ વગેરેમાં ઈ. ૧૯૨૭થી રસ લેતા આવ્યા છે. ૧૯૩૦-૩૧ની લડતમાં તેમણે આગળપડતો ભાગ લીધેલો. કપડવણજના ટાવર પર ચડાવેલો રાષ્ટ્રધ્વજ ઉતારવાને ચડતી પોલીસ તેનું અપમાન કરે તે પહેલાં સડસડાટ ટાવર પર ચડી જઈ રાષ્ટ્રધ્વજને છાતી સરસો રાખીને છેક ટાવરની ટોચેથી પડતું મૂકેલું તેની પછાટની લાંબી બીમારી ભોગવેલી. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જતીન દાસને ફાંસી દેવાઈ એ અરસામાં તેઓ ક્રાન્તિકારી બનવાનાં સ્વપ્નાં સેવતા. પણ પછી મૅટ્રિકની પરીક્ષા છોડીને કૉંગ્રેસની અસહકાર-લડતમાં જ જોડાયા. સાબરમતી ને યરવડામાં જેલવાસ ભોગવેલો. હજી યે કપડવણજની વિવિધ સંસ્થાઓમાં બીજા મિત્રોની સાથે તેઓ પડદા પાછળ રચનાત્મક કામ કર્યે જાય છે. તેમાં તેમને સવિશેષ રસ શિક્ષણકાર્યમાં છે. શ્રી નિરંજન ભગતે શરૂ કરેલી 'કવિલોક' સંસ્થાને તાજેતરમાં તેમણે કવિમિત્રોના સહકારથી સ્વાશ્રયી પ્રકાશન-સંસ્થા રૂપે પુનરુજ્જીવિત કરી છે; ને એ સંસ્થા તરફથી પ્રકટ થતા કવિતાના દ્વૈમાસિક 'કવિલોક'ના સંપાદકમંડળમાં તેઓ અગ્રસ્થાને છે.

લેખનની શરૂઆત તેમણે ૧૯૩૦ની સ્વાતંત્ર્ય-લડત દરમ્યાન કરેલી. તેમની પ્રથમ કૃતિનું શીર્ષક હતું 'પથ્થર પર પાણીનો ઘોષ'. વિલ્સન કૉલેજના મુખપત્ર 'વિલ્સોનિયન' (૧૯૩૨)માં એ તેમનું પ્રથમ પ્રકાશન. તે પછી લગભગ બે દાયકાની સર્જનપ્રવૃત્તિ બાદ પરિપક્વ થએલા કવિતાફલનો પહેલો સમૂહ 'ધ્વનિ' (કાવ્યસંગ્રહ) અને 'આંદોલન' (ગીતસંગ્રહ) ૧૯૫૧માં પ્રકાશિત થયા. 'શ્રુતિ' નામે ત્રીજો સંગ્રહ બહાર પડવામાં છે. ઉપરાંત 'ગતિમુક્તિ' અને 'સૂરદાસ' નામનાં સાહિત્યગુણે નોંધપાત્ર બે એકાંકી નાટકો તેમજ સાત-આઠ વાર્તાઓ યે લખી છે. તેમનાં સાહિત્ય તથા જીવન પર આનંદમૂલક અને તત્ત્વમૂલક પ્રભાવ પાડનાર પ્રસંગવિશેષો છે તેમનો વનવ્યવસાય, તેમજ 'શ્રેયસ્સાધક અધિકારી વર્ગ'ના શ્રી ઉપેન્દ્રાચાર્યજી તથા પરમ સાધક મુનિશ્રી ત્રિલોકચંદ્ર સૂરિજીનો સંપર્ક.

પોતાની કવિતા જેવા જ સ્નેહ-સભર હૃદયસંપન્ન શ્રી રાજેન્દ્ર શાહ સ્વભાવે અત્યંત સાલસ અને પ્રેમભૂખ્યા છે. પૂર્વ તેમજ પશ્ચિમનાં તત્ત્વજ્ઞાન તથા સાહિત્યના તેઓ અભ્યાસી છે. તેઓ કહે છે: 'મૅટ્રિકમાં હતો ત્યાં સુધી પ્રિય લેખક ન્હાનાલાલ. વાચન પણ એવું જ. પણ 'કુમાર' વાંચતાં પેલી શૈલી 'હવાઇ' લાગી. સુન્દરમ્ શ્રીધરાણીનાં કાવ્યોનું આકર્ષણ, તેમાં યે સૌથી વિશેષ શ્રીધરાણીનાં કાવ્યોનું. છંદ ને શબ્દચયન (diction) બંનેની બાબતમાં એ કાળે એમનાં જ કાવ્યો નજર સમક્ષ રહેતાં. ઇન્ટર આર્ટ્સ પછી બંગાળી વાંચતો થયો. સમજાય ન સમજાય તો ય ટાગોરનાં કાવ્યો મૂળમાં જ વાંચવા (બી. એ.નાં વર્ષ દરમ્યાન) આગ્રહ રાખતો. એ સમજાતાં ગયાં એટલે વાચનમાં વિશેષ રસ આવ્યો. બંગાળીમાં બુદ્ધદેવ વસુ, નઝરુલ ઇસ્લામ અને ત્રૈમાસિક 'કવિતા'ના અંકોનું વાચન રાખતો. આધુનિક અંગ્રેજી કવિતા તરફ ત્યાર બાદ આકર્ષાયો, ને પછી મુંબાઈના વસવાટ દરમ્યાન શ્રી નિરંજન ભગત દ્વારા એનો વિશેષ સંપર્ક રહેતો. અત્યારે પણ સમય મળે તો અંગ્રેજી કાવ્યો જોતો રહું છું; પરંતુ ફરીફરીને ટાગોરને વાંચતાં જે આનંદ-શાંતિ અનુભવું છું એવો તો અનુભવ બીજા કશા વાચનમાં થતો નથી.' પોતાની કવિતાપ્રવૃત્તિને પોષક વ્યક્તિ-સંસ્થાઓમાં તેઓ શ્રી બચુભાઈ રાવત અને 'કુમાર કાર્યાલય'માં દર બુધવારે મળતી કવિઓની 'બુધવાર-બેઠક'ને ગણાવે છે.

'વિશ્વે સર્વત્ર સૌમાં અદીઠ વહી રહ્યો તંતુ શો એકતાનો' જોનાર શ્રી રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં પણ આવો સ્વસ્થ-પ્રસન્ન ભાવ સળંગ

પણ વહી-વણાઈ રહેલો જોવામાં આવે છે. તેમની વર્ણન-શૈલી વન-ગ્રામ-પ્રકૃતિના નિરૂપણમાં સવિશેષ ખીલે છે. ભાવવિકાસની ચરમ કોટિ, હળવા ફૂલ ખોળિયાવાળા ગીત કરતાંજ સાધારણતયા છંદોબદ્ધ રચના જેમ વિશેષ સાધી શકે છે, તેમ શ્રી રાજેન્દ્ર શાહના છંદો તેમનાં ગીતો કરતાં તે વિશેષ પ્રમાણે છે. સળંગ હરિણી છંદમાં લખાએલું તેમનું પાંચ સૉનેટોનું ગુચ્છ 'આયુષ્યના અવશેષે' તો સ્વ. સાક્ષર પ્રો. બલવંતરાય ઠાકોરના મતે 'રેશમના પટ પર સુવર્ણાક્ષરે લખીને કિનખાબથી મઢી સામી ભીંત પર લટકાવવા જેવું', ઉત્કૃષ્ટ કવિતાસિદ્ધિના એક સીમાચિહ્ન સમું છે. છંદ પરની હથોટીમાં તેમણે એક વિશિષ્ટ પ્રૌઢિ સાધી છે, તેમાં યે 'વસંતતિલકા' અને 'હરિણી' એ બે તો તેમના સિદ્ધ અને સફલતમ છંદો છે. તેમની પરંપરિત છંદોરચનાને લયલાલિત્યનું આગવું આકર્ષણ છે. તેમના શબ્દોમાંનાં સંગીત ને લયમંજુલતા જાણે આંખ અને કાન બંનેને સ્પર્શી શકે એટલાં તાદૃશ-મધુર છે. તેમના કોઈ શબ્દમાં કર્ણકટુતા હરગીઝ જોવા નહિ મળે. તેમની અભિવ્યક્તિ ને વ્યંજનાઓ સાહજિક-સ્વાભાવિકરીતે જ પ્રગટે છે.

તેમણે સફળપણે ખેડેલા બાહ્યસ્વરૂપી કાવ્યપ્રકારોમાં સંવાદકબનાં કાવ્યો ગણી શકાય. ગીતમાં તેમણે આણેલી પ્રણયમસ્તી અને આનંદ-રસ-કિલ્લોલ ઉપરાંત, 'એક દિન સામેને તીરે બાંધી તેં બેડલી' જેવાંની રહસ્ય-છાયા તથા 'હરિ તારા ઘટના મંદિરિયામાં બેસણાં હો જી' જેવાંનાં તળપદાં ને સમુચિત ભાવપ્રતીકોમાં આલેખાએલી હૃદયસ્પર્શી તાત્ત્વિકતા ખાસ ઉલ્લેખ માગે છે. તેમનાં પ્રણયકાવ્યોમાં પ્રણયનાં વૈફલ્ય, નિરાશા કે હતાશાને બદલે શ્રી ઉમાશંકરના શબ્દોમાં 'પ્રસન્નતા, મુગ્ધતા, ચારુતા, સહજીવનની રસભરતા, આત્મસંતર્પક સાયુજ્યસિદ્ધિ' જોવા મળે છે. સંસ્કૃત-પ્રચુરતા એ તેમની ભાષાનું આગળપડતું લક્ષણ છે. ગ્રામ્ય વર્ણનમાં પણ ઘણી વાર એ અછતી રહેતી નથી, જેનું કારણ તેમનો મનસ્વી સંસ્કૃત-આગ્રહ નહિ પણ તેમની ઘડાએલી બહુશ્રુત શિષ્ટતા છે. તેમના કવિતાવિષયને વિશ્વયુદ્ધ, અણુ-બૉમ્બ, અસહકાર, સ્વાતંત્ર્ય આદિ સામયિક નાનીમોટી ઘટનાઓ બહુ ઓછી સ્પર્શી છે. કાલપ્રવાહથી અળગા રહી નિજમસ્તીમાં જ તેમણે કાવ્યસર્જન કર્યું હોય એવું લાગી જાય છે.

શબ્દ, લય, કલ્પના, અભિવ્યક્તિ, ભાવ, વ્યંજના આદિનું પ્રસન્ન-મંજુલ માધુર્ય ને સૌંદર્ય તેમની કવિતાને શબ્દેશબ્દે પ્રકટ થાય છે, જેની સુષમાની ભીતર જીવનની ફિલસૂફીના અદ્ભુત શી પ્રસન્નતા-સભરતા-એકતા—સુષુમ્ણાનો તાર, ભાવક હૃદય સાંભળ્યા-અનુભવ્યા વગર રહેતું નથી.


—રતિલાલ યોગી

સૂર્યપ્રકાશથી ચાલતું ઘડિયાળ

અમેરિકાની જનરલ ટાઇમ કૉર્પોરેશને સૂર્યપ્રકાશથી ચાલતું એક 'સૂર્ય ઘડિયાળ' બનાવ્યું છે, જેને કદી ચાવી જ આપવી પડતી નથી! એમાં સિલિકોનની કોઠીઓ હોય છે, તે ઉપર પ્રકાશ પડે છે ત્યારે તે વીજળી ઉત્પન્ન કરે છે. એ વીજળી એક વિદ્યુત્સંગ્રહ કરતી કોઠીમાં ભરાય છે, અને તે ઘડિયાળનાં યંત્રોને ચલાવે છે. એક દિવસ જેટલો સૂર્યપ્રકાશ એક મહિના સુધી ચાલે છે અને, વિદ્યુત્સંગ્રાહક કોઠીમાં તો એટલી વીજળી સંઘરી શકાય છે કે તે એક વર્ષ સુધી વગર પ્રકાશે ઘડિયાળને ચાલુ રાખી શકે. અંધારામાં રાખવાથી જ્યારે ઘડિયાળ અટકી જાય ત્યારે તેને અજવાળામાં લાવવાથી તે ફરી ચાલુ થઇ જશે.

ભાલની ખારી જમીનની સુધારણા

અમદાવાદ જિલ્લાની હદમાં જ આવેલા ભાલ પ્રદેશની ખારાશ-વાળી જમીનને સ્વાસ્થ્ય બક્ષવા નેધરલૅંડની સરકાર ૧૦ લાખ રૂપિયા આપવાની છે. આજે ભાલ-નળકાંઠાની જે જમીન છે ત્યાં એક કાળે દરિયો હતો. ધરતીકંપને કારણે દરિયો ખસી ગયો અને જમીન આવી. પરંતુ આ જમીન દરિયાના પેટાળમાંથી આવેલી હોવાથી ખારાશ-વાળી છે. ત્યાંથી પાણી પણ એવું જ નીકળે છે. હોલૅન્ડની સરકારને પણ આવો જ પ્રશ્ન સતાવતો હતો. તેમણે વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા આવી ખારાશ કાઢી નાંખી જમીનનો ઉપયોગ કર્યો છે અને ભારતને એ જ રીતે પ્રયોગ કરવા માટે એમણે સહાય કરી છે. આ સહાય ગુજરાતને આંગણે આવી છે, તે એનું સદ્ભાગ્ય. ભાલ વિસ્તાર માટે તો એ આશીર્વાદ રૂપ જ થવાની છે.



અણુગૃહ-ધી ઍટમિયમ

આવતા એપ્રિલની ૧૭મી તારીખે બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સની નજીકમાં એક અખિલ જગત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન ખુલ્લું મુકાવાનું છે. લગભગ ૫૦૦ એકર જેટલા વિશાળ વિસ્તારમાં તે પથરાવાનું હોઈ, આજનાં આવાં પ્રદર્શનોમાં એ મોટામાં મોટું પ્રદર્શન હશે. લગભગ ૫૦ રાષ્ટ્રો એ પ્રદર્શનમાં ભાગ લેશે. પરંતુ એ પ્રદર્શનના વિશાળ મંડપોને પણ વામણા બનાવતું એક અજબ બાંધકામ એમાં થવાનું છે, જે આ અણુયુગના વિજ્ઞાનીઓની સિદ્ધિનું દ્યોતક હશે. એનું નામ છે 'ઍટમિયમ'. તેમાં પોલાદના અણુ કરતાં ૨,૦૦,૦૦૦ ગણું મોટું બાંધકામ પોલાદના અણુના બંધારણના આકારે જ રચાશે. પોલાદના અણુના બંધારણ રૂપ એમાં પણ ૯ પોલાદી ગોળાઓ મુકાશે, જે દરેક ગોળાનો વ્યાસ ૬૦ ફૂટ જેટલો રહેશે તથા અંદરથી પોલો હોઈ એ દરેક ગોળાની અંદર આજના વિજ્ઞાનની અનેક સિદ્ધિઓ પ્રદર્શિત કરાશે. સૌથી ઉપરના ગોળામાં એક આરામદાયી રેસ્ટોરાંની વ્યવસ્થા થશે. એ ગોળામાં સીધા પહોંચવા માટેની લિફ્ટ ભોંયતળિયેથી છેક ઉપર ફક્ત ૨૫ સેકંડમાં જ પહોંચાડી દેશે. આ ઉપરાંત, બાકીના ગોળાઓમાં જવા આવવા માટે એસ્કેલેટર—આપમેળે ચાલતી યાંત્રિક સીડીઓ—ની વ્યવસ્થા થશે. આખા બાંધકામની કુલ ઊંચાઇ ૩૬૦ ફૂટની થવાનો અંદાજ છે. સમગ્ર પ્રદર્શનનું એક અનેરું આકર્ષણ રહેવા ઉપરાંત આ 'ઍટમિયમ' આજના અણુયુગનું પ્રતિનિધિ બની આધુનિક વિજ્ઞાનની સિદ્ધિઓનું પણ એક અનોખું દૃષ્ટાંત પૂરું પાડશે.

સાબુચોખા

સાબુદાણા ગુજરાતમાં માંદા માણસના ખોરાક તરીકે ઠીકઠીક વપરાય છે. ઉપરાંત સાબુચોખાની કાંજી, ફરાળ તરીકે સાબુચોખાની પાપડી, વડી વગેરે પણ બનાવાય છે. સાબુચોખાની કાંજી હલકી અને પૌષ્ટિક તથા સ્ટાર્ચવાળી હોવાથી ઉપવાસમાં શક્તિ આપનાર છે.

સાબુચોખા એક જાતના તાડના થડના ગાભામાંથી બનાવવામાં આવે છે. ઈસ્ટ ઇન્ડિયન દ્વીપસમૂહમાં આ તાડ ખૂબ થાય છે. એ ત્રીસેક ફૂટ ઊંચો થાય છે અને ૧૫ વર્ષની ઉંમરનો થાય એટલે સાબુદાણા માટે લાયક ગણાય છે, તેના ગાભાને બરાબર ધોઇને સાફ કરવામાં આવે છે અને પછી એનો મેંદો બનાવી પાણીના ટબમાં નાખીને જાડા કપડાથી ગાળી લઈ રેષા વગેરે બીલકુલ ન જણાય તે પછી પાણીમાં પલાળીને સાબુદાણા બનાવવામાં આવે છે. ત્યાંના સ્થાનિક લોકો એ મેંદાનાં બિસ્કિટો બનાવીને ખાય છે. જે માલ બહાર ચડાવવામાં આવે છે તે સાગો, પર્લ સાગો કે મીલ સાગો તરીકે ઓળખાય છે. જાર્નિયોથી તેનો મોટો ભાગ દુનિયાનાં બજારોમાં જાય છે.

હિંદ અને લંકામાં સાબુચોખા બને છે તે મુખ્યત્વે ભૈરવ-જટા કે શંકર-જટા નામે તાડમાંથી, જેનાં ફળ અર્ધી સોપારી જેવાં થાય છે. એમાંથી મજબૂત રેષાઓ બનાવવામાં આવે છે તે એટલા તો મજબૂત હોય છે કે હાથીને બાંધવામાં ને સ્ટીમરો લાંગરવામાં વપરાય છે. બ્રશો ને સાવરણામાં મુખ્યત્વે આ જ વપરાય છે. એની તાડી ખૂબ મીઠી થાય છે. એમાંથી સરસ ગોળ બને છે, જે લંકામાં ખૂબ જ ખવાય છે. એના થડની વચમાં નરમ માવો હોય છે એમાંથી જ સાબુચોખા બને છે અને અર્ધી સોપારી જેવાં એનાં ફળોમાંથી બટન બને છે. સાબુચોખા સૌ કોઇને માફક આવે છે. તે રુચિપ્રદ પચવામાં અત્યંત હલકા તથા વાત, પિત્ત, કફ ત્રણે ય દોષોમાં ઉપયોગી છે, કોઈ પણ રોગમાં સાબુચોખા વાપરી શકાય છે. આવા સાબુચોખાને હિંદ આણવાનું શ્રેય અંગ્રેજોને છે. (ભિષગ્ભારતી)

૧૮૫૭ અને સાંસ્કૃતિક ગુજરાત

ભારતમાં ૧૮૫૭માં વિપ્લવ થયો તે ઉપરાંત એ સાલ ગુજરાત સાથે સાહિત્ય, કેળવણી, સુધરાઇ આદિ દૃષ્ટિએ પણ સંકળાએલી છે.

૧૮૫૭ની એ સાલમાં જ ગુજરાતી સ્ત્રીઓનું પહેલું માસિક 'સ્ત્રી-બોધ' મુંબાઈમાંથી નીકળ્યું, જે તેના તંત્રી કેખુશરો કાબરાજીનાં પુત્રી પુતળીબાઇએ પણ વરસો સુધી ચલાવ્યું. મુંબાઈ, મદ્રાસ ને કલકત્તા વિદ્યાપીઠોનો જન્મ પણ એ જ વર્ષમા.

સૂરતમાં એ એક જ વર્ષમાં ત્રણ કેળવણીકારો ને સાહિત્યકારો જન્મ્યા: એક શ્રી છગનલાલ મોદી, જે વડોદરા રાજ્યના કેળવણી ખાતાના વડા થયા ને એમણે પુસ્તકો પણ લખ્યાં. 'સાડીના સાહિત્યનું દિગ્દર્શન' જેવું અણમોલ પુસ્તક લખનાર શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરીનો જન્મ પણ એ જ વર્ષમાં, ને સમર્થ વૈયાકરણી ને સંસ્કૃત-પંડિત કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી પણ એ જ સાલમાં સૂરતમાં જન્મ્યા હતા. સૂરતમાં ૧૮૫૭થી પહેલવહેલા તાર આવવા-જવા માંડ્યા ને ૧૮૫૭ની સાલમાં જ કવિ નર્મદ કૃત 'પિંગળશાસ્ત્ર' રચાયું. એ જ વર્ષમાં અમદાવાદમાં ગુજરાતી પ્રાથમિક શિક્ષકોની તાલીમ માટે ટ્રેનિંગ કૉલેજ શરૂ થઈ અને નડિયાદની સુધરાઈ સ્થપાઈ. કચ્છમાં ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્મા પણ એ જ સાલમાં જન્મ્યા.—વલ્લભદાસ અક્કડ

વિકસતું વિજ્ઞાન

વિજ્ઞાનીઓ વૃક્ષની છાલને જમીન-બંધારણ માટે અત્યંત અસરકારક પદાર્થમાં પલટાવી રહ્યા છે. અત્યારે લાકડાંનાં કારખાનાંઓમાં બાળી નાખવામાં કે ફેંકી દેવામાં આવતા એ પદાર્થનો ઉપયોગ થઇ

શકશે. આ પદાર્થ જમીન સુધારે છે અને વનસ્પતિનો વિકાસ ઝડપી બનાવે છે. તે જમીનને ઢીલી પાડે છે, તેની ભેજ ચૂસવાની શક્તિ વધારે છે અને ખાતરના પાયા તરીકે કામ કરે છે.

ટ્રેન પસાર થતી હોય ત્યારે ફાટક આગળ ફરજિયાતપણે થોભવું પડે છે ત્યારે કેવો કંટાળો આવે છે! પરંતુ હવે લખનૌના રેલવે ટેસ્ટિંગ અને રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટમાં એવા દરવાજાની રચના કરવામાં આવી છે કે જે, ટ્રેન અમુક અંતરે રહે એટલે આપમેળે જ બંધ થાય કે ઊઘડે. દરવાજો બંધ થતાં પહેલાં થોડી વાર અગાઉથી ઘંટડી વાગે છે ને લાલ બત્તી થાય છે, જેથી લોકોને આવતી ટ્રેનની ચેતવણી મળે. આવા સ્વયંસંચાલિત દરવાજાનો પ્રાયોગિક ઉપયોગ અત્યારે થઇ રહ્યો છે.

બ્રિટન લગભગ ૪૮,૦૦૦ ગૅલન સુધી પાણી કે બીજા પ્રવાહીઓ ભરી શકાય એવી, ફાઇબર ગ્લાસની મોટી ટાંકીઓ બનાવવાનું છે. ફાઇબર ગ્લાસ ખવાઇ જતો ન હોવાથી તેના પર રંગનું રક્ષણાત્મક પડ લગાડવાની જરૂર પડતી નથી, અને ખૂબ જલદ તેજાબો પણ તેમાં ભરી શકાય છે. વળી ફાઇબર ગ્લાસ વજનમાં હલકો હોવાથી ટાંકીઓને ગમે ત્યાં સરળતાથી હેરવી ફેરવી શકાશે.

અમેરિકાનું લશ્કર ખાતું એક નવા ખટારાની કસોટી કરી રહ્યું છે, જે પાણીમાં ચાલે, રેતીના ઢગલા પર ચડે, જાતે જ ખાડામાંથી બહાર ખેંચાઈ આવે, ત્રાંસો પણ ચાલી શકે અને કલાકે ૨૫ માઈલના વેગે પાછો પણ દોડી શકે!

દીવાસળી કરતાં પણ નાનું એક્સ-રે યંત્ર બનાવાયું છે. આ સાધન ડૉક્ટર પોતાની પેટીમાં બક્કે લઇ જઇ શકે, જેથી ભાંગેલાં હાડકાંની તપાસ ત્યાં ને ત્યાં થઈ શકે.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

દિનવિશેષ

તા. ૩ મહારાષ્ટ્રના સ્વરાજ્યની આર્થિક સધ્ધરતા માટે શિવાજીએ સુરત લૂંટ્યું, ૧૬૭૦.
તા. ૪ ચિત્રકળામાં છાયા-પ્રકાશના કીમિયાગર ડચ કલાકાર રેમ્બ્રાંનું અવસાન, ૧૬૬૯.
તા. ૮ વેદાન્તજ્ઞાનનો સંદેશો દેશવિદેશમાં ગજાવનાર સ્વામી રામતીર્થનો જન્મ, ૧૮૭૩.
તા. ૧૧ વરાળયંત્રથી ચાલતી 'સ્ટીમર' ન્યૂ યૉર્ક ને હૉબોકેન વચ્ચે પહેલીવાર દોડી, ૧૮૧૧.
તા. ૧૪ ફ્લૉરેન્સ નાઇટિંગેલે યુદ્ધમાં ઘવાએલાઓને શુશ્રૂષા આપવી શરૂ કરી, ૧૮૫૪.
તા. ૨૦ વૉરન હેસ્ટિંગ્સે હિંદના પ્રથમ ગવર્નર જનરલ તરીકેનો હોદ્દો સંભાળ્યો, ૧૭૭૪.
તા. ૨૧ ગુજરાતમાં વેપાર ચલાવવા બાબત અંગ્રેજોએ પહેલી વાર કોલકરાર કર્યા, ૧૬૧૨.
તા. ૨૮ ભારતના ઉત્કર્ષ માટે રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની ગાંધીજીની જાહેરાત, ૧૯૩૪.
તા. ૨૯ વાસ્કો દ ગામાએ કાલિકટ બંદર જીતી ૮૦૦ માનવીઓની કતલ ચલાવી, ૧૫૦૪.

વ્યક્તિવિશેષ: જૉહ્ન કીટ્સ



કવિતાનાં રંગ અને રૂપ ઉપરાંત સુગંધ પણ જેનાં કાવ્યોમાં સોળે કળાએ પમરેલી અનુભવાય છે એવા, અને સૌંદર્યમાં સંવેદનના આરોપણમાં વિશ્વસાહિત્યમાં અપ્રતિહત પ્રતિભાસંપન્ન અંગ્રેજ કવિ જૉહ્ન કીટ્સનો જન્મ લંડનમાં ઈ. ૧૭૯૫ની ૨૯મી કે ૩૧મી ઑક્ટોબરે ઘોડાના તબેલા સાચવનાર પિતાને ત્યાં થએલો. એન્ફીલ્ડની ખાનગી શાળામાં લૅટિન ભાષાનું યત્કિંચિત જ્ઞાન મેળવી માતાપિતાના અવસાનને લીધે ઈ.૧૮૧૦માં તે એડમન્ટનના એક સર્જન પાસે શિખાઉ તરીકે રહ્યો. ૧૮૧૬માં તેને વિવેચક ને નિબંધકાર લે હન્ટ સાથે પરિચય થયો, જે સંપર્કમાંની પ્રેરણાએ તેને કવિતા વખતો કરી દીધો. પછી તો ટૉરની ઑસ્પિટલમાં મળેલી ડ્રેસર તરીકેની નોકરી છોડી દઇને કેવળ સાહિત્યસેવાને હવે તેણે પોતાનો અધ્યવસાય માન્યો.

તેનો પહેલો કાવ્યસંગ્રહ ઈ. ૧૮૧૭માં પ્રકટ થયો, જે તરફ કોઈનું યે ધ્યાન ન ગયું. બીજે વર્ષે 'એન્ડિમિયૉન' બહાર પડ્યું, જે બાપડું 'ક્વાર્ટર્લી રિવ્યૂ' ને 'બ્લૅકવુડ્ઝ મૅગેઝિન'ના હિંસક વિવેચનનો ભોગ થઈ પડ્યું. આ ગાળામાં તેણે 'ઇસાબેલા' આરંભી દીધું હતું. ૧૮૨૦માં 'હાઇપીરિયૉન ઍન્ડ અધર પોએમ્સ' બહાર પાડ્યું. 'ઓડ્ઝ ટુ ઑટમ', 'ટુ એ નાઇટિંગેલ', 'ઑન એ ગ્રીશ્યન અર્ન', 'લા બેલ દામ સૅન્સ મેર્સિ' જેવી તેની કીર્તિદા કૃતિઓનો તેમાં સમાવેશ થતો હતો.


'લામિયા ઍન્ડ અધર પોએમ્સ' નામે તેનો છેલ્લો કાવ્યસંગ્રહ પ્રકટ થયો એ ૧૮૨૦ના વર્ષમાં ફૅની બ્રાઉન સાથેના પ્રેમની નિષ્ફળતાએ તથા ક્ષયના ગંભીર હુમલાએ તેની નાજુક તબિયતને કપરો આઘાત કર્યો.

એ જ વર્ષે તેણે ઇંગ્લંડ છોડ્યું. ૧૮૨૦ના સપ્ટેમ્બરમાં તે ઇટાલી તરફ હંકારી ગયો, જ્યાં બીજે વર્ષે રોમ ખાતે ઈ. ૧૮૨૧ની ૨૩મી નવેમ્બરે, ૨૫ વર્ષની કોમળ વયે, તે આ પાર્થિવ જગતને છોડી ગયો. તેના કાવ્યવિકાસની યથાર્થ ઝાંખી ઈ. ૧૮૪૮માં પ્રકટ થએલા તેના પત્રોમાં થઈ રહે છે.

પ્રસંગવિશેષ: નેપોલિયને પ્રશિયાને સજ્જડ હાર આપી, ૧૪મી ઑક્ટોબર ૧૮૦૬

ગયા અંકમાં જેનો પરિચય આપેલો તે અંગ્રેજ નૌસેનાની નેલ્સન સાથેની લડાઇઓને કારણે ઓગણીસમી સદીના પ્રારંભમાં નેપોલિયન સાગર-પ્રભુત્વ ગુમાવવા લાગ્યો હતો, પરંતુ ખંડ પરની તેની સત્તા અક્ષત રહેલી. આ સત્તાને એક અણધાર્યા ખૂણામાંથી પડકાર મળ્યો. પોતાની સરકારની ઢીલી નીતિને ધિક્કારતો એક યુદ્ધપક્ષ પ્રશિયામાં હતો. રાજા ફ્રેડરિક વિલિયમ ત્રીજો જાગૃત પણ કાયર અને પ્રધાનના હાથનું રમકડું હતો. તેથી પ્રશિયા-જર્મની નેપોલિયનને તાબે ન જ થવા દેવાં જોઈએ, એવા ત્વરિત ખયાલે પ્રશિયાના ઉચ્ચ રાજકીય વર્ગ તથા યુદ્ધપક્ષને એક કર્યા અને નેપોલિયન સામે યુદ્ધ પોકારાયું. પણ 'જેના' અને 'ઑસ્ટરલિટ્ઝ' મુકામે ખેલાએલા બંને સંગ્રામોમાં ઈ. ૧૮૦૬ની ૧૪મી ઑક્ટોબરે-એક જ દિવસમાં નેપોલિયને પ્રશિયન સૈન્યને હતું ન હતું કરી નાખ્યું! પંદરમે દિવસે તો પ્રશિયાને એડી તળે દાબી નેપોલિયને જર્મનીનો કબજો લીધો અને ત્યાં ખાસ હુકમનામાં કાઢી મજબૂત સત્તાદંડ જમાવી દીધો. પ્રશિયાની આ હારે નેપોલિયનને માટે જર્મનીનો કાબૂ સહેલો કરી દીધો અને બ્રિટન સામેની તેની જાણીતી 'નાકાબંધી' હવે સુગમ થઈ.

લવીંગિયાની લૂમ



સ્ટેશનના લાઉડ સ્પીકર પરથી રેલવેની ભાવિ પ્રગતિના સમાચાર: 'ભવિષ્યમાં આ ગાડીમાં નાહવાના બાથરૂમ હશે, વાંચવા માટે ગ્રંથાલય હશે, ફરવા માટે અગાશી હશે, આખી યે ટ્રેન ઍર-કન્ડિશન્ડ હશે...પણ આજે જરા રોજ કરતાં ગાડી અરધો કલાક મોડી ઊપડશે!!'

'તારા જેવો છોકરો જૂઠું બોલે છે એ જોઈ મને નવાઈ લાગે છે. તને ખબર છે કે જૂઠું બોલનારાઓ મોટા થઈ શું કરે છે?'
'હા, સેલ્સમેન બને છે.'

'તમે કંઈ કામ શોધો છો?'
'ના, ના, એની ખાસ જરૂર નથી, મારે તો ફક્ત નોકરી જોઇએ છે.'


'હું બહુ દિલગીર છું.' લૉજમાં જમી લીધા પછી એક માણસે કૅશિયરને કહ્યું, 'કે મેં જે કંઈ ખાધું તેના પૈસા હું ચૂકવી શકતો નથી.'
'કંઈ વાંધો નહિ;' કૅશિયરે કહ્યું, 'અમે તમારું નામ આ નોટિસ બૉર્ડ પર લખી રાખીશું. ફરી તમે જમવા આવો ત્યારે પૈસા આપી જજો.'
'ના, ના, એમ કરશો તો તો અહીં આવતા-જતા સૌ એ વાંચશે.'
'ના રે, વાંચશે ક્યાંથી? અમે એના પર તમારો આ કોટ લટકાવી રાખીશું ને?'

'સાંભળ્યું છે કે આપનો પુત્ર લેખક બન્યો છે. શું એ પૈસા માટે જ લખે છે?'
'હા, તેના દરેક પત્રમાં એની જ માગણી હોય છે.'





તારા : બૌદ્ધ ધર્મના ઉદારમતવાદી ને કલ્પનાશીલ મહાયાન સંપ્રદાયના ઉગમની સાથે તેનું કથાસાહિત્ય પણ સમૃદ્ધ થતું ચાલ્યું અને તદનુસાર કલાકારોને પણ સર્જન-સૌંદર્યના છૂટા દોર મળી ગયા. ભગવાન બુદ્ધને દેવાધિદેવ તરીકે સ્થાપી તેના અનુસંધાનમાં જે અનેક દેવદેવીઓની કલ્પના કરવામાં આવી તેમાં દેવી તારાનું સ્થાન, ખ્રિસ્ત સંપ્રદાયમાં જેવું મૅડોનાનું તેવું પૂજ્ય ને વિશિષ્ટ છે. ભારત કરતાં તિબેટ અને નેપાલમાં જ મુખ્યત્વે તેની શિલ્પ તથા ધાતુમૂર્તિઓ મળી આવે છે. થોડા માસ પર ૨૫૦૦મી બુદ્ધ જયંતી દરમ્યાન બૌદ્ધ કલાનું જે ૧૬૦૦ નમૂનાઓનું મહાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું તેમાં રજૂ થએલી તારાની નાનાવિધ મૂર્તિઓ પરથી એશિયાના સર્વ દેશોમાં તેનો કેવો વિન્યાસ થયો હતો તેનો તુલનાત્મક અભ્યાસ મળી રહેતો હતો. આ ઉપર એવી ત્રણ મૂર્તિઓ આપવામાં આવી છે: ડાબી તરફની પહેલી મૂર્તિ ગયા પાસેથી મળેલી ૧૧મી સદીની 'ખદીરવાની' તારાની છે; વચલી નેપાળમાંથી મળેલી ૧૬-૧૭મી સદીની (દીવાન ચમનલાલના સંગ્રહમાંની) ધાતુમૂર્તિ છે, અને છેલ્લે કાશીના ભારત-કલા-ભવનમાંની, ૧૮મી સદીની નેપાળની ધાતુમૂર્તિ છે. ℂ એ માતૃમૂર્તિ તારાના 'શ્વેત તારા', 'હરિત (લીલી) તારા' એવા પ્રકારો છે. એને વિષે એવી કથા છે કે તિબેટનો પ્રથમ રાજા—જેણે એ પ્રજાનું ઘડતર કર્યું તે-રાજા સ્રોંગ-ર્સાન્ગામ્પોએ ઈ. ૬૩૦માં એક નેપાળી રાજકુમારી જોડે લગ્ન કરેલું. તે પોતાની સાથે પોતાના દેવો અને ધર્માચાર્યો લાવેલી અને અંતે પોતાના પતિનું ધર્મપરિવર્તન કરાવેલું. તેના મરણ પછી તિબેટન દેવમૂર્તિઓમાં તેને 'હરિત તારા' તરીકે સ્થાન આપવામાં આવ્યું. એ જ રીતે એ રાજાને પરણેલી ચીની રાજકુમારીને 'શ્વેત તારા' તરીકે સ્થાપવામાં આવી, કેમકે તે અત્યંત ગોર વર્ણની હતી. શ્વેત તારાને ઓળખવાનું પ્રતીક એ કે તેના બંને ખભાઓ આગળથી બે પૂર્ણવિકસિત કમળો નીકળતાં દર્શાવવામાં આવે છે. એ દૃષ્ટિએ, ઉપરનાં ચિત્રોમાં વચલી મૂર્તિ 'શ્વેત તારા'ની છે. 'હરિત તારા' મોટે ભાગે એક કમળવાળી અને 'અર્ધપર્યંક આસને' બેઠેલી બતાવાય છે, જેમાં જમણો પગ 'પદ્માસન'માંથી સહેજ ખસીને આગળ આવેલો હોય છે. ડાબી બાજુની મૂર્તિ 'હરિત તારા'ની જણાય છે, જોકે ખરું 'અર્ધપર્યંક આસન' તો વચલી મૂર્તિનું છે. પહેલી બંને મૂર્તિઓમાં ડાબા હાથની પ્રવચનમુદ્રા અને છેલ્લી મૂર્તિમાં જમણા હાથની વરદમુદ્રા ધ્યાન ખેંચે છે.









ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

વિવરણ માટે જુઓ પૃષ્ઠ ૫૦૦

ડાબી બાજુથી મથાળેથી: 'અપત્યવાત્સલ્ય'—કે. એન. મલ્લી, અમદાવાદ (પહેલું ઇનામ); નીચે: 'સવારની સહેલ'—જે. પી. સોની, મુંબાઈ (બીજું ઇનામ); વચ્ચે મથાળે: 'શિકારની શોધ'—ઉષાકાંત મહેતા, ભાવનગર (ત્રીજું ઇનામ); નીચે: 'સાગરકાંઠે'—એસ. એન. ગજ્જર, વેરાવળ (ચોથું ઇનામ); જમણી બાજુ મથાળેથી: નોંધપાત્ર (૧) 'દેવી'—રમેશ શાહ, મુંબાઈ; (૨) 'સૂંઢલો ને સંસાર'—રામજીભાઈ રાતડિયા, અમદાવાદ; (૩) 'ભરવાડ'—જે. પી. સોની, મુંબાઈ.

સહજ મિલે સો દુધ સમ, માંગ લિયા સો પાની;
કહ કબીર વહ રક્ત સમ, જામેં ખેંચાતાની.


વાડીમાં કામ કરતા સંત ઇબ્રાહીમના શેઠે એક દિવસ થોડા મિત્ર સાથે વાડીએ આવીને મીઠાંમીઠાં ફળ તોડી લાવવા કહ્યું. ઇબ્રાહિમે સારાં સારાં ફળ ચૂંટી લાવી શેઠને ધર્યાં, પણ તે ખાટાં નીકળ્યાં. ચિડાઇને શેઠે કહ્યું 'ક્યાં ઝાડ પર મીઠાં ફળ થાય છે એની યે તને ખબર નથી?' નમ્રતાથી ઈબ્રાહીમ બોલ્યા 'કોઈ પણ ઝાડમાંથી એકે ફળ મેં હજી લગી ચાખ્યું નથી. એમ કરું તો રખેવાળીનો મારો ધર્મ ચૂકું.'

કહેવતોના અર્થ: 'આંબે મોર ને કલાલે લેખું'-અડસટ્ટિયા હિસાબો કરવાની કે અદ્ધર ગણત્રીઓ કરવાની ટેવ વિષે ઉપાલંભ કરતી આ કહેવતનો શબ્દાર્થમાં તેનો બોધ છે કે આંબા ઉપર પુષ્કળ મોર બેઠા છતાં તે પરથી ઊતરનારી કેરીનો ભરોસાપાત્ર અંદાજ કાઢવો અશક્ય છે, કેમકે વાવાઝોડા કે માવઠાથી પુષ્કળ મોર ખરી જાય છે; એ જ રીતે દારૂ વેચનાર દલાલના હિસાબો પણ વિશ્વાસપાત્ર ન હોય. કેમકે પીનારને ખાસ ભાન નથી રહેતું કે પોતે કેટલો દારૂ પીધો. આ જ રીતે નિશ્ચિત ગણતરી વિનાનો ઉદ્યમ નિરર્થક જાય છે. એ આખી કહેવત આ પ્રમાણે છે; 'આંબે મોર ને કલાલે લેખું, જતે દહાડે ફૈ ન દેખું.'

અનેકાર્થી શબ્દ: **વગ**=ઓળખનો સંબંધ; જગ્યા; સગવડ; તરફેણ; લાગ કે અનુકૂળ સમય; સત્તા કે ટેકો; વજન અને ગતિનો ગુણાકાર; બકરાંનું ટોળું-વાઘ.


૧×૯૧=૦૯૧
૨×૯૧=૧૮૨
૩× ,, =૨૭૩
૪× ,, =૩૬૪
૫× ,, =૪૫૫
૬× ,, =૫૪૬
૭× ,, =૬૩૭
૮× ,, =૭૨૮
૯× ,, =૮૧૯

ઉપર, જમણી તરફની જવાબોની રકમોની જે ઊભી ત્રણ હાર થઈ, તેમાં પહેલી હારને મથાળેથી ઓળબંધ વાંચતા આવવાથી ૦થી શરૂ થઇને ૯ સુધી, પછી એનાથી ઊલટા ક્રમમાં, અને વળી ફરીથી સુલટા ક્રમમાં આંકડાઓનો નિયમબદ્ધ આરોહઅવરોહ જણાશે.
(નરેન્દ્ર દવે)



અંગ્રેજી મૂળાક્ષરનો સાતમો અક્ષર 'જી' ઇજિપ્તની ચિત્રલિપિમાંથી જે તબક્કાઓમાં વિકસતો આવ્યો તે ઉપલી તકતીમાં (અનુક્રમે હાએરોગ્લિફ, હાએરેટિક, ફીનિશિયન, જૂની ગ્રીક, પ્રાચીન રોમન તથા આજની લિપિમાં) આપ્યા છે. નીચેની તકતીમાં તેના કૅપિટલ તથા નાના અક્ષરનાં લેખનસ્વરૂપ જે ક્રમમાં વિકસ્યાં તે બતાવ્યાં છે: હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લોસેકસન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક.


જૂના કડક થઈ ગએલા રબર ઉપર ગ્લિસરીન બહુ સારી અસર કરશે. મોટરના હૉર્નનો રબરનો ગોળો જો ચવડ થઈ ગયો હોય તો તેમાં ગ્લિસરીન ભરીને અઠવાડિયું લટકાવી રાખશો તો ફરી કૂણો ને મુલાયમ બની જશે.



પોપટ જીભેથી કદી બોલતો નથી; કંઠમાંથી જ અવાજ કાઢે છે.

ઘડિયાળની ચાવીને કે ફાઉન્ટન પેન યા પેચવાળી શીશી વગેરેના આંટાને છેક અંત સુધી સખત ભીડતા નહિ. એથી કમાન તથા પેચ ખરાબ થઈ જાય છે.

દેવતાના ડામ કે દાઝેલા ભાગ પર તરત જ કુંવાર-પાઠાનો ચીકણો રસ લગાડવાથી ઠંડક વળશે ને રૂઝ આવશે.



કલાકણિકા: નાઈજીરિયા(આફ્રિકા)ના આદિવાસીઓનું માટીનું આ શોભનમંડિત ઘર જોતાં પ્રતીતિ થાય કે શિવ અને સુંદરને ઝંખતી માનવની ઊર્મિઓ સર્વદા, સર્વ સ્થળે એકસરખી છે.